
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

ભારતીય કલા-સંસ્કૃતિની પુનઃ પ્રતિષ્ઠા કરનાર ડૉ. આનંદ કુમારસ્વામી



આ માસમાં જેમની જન્મ-શતાબ્દી આવે છે.

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત

વર્ષ ચોપનમું · અંક આઠમો · ઑગસ્ટ · ઈસ્વી સન ઓગણીસ સો સિત્યોતેર · સળંગ અંક ૬૪૪



પોરો
ચિત્રકાર • કનૈયાલાલ યાદવ
(જુઓ આ અંકમાં 'કલાવાર્તા')

વિધવિધ શૈલીએ ચિત્રસર્જન કરવાની પ્રયોગશીલતા એ કનૈયાલાલ યાદવની એક આગવી લાક્ષણિકતા છે. નિર્જન વગડામાં ઢળતી સાંજે પોરો—થાક ખાવા બેસી ગએલી ગ્રામનારીના આ નિરૂપણમાં એમણે રંગ અને રેખા બંનેનો અજબ સુમેળ સાધ્યો છે. એક તરફ એમણે સ્ત્રી પાત્રનાં કપડાં અને અલંકારોને ઝીણવટથી આલેખ્યાં છે તો એની પડછે પશ્ચાદ્ભૂ માટેની થોડી શી જગ્યામાં પણ એમણે માત્ર ગણતરીની જ રેખાઓ વડે ખુલ્લા વગડાના મોટા પટને ઊંડાણભરી સચોટતાથી દર્શાવ્યો છે. રંગ પણ એમણે માત્ર અમુક ભાગમાં જ ભર્યા છે, અને તે યે મોટે ભાગે મેલડા—ભૂખરા (ગ્રે) છે; પણ એની વચ્ચે સ્ત્રીના ઓઢણાની કોર અને એના કબજાની ભાતીગળ રતાશ સમગ્ર ચિત્રને રંગભર્યું બનાવી દે છે. કલાદૃષ્ટિ અને કલાકૌશલ બંનેનું આ દ્યોતક છે.

કુમાર આગસ્ટ ૧૯૭૭ · અંક ૬૪૪

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

કાળકથા / ભગવતીકુમાર શર્મા

ગ્રીષ્મ મધ્યાહ્ને ગળતેશ્વર

• વસંત-મૃદંગ સૉનેટ •

ઝંઝાથપાટ સમ કાળપ્રહાર ઝીલી
ઊભું શિવાલય ઘવાયલ યોધ જેવું.
નૃત્યાંગના, મિથુનશિલ્પ, મૃદંગપાણિ,
અશ્વો, રથો, અનુચરો અવ દ્વારપાળો;
પાષાણમાં હૂબહૂ અંકિત વિશ્વ પૂરું...
ખંડેર સર્વ — શમણું ઢગલો થએલું.
ઝાંખી ઝીણી પ્રકટતી શગ આરતીની;
પૂજારી યે–કણસતો પડ્યો વીતેલો.
તૂટેલ આ પગથિયાં, નદી–ભેખડો યે
પ્રાગૈતિહાસ–પશુનાં અહ અસ્થિ પિંજર!
લૂટાયલા પથિક શાં તરુ, રેત ઊની
લૂની પથારી; પગલાં સમયે ભરેલાં.
સંહારદેવ શિવ કેવળ મૂક શ્રોતા
આ કાળને મુખ કથેલ વ્યથાકથાના!

હું ય તરણું / ભાનુપ્રસાદ પંડ્યા

શિખરિણી • સૉનેટ

કશી બેચેનીનું વજન લઈ લેટું, સમય ત્યાં
ખસે જંતુ જેવું પગ નિજ કપાયા પછી જરા.
પથારી ના, આ તો પડખું બદલું તેની વચમાં
વધંતા ઊંકારા–શ્વસન દૃયનું આસન વટું!

સરી વાર્તાપોથી ઘડીકમહીં આજાર કરથી–
બિડાયું બે પૂઠાં ભીતરવસ્યું એ વિશ્વ સહસા.
થતું: ખૂંચી રૂહેતા પડી સમીપ પાષાણકટકા
સમા જો આ મારા કર પણ લિયે કોઈ ઊંચકી!

તહીં બારીમાંથી ચકલી ધસી–ફેંકેલ ફૂલશી!
બિછાનાપે ઊડી તરણું લીલું 'કો' ફેંકતી ગઈ.
લઈ સ્પર્શું-સૂંઘું-લીસી ખટમીઠી સીમ સઘળી
ધસી આવી પાસે, કિચૂડરવ-શી વાંસળી સુણું!

બધું આજુબાજુ લહલહી રહે લીલવરણું
અને ફેરો ફેરો ફરફરી રહું—હું ય તરણું!

...ધર્મ અહીં એક જ બધા માટે

જલન માતરી

- ગઝલ -

દવા માટે કોઈ વલખે છે તો કોઈ દૂઆ માટે,
કરે છે ધમપછાડા લોક, જીવન જીવવા માટે.

વખત પર ના ફળી જ્યારે દૂઆ તો મર્મ સમજાયો
કે બાજુમાંથી ઊડયા'તા ઘણા હાથો દૂઆ માટે.

છતાં અફસોસ કે ખુદ માનવી ફેંકાય દોઝખમાં
નહીંતર સ્વર્ગ કાં સર્જ્યું છે તેં તારા ભલા માટે?

કોઈનો એબ જોવામાં ન ખર્ચો નૂર આંખોનું
કે એણે આંખ દીધી છે તો સારું દેખવા માટે.

બધા ઝગડાની જડ પણ તું જ, જિમ્મેદાર તું ઈશ્વર,
તું ધારત તો ન હોતે ધર્મ અહીં એક જ બધા માટે?

છે એનો સ્પષ્ટ મતલબ કે ખુદા ખુદ મૂડીવાદી છે
મુકદ્દર એકસરખાં હોત ના નહીંતર બધા માટે?

હકૂમતના જ હાથોમાં જો હોતે જલ, હવા, ઓજસ!
'જલન' તકલીફ પડતે ખૂબ જીવન જીવવા માટે.

◖ કાળકથા: એક શિવાલયને નિમિત્ત બનાવીને કાળ ભગવાનના અમોઘ કાર્યની કથા કહેતું સૉનેટ, જેના પહેલા ષટ્કમાં કાળની થપાટો ઝીલીને ઘવાએલા સૈનિક જેવા પડેલા શિવાલયના સમૃદ્ધિશેષનું ચિત્ર અંકિત કર્યું છે ને તેને અનુસંધાને બીજા ષટ્કમાં એ જીર્ણાવસ્થાને વધુ તીખી બનાવી, છેલ્લી કડીની ચોટમાં કલાત્મક અંત આણ્યો છે કે શિવ જે સ્વયં સંહારક છે તેમના જ મંદિરની કાળે આ દશા કરી! ◖ હું ય તરણું: આ સૉનેટની પહેલી આઠ લીટીમાં બેચેનીભરી બીમારીની વ્યથાકથા આલેખીને નવમી પંક્તિથી પલટો મારી એ સ્થિતિમાં પલટો આણનારો એક પ્રસંગ ગૂંથ્યો છે: 'કોઇએ ફેંકેલા ફૂલ જેવી' એક ઊડતી ચકલીની ચાંચમાંથી એક તરણું પથારીમાં આવી પડે છે—ને એની સાથે જ જાણે 'આખી ખટમીઠી સીમ જ ધસી આવી'—ચોપાસ જાણે લીલાશનો સાગર ઘૂમી વળ્યો...અને એ સુખદ બનાવને પરિણામે આજાર પોતે જ લીલું તાજું તરણું બની ગયો! સ્વરૂપાન્તરની રોમૅન્ટિક તાસીરનું માણવા જેવું સૉનેટ ◖ ધર્મ અહીં...: પરિસ્થિતિનું અવલોકન કરતી, પ્રબોધક ઉપાડવાળી આ ગઝલના પાંચમા શેરથી પલટો લઈ જીવનમાં નજરે પડતા ઝગડા અને અસમાનતાનો દોષ ઈશ્વર પર ઢોળતા કટાક્ષો કર્યા છે.

કર્તવ્ય-પાલન

બહાદુરશાહ પંડિત

આધુનિક શસ્ત્રક્રિયાના પિતા ગણાતા હાર્વે કુશિંગની સામે ઑપરેશન થીએટરના ટેબલ પર એક બીમાર સ્ત્રી પડી હતી. ઑપરેશન માટેનાં તમામ સાધનો તૈયાર હતાં. અર્ધા કલાકમાં ઑપરેશન થઈ જાય તો જ બાઈ બચે એમ હતી. ડૉક્ટર છરી ઉપાડે છે ત્યાં બહારથી કોઈ સમાચાર લાવ્યું કે ડૉક્ટરના મોટા પુત્રનું એક મોટર-અકસ્માતમાં અવસાન થયું છે. ક્ષણેક માટે હચમચી ગએલા ડૉક્ટરે તરત જાતને સંભાળી લીધી ને ઑપરેશન પતાવી બહાર નીકળ્યા પછી જ પોતાના લાડકવાયા પુત્ર માટે આંસુ સાર્યાં!

પોતાની ફરજનો ખયાલ હોવો, એનું નિષ્ઠા અને પ્રામાણિકતાથી પાલન કરવું એ તો સામાન્ય વ્યવહારની વાત છે પણ એ ફરજનું પાલન કરતાં પોતાના સ્વાર્થનો ભોગ આપવો, પોતાની લાગણીને કચડી નાખવી એ ઘણી મોટી વાત છે. એ મોટો આદર્શ છે ને એ આદર્શનું પાલન કરનારા જગતમાં નામના મેળવી ગયા છે.

રામ સીતાને કેટલી બધી ચાહતા હતા! એ એમનું બીજું હૃદય હતી. એને લંકામાંથી પાછી લાવવા માટે એમણે રાવણ જેવા ભયાનક દુશ્મન સાથે યુદ્ધ કર્યું. પણ પોતે રાજા બન્યા પછી રાજધર્મ બજાવવા ખાતર સીતાનો ત્યાગ કરતાં જરા પણ અચકાયા નહિ. પત્નીધર્મ કરતાં રાજધર્મ મોટો હતો. રાજા તરીકેના કર્તવ્યપાલન માટે એમણે અંગત લાગણીનો અને સીતાના સહવાસના સ્વર્ગીય સુખનો ભોગ આપ્યો.

કર્તવ્યપાલનમાં હમેશાં વ્યક્તિ સામે સમષ્ટિને મૂકવાની હોય છે. એક વ્યક્તિના દુઃખ સામે આખા સમાજના સુખને તોળવાનું હોય છે. સામાન્ય વ્યક્તિ આવા સમયે સ્વાર્થ ખાતર સમાજનો દ્રોહ કરતાં અચકાતી નથી, પરંતુ જે કર્તવ્યનિષ્ઠ હોય તે અંગત સ્વાર્થને જતો કરી સમાજનું રક્ષણ કરે છે.

પૂનામાં કૉંગ્રેસનું અધિવેશન મળવાનું હતું ને લોકમાન્ય તિલક એના પ્રમુખ હતા. અધિવેશનના આગલા દિવસે તિલકનો પુત્ર કૉલેરાના રોગમાં સપડાઈ ગયો. સ્વ. લોકમાન્ય તિલકના દિલમાં કેવો સંઘર્ષ જાગ્યો હશે? પણ એમણે પુત્રની સારવાર કરવાનું સંબંધીઓને સોંપીને અધિવેશનમાં પહોંચી જવાના પોતાના કર્તવ્યને જ ઇષ્ટ ગણ્યું.

વ્યવહારડાહ્યા માણસોને આમાં કઠોરતા દેખાય. પણ આ કઠોરતા નથી. કર્તવ્યપાલનની વેદી પર અંગત લાગણીની આહુતિ દીધા વિના કોઈ વ્યક્તિ મહત્તા પ્રાપ્ત કરી શકતી નથી.

માણસને જીવનનું દરેક તબક્કે પોતાના કર્તવ્યનું પાલન કરવાનું હોય છે. એક રીતે જોઈએ તો એ હર ક્ષણે કર્તવ્યના દોર પર નટની જેમ ચાલી રહ્યો હોય છે. એ કિશોર હોય ત્યારે વડીલોની આજ્ઞાનું પાલન કરવું એ એનું કર્તવ્ય છે. આ ફરજનું પાલન કરવામાં એ કેટલો તત્પર રહે છે એના પર એના ચારિત્ર્યગઠનનો આધાર રહે છે. પિતાની આજ્ઞા મુજબ વહાણના તૂતક ઉપર ઊભો રહેલો પેલો કિશોર કૅસાબિયાન્કા વહાણમાં આગ લાગવા છતાં ત્યાંથી ખસ્યો નહોતો, એ એની જડતા નહોતી પણ કર્તવ્યનિષ્ઠા હતી. અથવા પિતાની આજ્ઞા થતાં યમરાજા પાસે પહોંચી જનાર ઉપનિષદની વિખ્યાત કથાનો નાયક નચિકેતા ઉદ્દંડ નહોતો, પણ આજ્ઞાપાલક હતો.

વડીલોની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવા જતાં અંગત લાભાલાભનો વિચાર નહિ કરનારા આવા કિશોરો કર્તવ્યપાલનની વેદી પર પોતાની આહુતિ આપીને આપણા માટે માર્ગ ચીંધતા ગયા છે. ડેન્માર્કના પેલા કિશોરે પણ દરિયાનાં પાણીને રોકવા બાંધેલી દીવાલના કાણામાં પોતાની આંગળી ખોસી રાખી આખી રાત ઠંડીમાં ઊભા રહીને આખા ગામને બચાવી લેવામાં કર્તવ્યપાલનનો મહાન સિદ્ધાંત ચરિતાર્થ કર્યો હતો ને! અને ચીની મુસાફરોને વળાવવા ગએલા આપણા દેશના પેલા વિદ્યાર્થીઓ હોડીમાં વજન વધારે છે તે જાણતાં અમૂલ્ય ગ્રંથો દરિયામાં ફેંકીને વજન ઓછું કરવાને બદલે પોતે જ કૂદી પડ્યા હતા એ પોતાના કર્તવ્યપાલન માટે જ ને!

કિશોરાવસ્થાની જેમ યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં પણ માણસને પોતાનાં કર્તવ્યો બજાવવાનાં હોય છે. એ સમયે યુવાની દીવાની ન બને અને પતંગિયાની જેમ અંધ બનીને આગમાં ઝંપલાવી ન દે એ માટે સતત કર્તવ્યની દીવાદાંડી પ્રત્યે અભિમુખ રહેવું જોઈએ. સ્વ. રા. વિ. પાઠકના એક મુક્તકમાં આવે છે એમ યુવાનનો આદર્શ તો આવો છે:

'રૂઝવે જગના જખ્મો, આદર્યાને પૂરાં કરે;
ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય એ નવયૌવન!

આપણાં પુરાણોની કથાઓ આવા ફરજપાલનનાં ઉત્તમ દૃષ્ટાંતો પૂરાં પાડે છે. પિતાની આજ્ઞા માની ૧૪ વર્ષ માટે વનવાસ સ્વીકારનાર રામ, રામની સેવા માટે એમની સાથે જનાર લક્ષ્મણ કે રામની છાયા બનનાર સીતા એ સૌ ફરજપાલનનાં સર્વોત્તમ દૃષ્ટાંતો પૂરાં પાડનાર વ્યક્તિઓ છે.

માણસને જેમ પોતાના જીવનના જુદા જુદા તબક્કામાં વિવિધ રીતે ફરજો બજાવવાની હોય છે, એમ વિવિધ સગાંસંબંધીઓ પ્રત્યેની અને સંસ્થાઓ પ્રત્યેની ફરજો પણ બજાવવાની હોય છે. પુરુષને પતિ તરીકે અને પિતા તરીકે, ભાઈ તરીકે અને ભત્રીજા તરીકે, સાળા અને બનેવી તરીકે એમ વિવિધ પ્રકારે કર્તવ્ય બજાવવું પડે છે. એ જ રીતે સ્ત્રીને પત્ની અને માતા તરીકે, બહેન અને ભાભી તરીકે, મામી અને ફોઈ તરીકે એમ અનેક પ્રકારે ફરજ બજાવવી પડે છે. આ બધી ફરજો બજાવતાં જે સ્વાર્થનો ભોગ આપી બીજાનાં સુખ માટે ઘસાય છે એ ચંદનની જેમ પોતાની સુવાસ ફેલાવે છે. જે અગરબત્તીની જેમ સળગી જઈને અન્યને સુવાસ આપે છે તે ઇતિહાસને પાને અમર થઈ જાય છે.

અંગ્રેજીમાં કહેવત છે કે Duty is Deity-ફરજ એ દેવત્વ છે. માણસ માણસ મટી દેવત્વ ક્યારે પ્રાપ્ત કરે છે? આ કહેવત એનો સરસ જવાબ છે. પોતાની ફરજનું નિષ્ઠાભર્યું પાલન કરનાર જ દેવત્વ પ્રાપ્ત કરે છે. અને દેવત્વ એટલે અમરત્વ. જેમણે પોતાની ફરજનું પાલન કરવા જતાં પ્રાણની આહુતિ આપી છે, એ સૌ અમરત્વ દેવત્વ પ્રાપ્ત કરી શક્યા છે.

ફરજનું આવું પાલન કરનારા માણસો ઈશ્વરને વહાલા હોય છે. પોતાની ફરજ ચૂકી જઇને ઈશ્વરની ભક્તિ કરનારા કરતાં, ઈશ્વરની ભક્તિ —બાહ્ય પૂજાપાઠ—ના ભોગે પોતાની ફરજ બજાવનારા ઈશ્વરને વધારે પ્રિય હોય છે. અબુ બિન આદમના જીવનની એક ઘટના એક અંગ્રેજી કવિતામાં નીચે મુજબ વર્ણવાઈ છે.

અબુ બિન આદમે એક વહેલી સવારે ઊઠીને જોયું તો એમના ટેબલ પાસે બસીને એક દેવદૂત કાંઈક લખી રહ્યો હતો. અબુએ પૂછ્યું: 'તમે શું લખી રહ્યા છો?' દેવદૂતે કહ્યું: 'હું તો ભગવાનને ચાહનારા એના પ્યારા બંદાઓની યાદી બનાવી રહ્યો છું.' અબુએ તેને કહ્યું: 'મારું નામ લખવું હોય તો (પ્રભુના નહિ પણ) માનવજાતના ચાહક તરીકે લખજો.'

થોડા દિવસ પછી દેવદૂત ફરી આવ્યો ત્યારે જોયું તો દેવદૂતની યાદીમાં અબુનું નામ સૌથી પહેલું હતું. કારણ કે જે પોતાના માનવબંધુઓને ચાહવાની, એમની સેવા કરવાની ફરજ બજાવે છે, એ ભગવાનનો સાચો ભક્ત છે.

આપણા ધર્મમાં પણ આવી એક આખ્યાયિકા પ્રસિદ્ધ છે. એક વાર નારદે વિષ્ણુ ભગવાનને પૂછ્યું: 'ભગવાન, આપને સૌથી વધારે

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૧)



એક સમયે કૉંગ્રેસના અવૈતનિક પ્રચારક બન્યા પછી વિદેશી શાસન સામેની સશસ્ત્ર ક્રાંતિમાં ભગતસિંહ ને ચંદ્રશેખર આઝાદના નિકટના સાથી બની રહેનાર સક્રિય ક્રાંતિકારી તથા માર્ક્સવાદી હિંદી સાહિત્યના શ્રેષ્ઠ અને અનેક માન-અકરામથી સમ્માનિત પ્રસિદ્ધ સાહિત્યકાર

યશપાલ

અને એમના સમયની ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો પરિચય

લેખક · અશોક દવે–'મલાલ'

નવી દિલ્હી અને નિઝામુદ્દીન સ્ટેશનની વચ્ચે, દિલ્હીથી ચારેક માઈલ દૂર, કૌરવ-પાંડવના કિલ્લાના નામે ઓળખાતાં ખંડિયેરો છે. નજીક-માં જ એક પુલ પર વળાંક લેતો રેલમાર્ગ છે, અને થોડે દૂર એક સડક. પાછલા બે દિવસ વરસાદ પડયો હોવાથી એ દિવસની વહેલી પરોઢે ગાઢ ધુમ્મસમાં આ બધું જોઈ શકાતું નહોતું, પણ પાછલી રાતના ઝાંખા ઉજાસમાં એ ધુમ્મસ અને ટાઢની વચ્ચે યે એક માણસ પેલી સડક પર મોટરસાઈકલ લઈને ઊભો હતો. રેલમાર્ગથી થોડે દૂર એક ફોજી આદમી અધીરાઈથી કોઈની રાહ જોઈ રહ્યો હતો. એકાએક કંઈ અવાજ કાને પડતાં એ ફોજી સજગ થઈ ગયો. મથુરા તરફથી રેલમાર્ગ પર એક એં-જિન આવી રહ્યું હતું. ધુમ્મસમાં એ દેખાતું તો ન હતું, પણ ફોજીને ખબર હતી કે થોડી જ વાર પછી અહીંથી પસાર થનારી એક ખાસ ગાડીનું એ પાયલૉટ ઍંજિન હતું. જરા વાર પછી જેની એ રાહ જોઈ રહ્યો હતો એ, હિંદુસ્તાનના બડા લાટસા'બ—વાઇસરૉયની ખાસ ગાડી પણ આવી. એ ગાડી યે ધુમ્મસમાં દેખાતી તો નહોતી જ, પણ એના અવાજ ઉપરથી અનુમાન કરીને ફોજીએ એક બટન દબાવ્યું. બીજી જ ક્ષણે પુલ પર મોટો ધડાકો થયો. ઉત્તેજના ને આનંદની એક લહેર ફોજી-ના શરીરમાં પ્રસરી ગઈ. પણ એક બે પળ પછી એ આશ્ચર્યથી સાંભળી રહ્યો પુલ પરની ગાડીનો દિલ્હી તરફ સરતો જતો અવાજ! બૉમ્બ તો ફાટયો, પણ એ ગાડીમાં સફર કરી રહેલા વાઇસરૉય લૉર્ડ અરવિન સલામત પસાર થઈ ગયા.

ફોજી પળ બે પળ તો નિરાશાથી હતપ્રભ થઈ ગયો, પણ પછી પલ-ટાએલી પરિસ્થિતિનું ભાન થતાં એ પેલી સડક તરફ દોડયો. મોટર સાઈકલ પાસે ઊભેલા આદમીએ પૂછયું: 'કંઈ ન થયું?' એનો મતલબ હતો કે શું દારૂગોળો ઓછો પડયો? પણ અત્યારે એ ચર્ચાનો સમય ન હતો. વાઇસરૉયની ખાસ ગાડી ઉડાડી મૂકવા રેલમાર્ગ પર ગોઠવાએલા બૉમ્બની તપાસ આરંભાય એ પહેલાં એ બંને જણે નાસી છૂટવાનું હતું. પણ મોટર સાઈકલે દગો દીધો. કદાચ ઠંડીમાં એ ઠરી ગઈ હતી. બંને જણ એને ધકેલવા લાગ્યા. થોડે દૂર પહોંચ્યા ત્યાં સામેથી બંદૂક-ધારી ટુકડી આવતી દેખાઈ. નજીક પહોંચતાં જ એ દળના એક નાયકે જોયું કે એમની યે પહેલાં અહીં તપાસ માટે કોઈ અફસર પહોંચી ગ-એલો છે. મોટરસાઈકલ પાસે પોતાના ઑર્ડરલી સાથે એક મેજરને ઊભેલો જોઈ એ બંદૂકધારીઓએ એને સલામી આપી ને તપાસ અર્થે આગળ વધી ગયા. ફોજી વરદીએ (ગણવેશે) પેલાઓને બચાવી લીધા.

પછી તો મોટર સાઈકલ હડસેલતા પેલા બંને જણ ફેઝબાઝાર પહોંચી ગયા ને ત્યાંથી દિલ્હી સ્ટેશનથી ગાડીમાં બેસી ગાઝિયાબાદ. ત્યાં સ્ટેશન પર છાપું વાંચતો એક સૂટધારી એમને ઊતરતા જોઈ આશ્ચર્ય પામ્યો. એ બંનેને એ મળ્યો. અરસપરસ થોડી વાતચીત થઈ અને છેવટ સૂટધારી-એ શાંતિથી કહ્યું: 'કંઈ વાંધો નહિ, આપણે ફરીથી પ્રયત્ન કરીશું.'

મેજરે પોતાના ઑર્ડરલીને લાહોર મોકલી દીધો અને પોતે તથા પેલા સૂટધારી એ જ ગાડીમાં આગળ ઊપડયા. રસ્તામાં મેજરે પોતાની વરદી ઉતારી સાદો પોશાક પહેરી લીધો. લોકલ હોવાના કારણે દરેક સ્ટેશને રોકાતી જતી એ ગાડી જ્યારે મુરાદાબાદ પહોંચી ત્યારે, એમની આગળ આવી ગએલી એક્સપ્રેસમાં ત્યાં પહોંચી ગએલા અખબારના ખાસ વધારામાં વાંચવા મળ્યું કે, 'વાઇસરૉયની સ્પેશ્યલ ટ્રેઈન નીચે ક્રાંતિકારીઓએ મૂકેલા બૉમ્બના ધડાકામાં, ગાડીની તેજ ગતિને કારણે લૉર્ડ અવરિન તો ધડાકો પાર કરી બચી ગયા હતા, પણ એના સેક્રેટરી બેહોશ થઈ ગએલા! બંને જણ મુરાદાબાદ ઊતરી ગયા ને ત્યાંથી તુરત મળતી દેહરાદૂન એક્સપ્રેસમાં કલકત્તા ઊપડી ગયા. કલકત્તામાં તેમણે જોયું કે એમના પરાક્રમથી લોકોમાં એક પ્રકારનો ઉત્સાહ વ્યાપી ગયો હતો. લાહોરમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનના સમાચારો પણ ત્યાં મળતા. તેમાં જાણવા મળ્યું કે અધિવેશનમાં ભાગ લઈ રહેલા ઘણા લોકો પણ એ બૉમ્બઘટનાથી પ્રસન્ન હતા.

કોણ હતા આ ક્રાંતિકારીઓ? એ હતા 'હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સેના' (હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન આર્મી)ના ત્રણ સભ્યો. એમાંનો એક જે લાહોર ચાલ્યો ગએલો તે ભાગરામ, કલકત્તા આવેલા સૂટધારી તે ભગવતીચરણ વોહરા અને પેલા મેજરસા'બ તે યશપાલ. માર્ક્સવાદી હિંદી સાહિત્યના એ વિખ્યાત સર્જક એક કાળે અંગ્રેજી શાસન સામે સશસ્ત્ર ક્રાંતિ જગાડનાર દળના એક અગ્રણી હતા.

કાંગડા જિલ્લા નજીક એક ગામમાં એક સાધારણ પંજાબી ખત્રી પરિ-વારમાં ઈ. ૧૯૦૪માં એમનો જન્મ થએલો. માતા પ્રેમદેવી શામચૌરા-સીના રાજાના એક મંત્રીનાં વંશજ હતાં, ને શાળામાં શિક્ષિકા હતાં. જ્યારે પિતા હીરાલાલના કબીલાની કોઈ ખાસ ગૌરવયુક્ત લાક્ષણિકતા નહોતી. એ બંનેનું લગ્ન પણ પિતાની મોટી વયે અને કોઈ પારિવારિક છેતરપિંડીથી થયું હોવાનું મનાતું હતું. હીરાલાલ પ્રથમ તો બે ભાઇઓ સાથે દુકાનમાં નાનો એવો વેપાર ચલાવતા. પણ આગળ જતાં એ



માતા પ્રેમદેવી અને નાના ભાઈ ધર્મપાલ સાથે યશપાલ
ઈ. ૧૯૦૮માં

સાવકા ભાઈઓ સાથે બહુ બન્યું નહિ અને તેઓ એમાંથી છૂટા થયા. હીરાલાલની કેટલીક વિચિત્રતાઓ હતી. જેમાંની એક નાનીનાની રકમો વ્યાજે ધીરવાની. એનું વ્યાજ પણ તેઓ સારી પેઠે લેતા. પણ આ વિષેની કોઈ લેખિત નોંધ રાખતા નહિ, કે ન તો ઘરમાં કોઈને આ અંગે કંઈ જાણ કરતા. પરિણામે તેઓ ઉત્તરોત્તર પૈસેટકે ઘસાતા જતા. લોકો એમને 'લાલા' કહેતા અને માનતા કે એમની પાસે ધન છે, પણ મહા કંજૂસ હોઈ જણાવા દેતા નથી. હકીકતે એવું કંઈ હતું નહિ અને કુટુંબનો નિભાવ મોટે ભાગે માતાના આછાપાતળા વેતન પર જ નભતો.

પિતાની તુલનામાં માતા વિશેષ વિચારવંત હતાં. સ્વામી દયાનંદના આદર્શ અનુસાર પુત્ર યશપાલને આર્ય ધર્મના તેજસ્વી પ્રચારક બનાવવાની આશાથી માતાએ એમને સાતઆઠ વર્ષની વયે કાંગડીના ગુરુકુલમાં દાખલ કરાવ્યા હતા. ત્યાં તેઓ નિઃશુલ્ક ભણતા. માતાપિતાથી દૂર ગુરુકુલની કડક શિસ્તમાં એમને રહેવું પડતું. ઉઘાડે પગે કે ચાખડી પહેરીને ફરવું, પાટિયા પર સૂવું, ઠાઢમાં યે વહેલા ઊઠી સૂર્યોદય પહેલાં ઠંડા પાણીએ નાહી પરવારી દૈનિક કાર્યોમાં લાગી જવું, ભોજન બાદ પોતાના થાળીવાટકા માંજવા, લોકોના સંપર્કથી દૂર રહેવું ને કડક બ્રહ્મચર્યનો આદર્શ રાખવા જેવી શિસ્ત સાથે એ બચપણના કાળથી જ એમનામાં વિદેશી શાસન વિરુદ્ધના ખયાલોનું બીજારોપણ થવા લાગેલું. પરંતુ ગુરુકુળમાં એમની તબિયત લથડી. પ્રબળ સંગ્રહણીને કારણે એમને દેહરાદૂન મોકલવાનાં આવ્યા, પણ ત્યાં યે તબિયત ન સુધરતાં અંતે માતાએ એમને લાહોર બોલાવી લઈ ત્યાંની ડી. એ. વી.(દયાનંદ ઍંગ્લો વૈદિક) શાળામાં દાખલ કરાવ્યા. માતા ત્યારે ત્યાં આર્યસમાજની કન્યાશાળાના છાત્રાલયમાં સુપરિન્ટેન્ડેન્ટ હતાં.

લાહોરની સૃષ્ટિ ગુરુકુલથી તદ્દન ભિન્ન હતી. ભાઈ પરમાનંદ, બલરાજ, બાલમુકુંદ વગેરેની ગિરફતારીથી ત્યાંના વાતાવરણમાં એક પ્રકારનો આતંક પ્રસરી ગયો હતો. વળી, લાહોરની શાળામાં ઉર્દૂ લિપિનું ચલણ હતું અને અંગ્રેજી પણ ચાલતું. યશપાલ આનાથી પરિચિત નહિ એટલે એમને ભણવામાં આરંભમાં મુશ્કેલી પડતી. પણ એમના ભવિષ્યના જીવન પર જેનો પ્રભાવ રહ્યો એવી બીજી અનેક બાબતોનો ખરો પ્રારંભ કદાચ અહીંથી જ થયો.

ઈ. ૧૯૧૯માં રોલેટ બિલ સામેનું આંદોલન સ્થગિત થયું એ અરસામાં માતાને લાહોરથી ફિરોઝપુર કૅમ્પ (છાવણી)માં જવાનું થયું. ત્યાં આર્યસમાજની પ્રાથમિક કન્યાશાળામાં એમની નિમણૂક થએલી. યશપાલ પણ માતા સાથે ફિરોઝપુર ગયા અને ત્યાંની મિડલ સ્કૂલમાં દાખલ થયા. અહીં એમને એક સરકારી એન્જિનીઅર રાયસાહેબના પુત્ર લજવંતરાય સાથે મિત્રતા થઈ. લજવંતરાય શાળામાં યશપાલ કરતાં એક ધોરણ આગળ હતા. જ્ઞાતિ બહાર લગ્ન કરેલું હોઈ અને આર્યસમાજી ખયાલાતોને કારણે રાયસાહેબના ઘરનું વાતાવરણ કંઈ જુદા જ પ્રકારનું હતું. એમને ઘેર યશપાલને 'ચંદ્રકાન્તા સંતતિ', જાસૂસી નવલકથાઓ, રવિબાબુ શરદબાબુ વગેરેનાં હિંદી ભાષાંતરો, બંગાલી ક્રાંતિકારીઓનાં ચરિત્રો, પ્રેમચંદ અને સુદર્શન જેવા પ્રતિષ્ઠિત હિંદી લેખકોની કૃતિઓ તથા 'સ્ત્રી સુબોધિની'થી માંડી 'સત્યાર્થપ્રકાશ' વગેરે જેવી વૈવિધ્યસભર પુષ્કળ વાચન-સામગ્રી સુલભ થઈ. આ બધું વાંચી યશપાલે પણ એક નવલકથા લખવા માંડેલી, જે કદી પૂરી થઈ શકી નહોતી.

પણ આની યે પહેલાં યશપાલે, ગુરુકુલમાં પાંચમા-છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે, એક વાર્તા લખેલી. ગુરુકુલમાં ઇતિહાસ, પ્રવાસ ને પ્રેરક કથાઓ વાંચવા મળતી. રંગબેરંગી શાહીથી લખી-ચીતરીને વિદ્યાર્થીઓ એક હસ્તલિખિત પત્ર 'હંસ' અને એક દૈનિક પત્ર 'અગુઆ' (આગિયો) પ્રકટ કરતા. મોટા વિદ્યાર્થીઓને અનુસરી પાંચમી-છઠ્ઠી શ્રેણીના વિદ્યાર્થીઓએ પણ એક હસ્તલિખિત બહાર પાડ્યું. ને એમાં યશપાલે 'અંગૂઠી' (વીંટી) નામની એક વાર્તા લખેલી. એ પછી બીજો પ્રયત્ન એમણે ૧૯૨૦માં કરેલો.

ફિરોઝપુર કૅમ્પ એ તો લશ્કરી છાવણી હતી. શહેરથી અલિપ્ત એના વિસ્તારમાં કોઈ રાજકીય પ્રવૃત્તિ તો શક્ય જ નહોતી. પણ ત્યાં આર્યસમાજનાં બે મંદિરો હતાં. એક ગુરુકુલ પ્રેરિત શુદ્ધ ભારતીય સંસ્કૃતિની આગ્રહી વિચારસરણીવાળું અને બીજું આર્યસમાજી કૉલેજોની ઉદ્દામ વિચારણાઓવાળું. આ ભેદ દેશવ્યાપી હતો. અહીં એ બંનેના ઉત્સવો પણ અલગ અલગ ઊજવાતા. અહીં આવ્યા પહેલાં યશપાલ ડી. એ. વી. સ્કૂલમાં ભણેલા અને મા પણ એ પક્ષની શાળામાં જ નોકરી કરતાં એટલે યશપાલ કૉલેજવાળા ફિરકાના સમાજમાં અને એમની આર્યકુમાર સભામાં ભાગ લેતા.

છાવણીની મિડલ સ્કૂલની પરીક્ષામાં યશપાલ પહેલે નંબરે પાસ થવાથી માતાને પ્રસન્નતાપૂર્ણ સંતોષ થયો. આ જ અરસામાં માતાને કૅમ્પથી થોડે દૂર આર્ય અનાથાલયની કન્યાશાળામાં જવાનું થયું, એટલે યશપાલ પણ એમની સાથે ગયા ને ત્યાંની નજીકની એક શાળા 'મનોહરલાલ મૅમોરીઅલ હાઈસ્કૂલ'માં નવમા ધોરણમાં દાખલ થયા.

એ દિવસોમાં કૅમ્પમાં અછૂત બાળકોને ભણાવવા આર્ય સમાજે એક રાત્રિશાળા ખોલી હતી, ત્યાં ભણાવવા માટે સ્વયંસેવકોની જરૂર હતી. યશપાલે અને બેએક બીજા સ્વયંસેવકોએ એ કામ ઉપાડી લીધું અને યશપાલને એ રાત્રિશાળાના આચાર્ય બનાવાયા. આ શાળામાં જવા એમને રોજિંદાં બધાં કામ પતાવી રાત્રે રોજ ચારેક માઈલ આવવું-જવું પડતું, અને વેતન તો લેવાનું હતું જ નહિ, એટલે ધીરેધીરે બીજા સ્વયંસેવકોમાં ઢીલાશ દેખાવા લાગી. અંતે સમાજે ત્યાં સવેતન બે શિક્ષકોની નિમણૂક કરી. આ વખતે યે યશપાલ જ તેમના આચાર્ય રહ્યા અને બીજાઓ સાથે એમને ત્રણ રૂપિયા વધુ ગણી માસિક આઠ રૂપિયાનો

પગાર કરી આપવામાં આવ્યો. યશપાલે લગભગ એક વર્ષ આ કામ સંભાળેલું. બીજી બાજુ માતાને મદદરૂપ થવા તેઓ પોતાના અભ્યાસમાંથી ફાજલ પડતા સમયમાં નાનાંમોટાં ઘરકામમાં પણ સહાય કરતા.

ઈ. ૧૯૨૧માં ગાંધીજીએ અસહકારની લડત આદરી. વિદેશી કાપડની હોળી કરી ખાદી અપનાવવાનો ઉત્સાહ સર્વત્ર પ્રસરી ગયો હતો. યશપાલ એ વખતે મૅટ્રિકમાં હતા. ભણતરની સાથોસાથ તેઓ પણ રાષ્ટ્રીય ચળવળોથી રંગાતા જતા હતા. માતાની આછીપાતળી આવક પર નભતા ઘરમાં વધારાનાં કપડાંની પણ સગવડ નહોતી, છતાં યશપાલ વિદેશી કપડાંની હોળી કરવા થનગની રહ્યા હતા. લજવંતરાય પણ એમાં સૂર પુરાવતા. એમની ઇચ્છા તો છાવણી વિસ્તારમાં જઇને એ હોળી કરવાની હતી, અને માતાની અનિચ્છા છતાં પોતાનું એક વસ્ત્ર અને લજવંતરાયને ત્યાંથી યે બેપાંચ કપડાં સાથે થોડાં વધુ માગી લવી એમણે હિંમતપૂર્વક કૅમ્પમાં જ એની હોળી કરી પણ ખરી. પકડપકડની બીક હતી, પણ એવું કંઈ થયું નહિ. પછી તો કૅમ્પમાં જ એમણે અવારનવાર સભાઓ પણ યોજી. આર્યસમાજ દ્વારા આવી સભાઓમાં વ્યાખ્યાતાઓને બહારથી બોલાવવામાં આવતા. તેઓ આર્યસમાજના ખયાલો પ્રસારવા સાથે તેમાં રાષ્ટ્રીય ભાવનાને પણ વણી લેતા. યશપાલ પણ ક્યારેક બોલતા. પણ એમની રીત અલગ હતી. 'દેશદર્શન' વગેરે જેવાં પુસ્તકોના વાચનથી તેઓ પોતાના વ્યાખ્યાનમાં માત્ર સૈદ્ધાંતિક આદર્શોની વાત કહેવાને બદલે ભૂતકાલીન અને તે સમયના અંગ્રેજી શાસન તળેના સમાજની હાલતની તુલના રજૂ કરીને વિદેશી શાસન વિરુદ્ધ પ્રજામત કેળવતા હતા. લોકોમાં પણ એનો પ્રભાવ રહેતો, ને સભામાં એમને બોલવા માટે આગ્રહ રાખતા. બધા તો એમને નામથી ઓળખે નહિ, પણ 'લાલકોટવાળા' તરીકે તેઓ જાણીતા થઈ ગએલા. પોતાની પાસેના એક કોટને એમણે બેત્રણ રંગ ભેળવીને રંગેલો. ધોવામાં બીજા રંગ ઊડી ગયા ને એક લાલ રંગ રહી ગયો એ જ કોટ તેઓ વાપરતા ને એથી 'લાલકોટવાલા આદમી' કહેવાતા.

પણ આવી ચળવળોથી એમનો અભ્યાસ બગડે તે પરવડે તેમ ન હતું. માતાને પણ એની જ ચિંતા રહેતી હતી. પોતે પણ સમજતા હતા કે જો તેઓ મૅટ્રિક પાસ ન કરે તો મા અને નાના ભાઈની સ્થિતિમાં કંઈ સુધારો થઈ શકે નહિ. વળી મનોમન તો એમને અચ્છા વકીલ બનવાની પણ ખ્વાહિશ હતી. એટલે અસહકારના આવેશ પર કચવાતે મને થોડો સમય કાબૂ રાખી એમણે પરીક્ષા આપવાનું નક્કી કર્યું. સંયમથી અભ્યાસમાં ચિત્ત લગાડી એમણે પરીક્ષા આપી અને પછી તુરત તેઓ કૉંગ્રેસના સ્વયંસેવકો સાથે જોડાવા ફિરોઝપુર શહેર ઊપડી ગયા.

ફિરોઝપુરમાં ગોબરમંડીમાં કૉંગ્રેસનો આશ્રમ હતો. ત્યાંના વિશાળ મેદાનમાં અવારનવાર સભાઓ યોજાતી. આશ્રમમાં વૈતનિક અને અવૈતનિક કાર્યકરો રહેતા. એમનું દફતર પણ ત્યાં જ હતું. યશપાલ ત્યાં અવૈતનિક કાર્યકર તરીકે જઈ રહ્યા. ત્યાં એમને ભોજન અને દૂર જવાનું હોય તો આવવાજવાનું ભાડું મળતું. નંદગોપાલ નામના એક સંત કાર્યકર એનું સંચાલન સંભાળતા હતા. રાધાસ્વામી સંપ્રદાયના એ નેતા નવા કાર્યકરોને રાજનૈતિક તાલીમ આપવા સાથે આધ્યાત્મિક બોધ પણ આપતા. એમની સલાહથી યશપાલે આરંભમાં ત્યાંના ગ્રંથસંગ્રહ દ્વારા શક્ય એટલું જ્ઞાન વધાર્યું. એ પછી ૧૯૨૧ની આખરથી તેઓ કૉંગ્રેસના પ્રચારાર્થે આજુબાજુનાં ગામોમાં જવા લાગ્યા. ગાંધીજીએ ૧૯૨૧-ના અંત સુધીમાં સ્વરાજ હાંસિલ કરી લેવાની જે વાત કરેલી એ તો ફળી શકી નહિ, પણ લોકજાગૃતિનો પ્રચંડ જુવાળ દેશભરમાં ફરી વળ્યો. એના એક ફળ રૂપ ચૌરીચૌરાનો બનાવ બન્યો. પોલીસ અને જનતા વચ્ચેના એ હિંસક સંઘર્ષથી ચોંકી જઈ ગાંધીજીએ લડતને સંકેલી લીધી. એના બદલે કૉંગ્રેસના પ્રચારમાં, ખાદી ને કોમી એકતા પર ભાર મૂકવાના ગાંધીજીના વિચારે વિદેશીઓને હાંકી કાઢવા થનગની રહેલી પ્રજાના ઉત્સાહ પર ઠંડું પાણી રેડાયું. ગાંધીજીની સ્વરાજની ભાવનાનું ખરું સ્વરૂપ ત્યારે સામાન્ય લોકો જ નહિ, સુભાષચંદ્ર બોઝ કે જવાહરલાલ નેહરુ જેવાઓ પણ સ્પષ્ટપણે સમજી શક્યા નહોતા. કૉંગ્રેસના પ્રચારાર્થે ગ્રામવાસીઓમાં ફરતા યશપાલને પણ એ અસ્પષ્ટતા નડતી. એમને પોતાનો શ્રમ વ્યર્થ જતો લાગવા માંડ્યો. પણ કૉંગ્રેસના અનેક કાર્યકરો એમનું કામ છોડી પોતાના અસલ સ્થાને પાછા ફરી રહ્યા. યશપાલના આગ્રહથી એમનાં માતા પણ નોકરીમાંથી રજા લઈ થોડો સમય કૉંગ્રેસનું કામ કરતાં થએલાં એ પણ પોતાના અસલ સ્થાને ચાલ્યાં ગયાં.

યશપાલ આ દુવિધામાં હતા એવામાં મૅટ્રિકનું પરિણામ જાહેર થયું. યશપાલ પ્રથમ વર્ગમાં પાસ થયા એટલું જ નહિ પોતાની શાળામાં તેઓ પ્રથમ નંબરે આવ્યા. માતાની ઇચ્છા એમને કૉલેજમાં દાખલ કરાવવાની હતી. પ્રથમ આવવાને કારણે શાળા તરફથી બે વર્ષ માટે છાત્રવૃત્તિ પણ મળે તેમ હતી. ફિરોઝપુરમાં એ જ અરસામાં એક કૉલેજ સ્થપાઈ હતી, તે પણ હોશિયાર વિદ્યાર્થીઓને આકર્ષવા મથતી હતી. વળી, ફિરોઝપુરના આર્યસમાજી વર્તુળમાં માતાનું ઘણું માન હતું. વર્ષો સુધી પૂરી લગનથી એમણે આર્યસમાજી સંસ્થાઓમાં કામ કરેલું અને છપ્પનિયા દુકાળ વખતે એમણે અનાથાલયનાં બાળકોને જે ઉમદા રીતે સંભાળ્યાં હતાં એ પણ ભુલાયું નહોતું. એટલે આર્યસમાજી પીઢજનો પણ યશપાલ ભણીગણીને આગળ વધે એમ ઈચ્છતા હતા.

આ તરફ ગાંધીજીએ લડત સંકેલી લેતાં ગોબરમંડીના દફતરમાં પણ કામ રહ્યું નહિ. નંદગોપાલને તો સરકારે પકડી લીધેલા. અંતે યશપાલે પણ સૌના આગ્રહને વશ થઈ અભ્યાસ ફરી ચાલુ કરવાનું નક્કી કર્યું; પણ એ સરકારી કૉલેજમાં નહિ, પરંતુ લાહોરની લાલા લાજપતરાયે સ્થાપેલી નવી નૅશનલ કૉલેજમાં જ દાખલ થવાની શરતે. ત્યાં છાત્રવૃત્તિ મળવાની આશા નહોતી. પોતાની ત્રીસ વર્ષની નોકરીમાં બચાવેલા પૈસામાંથી શક્ય એટલી જ સહાય આપવાની ને બાકીનો ખર્ચ યશપાલે જાતે સંભાળી લેવાની શરતે કચવાતે મને માએ સંમતિ આપી.

પંજાબ નૅશનલ કૉલેજમાં રાજનૈતિક વાતાવરણ છાવરવાની જરૂર હતી જ નહિ. ઊલટું સ્વરાજપ્રાપ્તિ અર્થે કાર્યકરો ઘડવાનો પણ એમાં એક ઉદ્દેશ હતો. બીજી કૉલેજોથી એ તદ્દન ભિન્ન હતી. કાળા પાણીની સજામાંથી તાજા જ છૂટી આવેલા ભાઈ પરમાનંદ એનું સંચાલન કરતા હતા. તેઓ ઇતિહાસ ભણાવતા અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રસેવાની ભાવના પણ જગાડતા. કૉલેજમાં બી. એ. સુધીના અભ્યાસની સગવડ હતી. મુખ્યત્વે પંજાબ અને યુક્ત પ્રાંતના થોડાક મળી આરંભમાં ત્રણસો જેટલા વિદ્યાર્થીઓ ત્યાં હતા. વિશેષતઃ રાજનીતિ, અર્થશાસ્ત્ર ને ઇતિહાસ તથા સંસ્કૃત અને ફારસીનો અભ્યાસ થતો. ક્રાંતિવીર ભગતસિંહ ત્યારે ત્યાં જ ભણતા હતા ને સંસ્કૃત એમનો વિષય હતો. સાહિત્યમાં પણ તેઓ રસ લેતા. મૅટ્રિક પાસ કર્યા વિના અને 'ગુરુદ્વારા આંદોલન'-માં ભાગ લઇને એ અહીં દાખલ થએલા. શહેરમાં પિતાની સાથે તેઓ રહેતા હતા. ભગવતીચરણ વોહરા અહીં જ ભણતા હતા. તેઓ એમનાથી બે વર્ષ આગળ હતા. યશપાલ, સુખદેવ, ઝંડાસિંહ વગેરે કૉલેજના છાત્રાલય 'શીશમહલ'માં રહેતા. આ સૌની એક ટોળકી જ બંધાઈ ગએલી, ભણવામાં તેમજ તોફાનોમાં બહુધા તેઓ સાથે રહેતા.

દેશ પ્રત્યેની નિષ્ઠાભર્યા એ વાતાવરણમાં ઘણી વાર ૧૯૨૦-'૨૧ના સત્યાગ્રહના આંદોલનની વિફળતાની ચર્ચા પણ ઊપડતી. સ્વાતંત્ર્યવાંછુ નવલોહિયા વિદ્યાર્થીઓ સ્વાભાવિક જ એમાંથી રાષ્ટ્રની રાજનૈતિક સમસ્યાનો ઉકેલ શોધવા પ્રતિ ઢળી જતા. આ જ અરસામાં એમને મૅઝિની, ગેરીબાલ્ડી, વોલ્તેર, રૂસો, વીરા ફિગનર વગેરે ક્રાંતિકારીઓનાં જીવનચરિત્રો અને તોલસ્તોય ને તુર્ગેનેવ જેવાની નવલકથાઓ ઉપરાંત

રોલેટ કમિટીનો રિપોર્ટ ઈત્યાદિ વાંચવા મળ્યાં. રોલેટ કમિટીના રિપોર્ટમાંથી એમને હિંદુસ્તાનમાં થએલી સશસ્ત્ર ક્રાંતિના પ્રયાસો વિષે ઘણું જાણવા મળ્યું. બીજું પણ ઘણું ઇતર વાચન થતું જેનાથી ભવિષ્યના આ ક્રાંતિકારીનું આડકતરી રીતે ઘડતર થઈ રહ્યું હતું. આવી જ અસર તળે એક દિવસ રાવી નદીમાં હોડી ચલાવવા ગએલા યશપાલ અને ભગતસિંહે પોતાનાં જીવન દેશને અર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી લીધી.

આ બધાની વચ્ચે યશપાલને એ પણ બરાબર ખયાલ હતો કે માની સહાયને આધારે તેઓ કૉલેજનાં ચાર વર્ષ પૂરાં કરી શકે તેમ નહોતા. એનો એક જ ઉપાય એમને સૂઝતો હતો કે જો તેઓ વધુ મહેનત કરીને એકસાથે બે વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરી દે તો એમનું વર્ષ બચી જાય. એમણે આચાર્ય પાસે એની મંજૂરી માગી, અને જો અર્ધવાર્ષિક પરીક્ષામાં તેઓ એંશી ટકાથી અધિક માર્ક મેળવે તો બીજા વર્ષના વર્ગમાં બેસવાની છૂટ આપવા આચાર્ય સંમત થયા. અને એમણે એ શરત પૂરી કરી પણ ખરી અને એક વર્ષ બચાવી લીધું.

કૉલેજકાળના દોઢેક વર્ષમાં ભગતસિંહ અને સુખદેવ નિશ્ચિતપણે એક તરફ ઢળી ગયા હતા, જ્યારે યશપાલ લેખનપ્રવૃત્તિ તરફ. એવામાં એ સમયના સુખ્યાત સાહિત્યકાર ઉદયશંકર ભટ્ટ હિંદીના અધ્યાપક તરીકે આવ્યા. યશપાલના લેખનમાં એમણે રસ લેવા માંડ્યો. 'ભ્રમર' માસિકમાં છપાએલી પોતાની એક વાર્તા યશપાલે એમને બતાવી. પછી તો યશપાલની ગદ્ય-પદ્ય કૃતિઓ કાનપુરથી નીકળતા 'પ્રભા' માસિક અને 'પ્રતાપ' સાપ્તાહિકમાં પ્રકટ થવા લાગી. એમની આ પ્રવૃત્તિ એમના સાથીઓ પણ જાણી ગયા હતા અને એ બદલ ક્યારેક એમની મજાક પણ કરી લેતા. ભગતસિંહને પણ સાહિત્યમાં રસ હતો એની બહુ ઓછાને ખબર હતી. યશપાલ તો માત્ર હિંદીમાં જ લખતા, જ્યારે ભગતસિંહ તો ઉર્દૂમાં લખતા. આ ઉપરાંત, આ સૌ મિત્રો નાટકો પણ કરતા, જેમાં સ્ત્રીપાત્રો પણ વિદ્યાર્થીઓ જ ભજવતા. આ નાટકો દ્વારા તેઓ અંગ્રેજોની ઠઠ્ઠા ઉડાવતા.

પણ કૉલેજની આર્થિક સ્થિતિ બરાબર રહી નહિ. ઘણા વિદ્યાર્થીઓ કૉલેજ છોડી ગએલા. બીજી બાજુ નૅશનલ સ્કૂલની પણ સ્થાપના થએલી. યશપાલને તેમાં હિંદીના શિક્ષક તરીકે નોકરી મળી. મા પરનો બોજ ઘટાડવા અને પોતાનો બી.એ.નો અભ્યાસ જારી રાખવા એમણે એ સ્વીકારી લીધી. આ જ અરસામાં ક્રાંતિકારી સંગઠન કંઈક સ્પષ્ટ રૂપ ધરવા લાગ્યું. 'હિંદુસ્તાની રીપબ્લિકન એસોસીએશન' (પ્રજાતંત્ર દળ એચ. આર. એ.)ની એક જાહેરાત સેનાપતિ બલરાજની સહીથી વહેંચાઈ. યશપાલનો એમાં સાથ હતો, પણ પોતાની નોકરી ને અભ્યાસને તિલાંજલિ આપવાની એમની ત્યારે તૈયારી નહોતી. સમધર્મી મિત્રોમાં સત્યાગ્રહની વિફળતા અને પ્રજાતંત્ર તથા સમાજવાદ વિષે ચર્ચાઓ ચાલતી. સમાજવાદ તરફ તેઓનું લક્ષ કેટલાક રૂસી સાહિત્યથી દોરાએલું.

'સર્વન્ટ્સ ઑવ પીપલ સોસાએટી' ઉપરાંત લાલા લાજપતરાયે પોતાના પિતાના નામે 'દ્વારકાદાસ પુસ્તકાલય' સ્થાપેલું. ત્યાંથી રાજનૈતિક પત્ર-પત્રિકાઓ ને અન્ય સાહિત્ય પૂરતા પ્રમાણમાં મળી રહેતું, એટલું જ નહિ એ પુસ્તકાલય આ સૌનો અડ્ડો જ બની ગએલું. એચ. આર. એ.ની પત્રિકાઓ ગવાલમંડીમાં ભગવતીચરણ વોહરાના મકાનમાં છપાવેલી. ધીરેધીરે પછી સંગઠન માટેનું ક્ષેત્ર ઊભું કરવા અને યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના જગાડવા 'નવજુવાન ભારત સભા' પણ રચાઈ. એના મુખ્ય સૂત્રધાર ભગવતીચરણ અને ભગતસિંહ હતા. આ સભાનું કાર્ય જાહેર હતું અને એથી પણ ઘણા લોકોને એમાં લપેટી શકાયા. કૉંગ્રેસના સમાજવાદી વિચારસરણીવાળા લોકો પણ તેમાં ભળ્યા. આગળ જતાં આ સંગઠન બીજા પ્રાંતોમાં પણ ફેલાઈ ગયું હતું. ગાંધીવાદી કૉંગ્રેસની સમજૂતીવાદી વિચારણાનું આલોચન કરી રાજનૈતિક કાર્યક્રમની પ્રેરણા આપવા તથા ક્રાંતિકારી આંદોલન પ્રત્યે સહાનુભૂતિ પ્રકટાવવાનું આ સભાનું ધ્યેય હતું. ડૉ. સત્યપાલ, ડૉ. કિચલુ, કેદારનાથ સહગલ, પિંડીદાસ સોઢી વગેરે જેવા કૉંગ્રેસના વામમાર્ગી નેતાઓનો એમને ટેકો હતો. પ્રકટ રીતે શક્ય એટલો ક્રાંતિનો પ્રચાર આ સભા દ્વારા થતો. સાંપ્રદાયિક એકતા માટે સમૂહભોજનો પણ યોજાતાં. પણ એમનો સાંપ્રદાયિક એકતાનો ખયાલ બધા સંપ્રદાયોને રાજી રાખવાનો નહોતો. તેઓ તો રૂઢિવાદ અને અંધશ્રદ્ધા દૂર કરવા ઇચ્છતા હતા. એમનાં સૂત્રો હતાં 'ઈન્કલાબ ઝિંદાબાદ, વંદે માતરમ્ ને હિંદુસ્તાન ઝિંદાબાદ'. હિંદુ મુસ્લિમો બંને એમાં સહયોગ આપતાં.

આમાં ભગતસિંહને દિલ્હી અને કાનપુર જઈ સંપર્કો વધારવાનો વિચાર આવ્યો. લાહોર છોડી જવાનું એક બીજું કારણ પણ હતું. એના પિતા સરદાર કિશનસિંહને પુત્રની આ આવારાગીરી પસંદ નહોતી અને કાયમ રોકટોક ચાલતી. એટલે એક દિવસ ઘરમાં જણાવ્યા વિના જ એ દિલ્હી ઊપડી જઈ ત્યાં 'અર્જુન' નામક અખબારમાં જોડાઈ ગયા. ત્યાં તેઓ લગભગ મફત કામ કરતા. એમની કામ પ્રત્યેની નિષ્ઠા અંગે બે મત નહોતા, પણ પોતાના અંગ્રેજીના સીમિત જ્ઞાનને કારણે ઘણી વાર છબરડા કરતા. જો કે આગળ જતાં એમણે મહેનત કરીને પોતાનું અંગ્રેજી સુધારી લીધું હતું. પછી દિલ્હીથી એ કાનપુર પણ પહોંચ્યા ને ત્યાં ગણેશશંકર વિદ્યાર્થીનો વિશ્વાસ મેળવી એમના 'પ્રતાપ'માં જોડાઈ ગયા. ત્યાં એમણે યુક્ત પ્રાંતના ક્રાંતિકારી વિદ્યાર્થીઓમાં સંપર્ક વધાર્યો. પણ ત્યાંના ક્રાંતિકારી નેતાઓ સુધી પહોંચી શક્યા નહોતા. એ જ ગાળામાં યુક્તપ્રાંતના દળ 'હિંદુસ્તાન રીપબ્લિકન આર્મી-સેના-(એચ. આર. એ.)એ લખનૌ જિલ્લામાં કાકોરી નજીક રેલવેની તિજોરી લૂંટી ધન મેળવવા સાથે સરકારની શક્તિ સામે એક આહ્વાન પણ ફેંક્યું. આ અંગે ધરપકડ ચાલી તેમાં ભગતસિંહ પણ ફસાઈ જાય તેમ હતું એટલે એ દિલ્હી જઈ સંગઠન જમાવવા મથી રહ્યા. (ચાલુ)

આંખ સામે ઘૂરકી રહેલા મોતનું સ્વાગત કરતી ઠંડી તાકાતની વાર્તા

સૌ. મૃણાલિની જોગલેકરની મરાઠી વાર્તા પરથી અનુવાદક સૌ. પદ્મજા તામ્હણકર

પીઠ પર ધીમેથી હાથ મૂકતાં ડૉક્ટરે ઘણું બધું કહ્યું. પણ શબ્દો કાન પરથી સરી પડ્યા. બધી સંવેદનાઓ સ્તબ્ધ બની. શરીરના અંતઃપ્રવાહો જાણે વહેવાનું જ ભૂલી ગયા.

'રમાને કૅન્સર છે: ઍડવાન્સ્ડ સ્ટેઈજ!' શબ્દો સોંસરવા ઊતરી ગયા. ત્રણ જ શબ્દો, પણ ચારે કોરથી ધસી આવ્યા, બીવડાવી રહ્યા. એ અશુભ ખબર સાથે ધીરેધીરે, ભારે પગલે દવાખાનામાંથી બહાર નીકળ્યો. નાની અમથી બીમારીની ફરિયાદ લઇને રમા આવેલી એનું આટલું ભયાનક નિદાન આવશે એમ સ્વપ્ને ય ધાર્યું ન હતું. મન બળીને ખાખ થઈ ગયું. ઘેર જવાનો વિચાર આજે મનને વિષણ્ણ બનાવી રહ્યો હતો. ભાઉને સાથે લેવા કે? એ એકમાત્ર આધાર હતા.

વિચારમાત્રથી જ પગમાં જરા બળ આવ્યું. ભાઉને ઘેર ગયો. અંદરથી આનંદનો કલરવ સંભળાયો. શું ત્યાં જઇને કાળી રેખા ભાલાની જેમ ભોંકવાની? પ્રકાશ પર અંધારું પાથરવાનું?

'અરે! નાના કે? આવો આવો, વખતસર આવ્યા. જમાઈ આવ્યા છે—ચાર દિવસની રજા લઈને.'

'અરે વાહ!' ચહેરા પર ઉછીનું હાસ્ય. પણ અંદર માંડ ભેગો કરેલો બનાવટી ઉત્સાહ છિન્નભિન્ન થઈ ગયો—રૂ પીંજાય એમ!

આટલા દૂરથી ચાર દિવસ માટે જમાઈ આવ્યા છે. મારી વાતથી બધાનાં મન પર નિરાશાનો ઓછાયો જ પડશે. અવાચક રહીને જ ઘેર જવા નીકળ્યો—પોતાના દુર્ભાગ્યને લઇને. પગ ભારે થવા લાગ્યા. કડવું ઝેર ઘૂંટાતું લાગ્યું. રમા પચાવશે આ ઝેરનો ઘૂંટડો? એનું સાંત્વન હવે કયા શબ્દોમાં હું કરીશ? 'મારે જ લલાટે કેમ આ લખાયું?' એવું પૂછે તો? હું શો જવાબ આપું? રમા...રમા...હવે થોડા જ દિવસો રહ્યા. ખૂબ બધું બોલી લેવાનું. પેટછૂટી વાતો કરી લેવાની.

ઘર દૂરથી દેખાવા લાગ્યુ. પેટમાં ધ્રાસ્કો પડ્યો. ઘેર જવું જ નથી એમ લાગ્યું. ક્યાંક દૂરદૂર ભાગી જવું. હવે તો ઘરની યે બીક લાગે છે. મૃત્યુ ચકરાવા લેતું હશે. ખૂણામાં, પાટડી પર, પલંગ નીચે, ક્યાંય પણ તકની રાહ જોતું બેઠું હશે.

મૃત્યુ કેવું હશે? રમાને દેખાતું હશે? ને એને એકલીને એની દાઢમાં મૂકી આપણે આટલા દૂર...દૂબળી પડતી એકાકી રમાની યાદ વ્યાકુળ કરી ગઈ. ભયને ડરાવતો હું ઘર તરફ આગળ વધ્યો.

રમાને ધીરેધીરે કેમ કહેવું, શું છુપાવવું, કેવી રીતે સમજાવવી, બચેલા સમયમાં એને કેવી રીતે સુખ આપવું...વિચારોની તંદ્રામાં ઘરનો રસ્તો ખૂટ્યો.

બારણા આગળ ક્યારનો ઊભો છું, પણ બેલ મારવા હાથ ઊપડતો નથી. કૃશ અને ક્ષીણ થએલી રમા હસતે મોંએ દરવાજો ખોલશે ને નિષ્કાળજીથી થાકેલા અવાજે પૂછશે: 'શું કહ્યું ડૉક્ટરે?'

હંમેશના હાસ્યથી ઓપતા એના ચહેરાને, 'તને કૅન્સર થયો છે. છ મહિના કે તેથી ય ઓછી આશા છે' કહી એ હાસ્યને ભૂંસી નાખવાનું?

મન વેદનામાં તરફડ્યું. વેદનાનું તાણ હાથમાં ઊતર્યું, ક્રીંડંગ—કેટલો કર્કશ અવાજ આવ્યો! બહાર ઊભો ઊભો હું ચમક્યો. બારણું ખૂલ્યું. રોજનું જ સ્નેહાળ હાસ્ય દરવાજામાં ઊભું હતું.

'કેટલું મોડું કર્યું? મને તો ફિકર થઈ પડી! આ તો મુંબાઈ. માણસ ઘેર આવે ત્યાં સુધી જીવ અધ્ધર જ હોય—'

લાગ્યું, એને કહી નાખું: રમા હવે બહુ દિવસ આમ વાટ જોતાં રહેવું નહિ પડે. થોડા દિવસ—ફક્ત થોડા જ દિવસ!

પેટમાંનું આંતરડું ફક્ક કરતું ઉકેલાતું લાગ્યું. આંખો ભીની બની.

એનો ન જોઇતો પ્રશ્ન સામે આવે એ પહેલાં જ મેં બોલવાનું શરૂ કર્યું: 'ભાઉને ત્યાં ગયો હતો. વાતોમાં વખત પસાર થઈ ગયો. એમનો જમાઈ આવ્યો છે. લગ્ન પછી પહેલી જ વખત આવે છે. અને તબિયત જુઓ તો ડબલ થઈ છે એની—' હું બોલતો હતો પણ પાછું ફરીને જોવાની હિંમત ન હતી. ઉત્સાહનું ખોટું નાટક કદાચ એ પકડી પાડે!

હાશ! રમાએ એ કપરો પ્રશ્ન પૂછ્યો જ નહિ. આમ તો બહુ જ સમજીને વર્તે છે, બોલે છે. હમેશની એની ટેવ જ છે એ.

અમે સામસામાં બેસી જમવા લાગ્યાં. પણ અન્ન બેસ્વાદ લાગ્યું.

'આજે તમારું કશામાં ધ્યાન જ નથી. હું કહું છું કે ડૉક્ટરે ભલેને ગમે તે કહ્યું હોય, તમે શું કામ...'

અને મારો કોળિયો હાથમાં જ રહી ગયો. આંખમાં ઝળઝળિયાં આવ્યાં. કંઈક યાદ આવ્યાનું નાટક કરતો હું બોલ્યો: 'અરે હાં, કહેવાનું ભૂલી જ ગયો. ડૉક્ટરે કહ્યું છે કે આમ તો કશું નથી, પણ છાતીમાં ગાંઠ છે. કાઢવાની જરૂર નથી. તાતામાં થોડી ટ્રીટમેન્ટ તો—'

મનોરમાનો પીરસતો હાથ થંભી ગયો. અવાક્ થઈ એ મારી સામે જોતી જ રહી... 'ગાંઠ?... કાઢવાની જરૂર નથી એમ કહ્યું?' અને જોતજોતાંમાં એનો ચહેરો ફિક્કો પડી ગયો. ભયનું એક પ્રચંડ મોજું એના ચહેરાને થથરાવી પસાર થઈ ગયું.

હું નીચે જોઈ કોળિયો ભરવા લાગ્યો. એની સામે નજર માંડવાની હિંમત ચાલતી ન હતી. થોડી વારે આંખને ખૂણેથી જોયું એ સ્તબ્ધ બેઠી હતી. પણ નજર ક્યાંક દૂર ચોંટેલી—ખાલી ખમ! જીવનની પગદંડી જાણે કોઈ એક અંધારી ખીણ પાસે પૂરી થતી એને દેખાતી હતી. એ ખીણમાં કદાચ એ જોતી પણ હશે. શું દેખાતું હશે અંદર? ગૂંગળાવી નાખનારો વિકરાળ અંધકાર? કે ચોમાસાના પહેલા વરસાદથી આછા પાતળા બનેલા અંધકારમાંથી ફેલાતો જતો પ્રકાશ? કોણ જાણે! પણ એકાએક મનોરમા મ્હોરી ઊઠી. ગદ્ગદ્ કંઠે પણ હસતે મોંએ બોલી: 'આટલું જ કહ્યું ને ડૉક્ટરે? તો પછી આટલું બધું ગભરાવાની શી જરૂર? ટ્રીટમેન્ટ કરીશું, અને હું એમ કહું છું કે નસીબમાં લખેલું છે એ થોડું બદલાવાનું છે? લીલીસૂકી તો બધાંને જ જોવી રહી. જ્યારે તમે...'

હું આભો જ બની ગયો! હવે એને સમજાવવાનો પ્રશ્ન જ રહ્યો ન હતો. એ જ મને સમજાવી રહી હતી. એ જ મારા દાઝેલા મન પર ફૂંક મારી રહી હતી. મૃત્યુની મહેમાનગીરી એણે સહજ સ્વીકારી લીધી. નાના બાળકને પટાવીએ તેમ એ જ મને કહેવા લાગી: 'પહેલાં મહેમાનો આવતા ત્યારે હું કોઇ વખત કચકચ કરતી તો તમે જ મને કહેતા ને, કે ઘર માંડ્યું તે મહેમાન તો આવવાના જ. તો હવે આ પણ મહેમાન જ છે ને. એનો કંટાળો કર્યે કેમ ચાલશે? જન્મ લીધો છે એટલે એક ને એક દિવસે આ મહેમાન તો આવવાનો જ.'

'અરે, પણ આ તે કેવો મહેમાન? અઘોરી!'

'બધા જ સરખા ક્યાંથી હોય? અને ગમે તેવો હોય તો ય તમે એને પાછો મોકલી શકવાના છો કે? હું તો કહું છું કે આ મહેમાન કેટલો સમજણો છે. આવતાંની સાથે જ એણે પોતાનો ઇરાદો સ્પષ્ટ કરી દીધો.

શંકાને સ્થાન જ નહિ. આશાનો દોર પણ નહિ. ઑપરેશન, ખર્ચો, યાતના, આશા-નિરાશાની ફેરફુદડી કશું જ નહિ. આવતાંની સાથે જ કહી નાખ્યું: 'હું આવ્યો છું તન લેવા, વિદાય માગવા જેટલો આ વખત આપ્યો એ ઓછું છે?'

હું અવાચક બન્યો. શું કહેવું આને? આ સ્થિતિ એને ક્યારે પ્રાપ્ત થઈ? ક્યાંથી વિદ્યા શીખી? હું ધર્મનો ઉપાસક, પોતાને નિગ્રહી, નિરીચ્છ સમજનારો તે આ યમદંડ જોતાં જ ભાંગી પડ્યો. ને રમા?

નાની છોકરીઓ 'ઘરઘર' રમવામાં જેટલી તન્મય થઈ જાય એટલી જ તન્મયતાથી એ સંસારમાં ગૂંથાએલી. પણ તેડું આવતાંની સાથે જ આખો સંસાર નિર્લિપ્ત મને સંકેલી લીધો!

રમા! ક્યાંથી મેળવ્યું આ બળ? એક પળ પણ વિચલિત થઈ નથી, દોલાયમાન થઈ નથી. તને કોઈ વ્યથા નથી, રંજ નથી!

લગ્ન થતાં જેટલી સ્વસ્થતાથી મારી પાછળ આવી એટલી જ સ્વસ્થતાથી તું આગળ જવાની તૈયારી કરી રહી છે!

ઘણી વખત એમ લાગે છે કે ખૂબ વાતો કરી લઉં–આગળના મારા આયુષ્યને પૂરી થઈ રહે એટલી. પણ હમણાંથી કોણ જાણે શું થયું છે, વિષય જ જડતો નથી! જાણે બુદ્ધિ ટૂંટિયું વાળીને પડી છે. મૃત્યુને રસ્તે ચાલનાર વટેમાર્ગુ સાથે પાર્થિવ વિષયો બોલવાના? એની સાથે બેસતાં બધા જ વિષયો નિરર્થક લાગે છે. ખરે જ દેહનું સગપણ કેટલું અપૂર્વ છે! નાના અમથા વિષયમાં પણ આ સગપણ કેટલો રંગ ભરે છે! ક્ષુલ્લક વાત પણ કેટલી રસાળ લાગે છે! કાવાદાવા, રાગલોભ, આનંદદુઃખ બધું જ. પણ હવે આ સગપણ તૂટવાનું છે. એટલે બધી જ ઘટના ઠાલી લાગે છે. સુખ દયાપણું લાગે છે. દુઃખ નજીવું લાગે છે. મૃત્યુ સામે બધું જ વામણું બન્યું છે.—નિરર્થક! વર્તમાન પોતાનું ભવિષ્ય સંકેલી રહ્યો છે. ભૂતકાળનું જ ભાથું છે. પણ તે ય ખોલવાનું મન નથી થતું. લાગે છે કે નાજુક હળવી યાદોનો સ્પર્શ થશે તો મન પીગળી જશે. બહાર આવશે ફક્ત હૃદયદ્રાવક દુઃખ...ચિરવિરહની મરણતોલ વેદના.

દિવસ આખો નીરવતામાં પસાર થાય છે. રમા પોતાનામાં જ મશગૂલ છે-જવાની તૈયારીમાં...અને મને આ વિચિત્ર એકલાપણું ગૂંગળાવે છે. ઘરમાં બેસાતું નથી, ને બહાર રહેવાતું નથી. એક અગમ્ય ખેંચતાણમાં હું ગરતો જાઉં છું.

રમા શાંત છે. સ્થિર. આથમતા દિવસની સાથે કણ કણ દેહદાન ચાલુ છે. અંદરથી સુકાતી જાય છે. રોગનો એ ભમરો એને અંદરથી ખોતરી રહ્યો છે. નક્ષત્ર જેવી એની કાંતિ કાળી પડતી જાય છે. ઉઘાડી આંખે એ જોઈ રહેવા સિવાય હું કંઈ જ કરી શકતો નથી. મૃત્યુની રાહ! ક્ષણે ક્ષણે પાસે આવતા મૃત્યુની રાહ! પત્ની પર થતો અત્યાચાર, જેમ હાથપગ બાંધીને પડેલો કોઈ માણસ અસહાયતાથી જુએ તેવી મારી સ્થિતિ થઈ છે. આ રાહ જોવી ઘણી ભયંકર છે. સવારે ઊઠીને થાકેલા પગે એને કામ કરતી જોઉં છું ત્યારે જીવ ડહોળાય છે પણ ખરો, અને 'ચાલો એક દિવસ મળ્યો' એ વિચારથી જીવને સારું પણ લાગે છે.

હવે તો એ બહુ અશક્ત થઈ ગઈ છે. કામ થતું નથી. પણ દરેક કામ એની રીતે જ થવું જોઈએ એવો એનો નિરર્થક, ત્રાસદાયક આગ્રહ હોય છે. ઊંધા મૂકેલા કપનો હૅન્ડલ પણ અમુક જ દિશામાં રાખવો જોઇએ. મારુ કામ એને પસંદ નથી. ગમે તેવું ચાલે નહિ. પાણીનો લોભ ન્યારો. પીપડું, ડોલ તો ઠીક જાણે, પણ તપેલી, લોટા, પ્યાલા સુધ્ધાં ભરી રાખે! શરૂમાં હું એને કહેતો: 'અરે, એકાદ દિવસ પાણી નહિ આવે તો પણ ચાલી જશે. આપણે બે જણ છીએને?' પણ એણે કોઈ દિવસ માન્યું નથી. વાદવિવાદમાં ઊતરવાનો એનો સ્વભાવ નથી. એ એનો એક જ જવાબ આપે: 'તમારે તો પાણી ભરવું પડતું નથીને?'

હજી પણ એ જ વ્યવસ્થિત રીતે બધું કરવા મથે છે. મને નવાઈ લાગે છે. એક બાજુ જવાની તૈયારી ને બીજી બાજુ આ ઉપાધિ! મદદ માટે કોઈને રાખું, પણ આજકાલ મુંબાઈમાં માણસો મળતાં નથી ને સગાં પોતાના કામધંધા છોડીને કેવી રીતે આવે? હવે તો એને એકલી મૂકીને બહાર જતાં ય જીવ ચાલતો નથી.

છેવટે ઘણા વિચારને અંતે, થોડી રજા લઇને ગામડે જવાનો નિર્ણય કર્યો. ત્યાં વડીલોપાર્જિત ઘર છે. નાનો ભાઈ, તેનું કુટુંબ છે. રમાનો જીવ છે એમાં. એને જરા સારું લાગશે. આરામ મળશે.

ભાઈને કાગળ લખ્યો. વળતી ટપાલે જવાબ પણ આવ્યો. ભાભીને લઈને આવી જાઓ. એમનો ઓરડો લીંપીગૂંપીને ચોખ્ખો કરી રાખ્યો છે. એમના કામ માટે સ્વતંત્ર બાઈ પણ મળી ગઈ છે.

મેં રમાને કહ્યું: 'એકાદ મહિનો આપણે ગામ જઈ આવીએ. તને જરા હવાફેર થશે.' રમાને ખૂબ સારું લાગ્યું. 'મનની જ વાત કરી જાણે! દિયર, વહુઓ, છોકરાં બધાંને મળવાનું મનમાં હતું જ. એમ ને એમ જવાનું થાત તો કદાચ કાગડો પિંડને અડક્યો ન હોત ને નકામો તમને ત્રાસ વેઠવો પડત!'

'રમા!...' મારા જ અવાજથી હું ચમક્યો. 'રમા, ગુસ્સે ન થઈશ હું વઢ્યો એટલે. પણ કેવું અપશુકનિયાળ બોલે છે!'

'શુકન, અપશુકન તો માનવા પર છે. તમારા પહેલાં જાઉં છું, એવું પણ ભાગ્ય જોઈએ ને? પેલાં ગિરિજાબાઈના હાલ જોયા ને? તમારી પાછળ હું રહી જાઉં એના કરતાં આ સારુ ને?'

જવાનો દિવસ પાસે આવ્યો. મન ગૂંગળાવા લાગ્યું. જવા માટે સારું એવું મુહૂર્ત શોધી કાઢ્યું. ખબર હતી કે બધું નિરર્થક છે, છતાં ય.

થોડોઘણો સામાન બાંધી રાખ્યો. બજારમાંથી થોડીક ચીજવસ્તુઓ લઇને પાછો ફર્યો. અંદરથી વાસણોનો અવાજ આવ્યો. પાછું ચાલુ થયું કે પાણી ભરવાનું? ભારે શોખ પાણી ભરવાનો! જરા ગુસ્સામાં જ રસોડામાં ગયો ને અવાક્ બન્યો. રમા જમીન પર બેઠી હતી. ચારે બાજુ જાણે રસોડું જ ભેગું થયું હતું. બાજુમાં મોટું ખોખું હતું. એક એક વાસણ પર મમતાથી હાથ ફેરવીને એ એને અંદર મૂકી રહી હતી.

મારા પેટમાં ડહોળાઈ આવ્યું. છતાં ખોટા ઉત્સાહથી કહ્યું: 'રમા, આપણે કાંઈ કાયમનાં થોડાં ત્યાં રહેવા જઈએ છીએ? આટલો બધો બંદોબસ્ત કરવાની શી જરૂર?'

'જુઓ, તમારું ઘરમાં કંઈ ધ્યાન નથી હોતું. કામવાળી વાસણ ચોરી જશે તો તમને એનો પત્તો ય નહિ લાગે. હવે તો તમે એકલા જ રહેવાના ને? કેટલાં વાસણ જોઈએ? વધારાનાં બધાં વાસણ માળિયે ચડાવી દઉં છું.'

'રમા...?' હું એની પાસે ધસી ગયો. મોઢા પર ચડાવેલું ઉત્સાહનું મ્હોરું એના શબ્દોથી ચીરાઈ ગયું. અંદરનું દુઃખ બહાર ઊછળ્યું. હવે એકલા જ રહેવાનું છે એ વિચાર તીર બની હૃદય સોંસરવો ઊતરી ગયો. લોહીનો ફુવારો ઊડ્યો. હવે રમા પાછી નહિ આવે. આ છેલ્લી વખતે આખા ઘર પર એનો હાથ ફરે છે, આ છેલ્લું પીરસ્યું, છેલ્લું પાણી ભર્યું. છેલ્લો આગ્રહ, છેલ્લી ફરિયાદ, છેલ્લી સાચવણી, છેલ્લું–છેલ્લું–છેલ્લો સાથ!

આંખોમાંથી દડદડ આંસુ સરી પડ્યાં. એના ખભા પર માથું મૂક્યું. નાનાં છોકરાંની જેમ અસહાય બન્યો: 'રમા, રમા! આવું કેમ થયું? મારે જ લલાટે કેમ આ લખાયું? આજ લગી તેં કોઈનું બૂરું ઇચ્છ્યું પણ નથી...છતાં આવું?'

મનોરમાની આંખો ભરાઈ આવી. હાથ કંપવા લાગ્યા. પણ સ્વર માત્ર શાંત, સ્થિર: 'આવાં ઘેલાં શું કાઢો છો? ગાડીમાં બેઠા પછી સ્ટેશન આવે એટલે ઊતરવું તો જોઈએ જ ને? બધાંને ગાડીમાં બેસતી વખતે એની ખબર તો હોય જ છે. એમાં આટલા ઢીલા કેમ થાઓ છો? હવે આપણે મોટા ઘરમાં જઈએ છીએ. મને તો ખૂબ આનંદ થાય છે.

શાનો? ...કહું? લગ્ન પછીનાં થોડાં વર્ષો આપણે ત્યાં જ વીતાવેલાં. તેની યાદો અનુભવવા મળશે. આંખો ભરીભરીને બધું નીરખી લઈશ. પાછલા આંગણામાં તમે નાહતા'તા, યાદ છે? એક વખત મને ખૂબ ભીંજવેલી તે? ઉપરનો આપણો ખંડ–અરે હા, પણ હવે મારાથી ચડી નહિ શકાય. કંઈ નહિ. હું નીચેના ઓરડામાં રહીશ. મેં લીંપેલી જમીનમાં પડેલી ઓકળીઓ કદાચ હજી મને દેખાશે. તમે રોપેલ નારિયેળના ઝાડને હવે તો નારિયેળ આવતાં થઈ ગયાં હશે. મારી જાઈની વેલ પણ ખૂબ પાંગરી હશે. કેટલા દિવસો પછી રહેવા જઈએ છીએ આપણે! કદાચ ત્યાં જઈ ને મારી તબિયત સુધરી પણ જાય...હમેશાં ખરાબ વિચારો જ કેમ કરવાના? આંખો લૂછો જોઈએ.'

હું સાવ હતબુદ્ધ બન્યો. કોથમીરની એક એક ડાળખી પણ ચીવટથી વાપરનાર હવે આટલી નિર્વિકલ્પ થઈ સંસારની વિદાય લે છે? યોગાવસ્થા આનાથી શું જુદી હોઈ શકે?

ગામડે આવ્યા પછી રમા આનંદમાં છે. ચહેરા પર સમાધાન છવાયું છે. પણ શરીર કૃશ બનતું જાય છે. આવતાંની સાથે નારિયેળના ઝાડને અને જાઈની વેલને મળી આવી એટલું જ. હવે તો બારણા સુધી ચાલવાની ય શક્તિ એનામાં રહી નથી.

પણ આવતાંની સાથે જ જાણે આખા ઘરનો દોર પોતાના હાથમાં લઈને બેઠી છે. સાસુ ગયાં તેની સાથે ગએલી શિસ્ત જાણે પોતે જતાં જતાં પાછી ઘરને લગાડતી જાય છે. દેરાણીની વહુઓને બધું શીખવી રહી છે. નાની વહુ ભારે પગે છે. અગિયારને ટકોરે એ ભાણા પર ન હોય તો રમા ઘર ગજવી મૂકે છે. મોટી વહુનો દીકરો અગિયાર મહિનાનો છે. આવતાંની સાથે જ એનું વેળાપત્રક બારણા પર ચોડી દીધું: છ વાગ્યે દૂધ, આઠ વાગ્યે બાલામૃત, નવ વાગ્યે તેલ માલિશ, સ્નાન. પછી સૂંઠનો લેપ. સાંજે નજર ઉતારવી...બધું લખીને બેસી રહી નથી. ઉપરથી પાછો હુકમ કે 'આ બધું વખતસર થાય તેમ તેમ મને કહી જવાનું!' આવીને કહ્યા પછી ય શંકા આવે: 'લેપ કર્યો હશે કે ખોટું જ કહી ગઈ?'

હું કહેતો: 'તું શું કામ ત્રાસ વેઠ્યા કરે છે? ભણેલીગણેલી વહુઓ છે. કરી લેશે આપમેળે!'

'આવું બોલાય? આપણાં જ ને બધાં લોકો. એમને માટે આપણે આટલી પણ તકલીફ નહિ લેવાની?'

આખી જિંદગી રમા બધાંની સાથે નિર્મળ મનથી જ વર્તી છે. તારું મારું, કાવાદાવા કશું જ નહિ. એને એવું ફાવ્યું જ નથી. પોતાને માટે સાડી ખરીદે તો દેરાણી માટે જોઈએ જ. શું એટલે જ આટલી નિઃશંકતાથી મૃત્યુને ભેટવા તૈયાર થઈ છે? પણ આજકાલ એનું વર્તન અકલનીય બનતું જાય છે. આટલી હુકમશાહી રમામાં આવી ક્યાંથી? સુસ્પષ્ટ થતો જતો સામો કિનારો દેખાતો છતાં આ કિનારા પરની માયામાં ગૂંચવાઈ કેમ રહેતી હશે? કે આખી જિંદગીમાં કોઈ દિવસ કોઈને ય હુકમ કર્યો નથી તેથી હુકમ કરવાની હોંશ પૂરી કરી રહી હશે?

કેટલીક વખત અકારણ જ ખિજાય છે, ન કહેવાનું કહી બેસે છે. આયુષ્યમાં પ્રથમવાર જ આટલી ખિજાએલી એને હું જોઉં છું. કે પછી પાયાનાં બંધનો પોતાને હાથે જ તોડવાની આ યુક્તિ છે? કોઈ વાસના બાકી ન રહી જાય. બધું ઉપભોગવા પાછા ન આવવું પડે.

દિવસે દિવસે દીવામાં તેલ ખૂટતું જાય છે. પ્રકાશ ઓછો થતો જાય છે. પણ એનો ઉત્સાહ જેમનો તેમ છે. હજી પણ એ બધાંમાં ઊંડો રસ લે છે. બધાંને સંદેશા મોકલી મોકલી બોલાવી લે છે. ઘણું ઘણું બોલી લે છે. કહું: 'રમા, બહુ બોલબોલ ન કર. શક્તિ ઓછી થાય.' તો વળી મને જ દબડાવે: 'આખો જન્મ તમારા કહ્યામાં રહી છું. હવે તો હું સ્વતંત્ર છું. મને મારી મરજી પ્રમાણે થોડું કરવા દો. તમે જ કહો છો ને કે હવે થોડા જ દિવસ બાકી છે. પછી એમાં એક ઓછો કે વધારે, શું ફેર પડવાનો છે?'

અહીં આવ્યા પછી એનો સૂર જરા ઉપરની પટ્ટીમાંથી જ આવે છે. સાસુનો ખિતાબ ધારણ કર્યો છે જાણે. ઘેર ફક્ત પત્ની હતી—પડેલો બોલ ઝીલનારી! મેં જ નીચેની પટ્ટીમાં ઊતરતાં કહ્યું: 'રમા હું હુકમ નથી કરતો, વિનંતી કરું છું—તારા ભલા માટે.' રમા ખડખડાટ હસી. જાણે બીજાની લુચ્ચાઈ પકડી પાડતી હોય એમ! 'હવે મારા ભલા માટે તમે વાત કરીને તમારા મનને કેટલું ફોસલાવતા રહેશો? એને કહી નાખો કે આશા છોડી દે. હવે તો ફક્ત અનિશ્ચિતતાનો જ સંગાથ છે.'

તે દિવસે મારા કાકાની દીકરી સરલાતાઈ મળવા આવી. છાપરાના તૂટેલા નળિયામાંથી એક સોનેરી કિરણ બરાબર રમાના મોઢા ઉપર પડતું હતું અને તેથી એનો ચહેરો ચંદ્ર જેવો સૌમ્ય સુંદર દેખાતો હતો!

અને મને લાગ્યું: અરે! રમાના સૌન્દર્યનાં વખાણ તો આપણે કદી એની પાસે કર્યાં જ નથી! કે તે વખતે પ્રથા જ ન હતી? નહિ હોય. પણ હવે તો એને કહેવું જ પડશે. નહિ તો મનમાં ડંખ રહી જશે.

સરલાતાઇને પણ એવું જ કંઈક લાગ્યું, એણે કહ્યું: 'ભાભી, તમે બહુ સરસ લાગો છો. ચહેરો તો સાવ નીરોગી લાગે છે. ચોક્કસ તમારી તબિયત સુધારા પર છે.'

પગ પર પગ લંબાવીને રમા બેઠી હતી. કમરમાંથી વળીને એ જોરથી હસી: 'સરલાતાઈ, શું કામ મને પટાવો છો? મારી હવે જવાની પૂર્ણ તૈયારી થઈ ગઈ છે. તમે લોકો જ તમારા મનની તૈયારી કરી રાખો.'

મૃત્યુને હળવેથી ઝીલીને ફૂલની જેમ માથામાં ખોસી એ જાણે વટમાં ફરે છે, ને અમને હસે છે. એ પછી બીજે જ દિવસે મને કહ્યું: 'મારો દાગીનાનો ડબ્બો લાવ્યા છીએ તે આપોને જરા.'

અંદરથી સોનાના પાટલા ને હાર કાઢીને બોલી: 'આ નાની વહુને આપવાનાં છે. એના લગ્ન વખતે મારી તબિયત સારી ન હોવાથી એના દાગીના ઘડાવતી વખતે હું હાજર નહોતી. કેટલા તકલાદી અને હલકા દાગીના ઘડ્યા છે એના! અને આ સોનાની બે ચેન બન્નેના દીકરાને આપવાની. અને બાકી રહેતા દાગીના વેચી પૈસા બૅંકમાં મૂકજો. ઘડપણમાં એ જ કામ લાગશે. હવે કોઇને કંઈ આપવાનું બાકી રહ્યું નથી. અને બીજું—' મારી સહનશક્તિ ખૂટી. ના ઈલાજે ગુસ્સામાં હું બોલ્યો: 'રમા, હવે બસ કર. નહિતર હું આ ચાલ્યો.'

'લો, આ મૂક્યું.' હસતાં હસતાં એણે કહ્યું. પણ બીજે જ દિવસે એણે નાની વહુને બોલાવી દાગીના આપ્યા ને કહ્યું: 'જા, ઝટ પહેરી આવ. મારે તને એ દાગીનામાં જોવી છે.'

રમા પોતાની બધી હોંશ પૂરી કરી લેતી હતી. હોંશ એટલે બીજાના માટેની જ. છેવટે એક દિવસ મેં પૂછ્યું: 'રમા, તારી કોઈ ઇચ્છા બાકી રહી છે? કંઈ કરવાની અથવા મેળવવાની?'

ક્ષીણ અવાજમાં શાંત હસતાં એ બોલી: 'ખરું કહું? હું ખૂબ જ તૃપ્ત છું. છલોછલ ભરેલું બધું જ મને મળ્યું છે. એ તો કાગડો પિંડને અડશે ત્યારે તમને એની ખબર પડશે. મંગળફેરા ફરીને તમારી પાછળ આવી ત્યારથી જ ભરોસો હતો કે કશું ઓછું પડવાનું નથી. અને એમ જ થયું. આ બધું આટોપી લેવાની માથાકૂટ તો તમારા માટે જ કરું છું. તમારાથી કંઈ થવાનું નથી એટલે.'

હું ગૂંગળાઈ ગયો. આંખોમાંથી અશ્રુધારા ચાલી. હવે આંસુને હું રમાથી છુપાવતો નથી. ગળું ભરાઈ આવ્યું: 'રમા કેટલી દૂર ચાલી ગઈ છે તું! બધાથી અલિપ્ત!'

મારા હાથ પર પોતાનો થરથરતો હાથ મૂકતાં સજળ નેત્રે બોલી: 'તમને એમ લાગે છે કે તમને છોડીને જતાં મને કંઈ જ નહિ થતું હોય?

ખરું કહું! જીવ ફક્ત તમારામાં જ ઘોળાયા કરે છે. બીજું મારુ કોણ છે? પણ મેં મનને મનાવ્યું છે કે મારું આખું જીવન પતિ અને ઘર પૂરતું મર્યાદિત હતું. પતિને તો એનું મિત્રમંડળ છે, આશ્રમ છે. અરે હા, આશ્રમનાં કામમાં મદદ કરવાનું ક્યારનું કહ્યા કરો છો ને? મારે લીધે બધું છોડી દીધું હતું. હવે સારી રીતે કામ કરી શકશો. સ્વામીજીની પણ ઇચ્છા હતી કે તમે આશ્રમમાં કામ કરો. કોઈના જવાથી કોઇનો મોક્ષ-માર્ગ ખુલ્લો થતો હોય છે. ગએલાના દુઃખમાં ખૂંપી નહિ બેસવાનું, હં! તમારા આગળના આયુષ્યનો સદુપયોગ કરજો. અને હા, આજ સુધી કંઈ વધુપડતું બોલી હોઉં તો માફ કરશો ને?'

મને લાગ્યું, રમાના પગ પકડી લઉં. પોતાની જાતને ન્યોછાવર કરી દઉં. ચોધાર આંસુએ રડી લઉં... અને મારા મગજમાં કૉલેજમાં વાંચેલી રોઝેટીની પંક્તિઓ ઘૂમવા લાગી.

Better by for you should forget and smile
Than that you should remember and be sad.

બીજા બે દિવસ ઊગ્યા ને આથમ્યા. રમા સાવ નંખાઈ ગઈ હતી. ઊઠવું પણ મુશ્કેલ બન્યું હતું. આખા શરીરમાં વેદના વ્યાપી હતી.

હવે તો હું એની પાસે જ બેસી રહેતો હતો. હા, એણે એક છેવટ-ની ઇચ્છા દર્શાવી હતી: 'તમારો ચહેરો જોતાંજોતાં છેલ્લો શ્વાસ લેવો છે મારે.' મારે એ ક્ષણ ગુમાવવી ન હતી. એટલું પણ ઋણ મારાથી ઊચ-કાય એમ ન હતું. રમા પોતાની વેદના મૂંગે મોઢે સહન કરતી હતી. એણે પોતાના દુઃખને દયનીય બનાવ્યું નહિ. કોઈની પાસે ફરિયાદ કરી નહિ. કોઈ વખત સામસામી નજર મળે તો ક્ષીણ હસી લેતી.

'જરા મોટી વહુને બોલાવશો?' રમાનો અશક્ત સ્વર કાને પડ્યો. વહુ આવતાં કહેવા લાગી: 'પરમ દિવસે સુધાતાઈના પૌત્રનો નામક-રણ વિધિ છે ને? ઈશ્વર ન કરે ને કાલે મારું કંઈ થઈ જાય તો એક દિ-વસ માટે એમને કંઈ જણાવશો નહિ. બધી તૈયારી કરેલી ફોગટ જશે. મન પણ નારાજ થાયને? અને બીજી વાત, ગયે વર્ષે તાઈ ગુજરી ગયાં ત્યારે એના શ્રાદ્ધ વખતે સોનાના સૌભાગ્યાલંકાર આપેલા. મારા ગયા પછી પણ તમને એવું કોઈ સૂચન કરે તો સાડીચોળી સાથે ફક્ત કાનની બુટ્ટી આપજો. બૅગમાં તળિયે ડબ્બીમાં છે.'

'બસ! બસ!' કહેતાં વહુએ આંખે છેડો ધર્યો.

બીજા ચાર દિવસ આવ્યા ને ગયા. જરા બહાર જઈ આવ્યો. આ-વીને જોઉં છું તો આંખો ઝીણી કરીકરીને રમા કંઈ પરોવી રહી હતી.

'સોનામાં ગંઠાવેલું મંગળસૂત્ર બહુ ભારે પડે છે, એટલે સાદા દોરા-માં કાળાં મોતી પરોવી રહી છું.' એણે કહ્યું.

મનમાં દુઃખના પરપોટા ઊભરાયા. કેટલા શાંત ચિત્તે જવાની તૈ-યારી કરે છે? થોડાક દિવસ માટે પણ જો ઘર છોડી બહારગામ જવું હોય તો ય એનું અરધું ચિત્ત ઘરમાં ચોંટી રહેતું. એ જ આ રમા?

દોરામાં પરોવેલું મંગળસૂત્ર એણે ગળામાં પહેરી લીધું. સોનાની બંગડી, પાટલા, ગંઠાવેલું મંગળસૂત્ર એક એક કરતાં બધા દાગીના ઉતારી રૂમાલમાં રાખ્યા. 'જરા કંકુની ડબી લાવ તો.' ને સૌભાગ્યાલંકારને કંકુ ચડાવી નમસ્કાર કરતાં ધીરેથી બોલી: 'લગ્નમાં ચડાવેલા આજે ઉતારું છું. અવગણના કે અપમાન નથી કરતી હોં, પણ તમારું માન રાખી વિ-દાય માગું છું.' ને આછા સમાધાનનું સ્મિત એના ચહેરા પર ફરી વળ્યું.

હું એ જ પગલે પાછો ફર્યો. મતિ બહેર મારી ગઈ. ઓસરીનાં હીં-ચકે બેઠો. હાથપગ પેટ પાસે લઈ પોટલું થઈ બેઠેલો હું આજે કેવો થયો છું? દિઙ્મૂઢ? સ્તંભિત? હતબુદ્ધ? ના ના! એથી કંઈ જુદી જ પરા-કોટીની અવસ્થામાં જઈ પહોંચ્યો છું. આજ લગી જોએલી રમા અને છેલ્લા ત્રણ મહિનામાં બદલાએલી રમા, આ બન્ને એક જ છે કે એકનું બીજીમાં રૂપાંતર છે?

શાથી આ રૂપાંતર થયું? કયો પ્રકાશ એને દેખાયો? કયું બળ મળ્યું? નિઃસંગ થવાની સાધના કેવી રીતે કેળવી?

એના ઓરડામાં હવે સવારસાંજ પાઠ ચાલે છે. નચિકેતનું આખ્યાન કાને પડે છે. હિંમતથી ખુલ્લી છાતીએ મૃત્યુની સામે જનારો નચિકેત.

હીંચકો હલે છે: આગળ...પાછળ...કડામાંથી આવતો કિચુડ કિચુડ અવાજ કાને અથડાય છે. નચિકેત, મનોરમા, મૃત્યુ, જય, વિજય... મન પણ હીંચકે ચડ્યું છે, ચકરાવે ચડ્યું છે.

કોઇકે બૂમ મારી: 'નાના, જલદી આવો! ભાભી જુઓ તો, કેવું કરે છે!' શબ્દો બુદ્ધિને સ્પર્શ કર્યા વગર કાનમાં જ ભમતા રહ્યા. અરે, ભાભી નચિકેત સાથે સંવાદ કરતી હશે. કોઇકે મને જોરથી હલાવ્યો!

હીંચકો થંભ્યો. હું ભાનમાં આવ્યો. અને ગંભીર પરિસ્થિતિના અણસાર તલવારની જેમ ભોંકાયો. હું ઘાયલ થયો. દોડતો ઓરડામાં ગયો. પણ...પણ હવે મોડું થયું હતું. બધું ખલાસ થઇ ગયું હતું. રહ્યું હતું ફક્ત એનું ચેતનારહિત, ઠંડો સ્પર્શ ઓઢેલું શરીર. અને મારો વાંઝણો શોક.

આખરે એકલો જ ઘેર પાછો ફર્યો છું મન પર ભારે દબાણ છે. વારં-વાર લાગે છે કે રમા ચારે કોરથી મને જુએ છે, ને કહ્યા કરે છે કે છેલ્લી ઇચ્છા પણ તમારાથી પૂરી ન થઈ શકી? છેલ્લી ઘડીએ છેલ્લો શ્વાસ તર-ફડ્યાં હશે એનો. ચકળવકળ આંખો મને શોધતી હશે છેલ્લી વિદાય લેવા, એની એ આંખો સ્વપ્નમાં પણ દેખાય છે. ને હું પરસેવે રેબઝેબ થઈ ઝબકીને જાગી જાઉં છું, કેવી કાળનિદ્રા આવી તે વખતે કોણ જાણે!

બારમે દિવસે ખૂબ ગભરાએલો. એની છેલ્લી ઇચ્છા પૂરી કરી ન-હેતી મેં. કાગડો પિંડને અડશે નહિ તો લોકો કહેશે: 'મન સંસારમાં ચોંટેલું હશે બીચારીનું.' અને મને એ જ વાતનું દુઃખ થશે

પણ એવું કંઈ થયું નહિ. કાગડો પિંડને અડ્યો. એણે મરતી વખતે મને ક્ષમા આપી બધાં જ ઋણમાંથી મને મુક્ત કર્યો હતો.

હવે મારો જીવ આ મુક્તિમાં જ ગૂંગળાય છે. ગભરાય છે. હું ખૂબ જ અપરાધી છું એમ પણ લાગે છે. પછી હું ઘરમાં જાઉં છું. ઘર અના જેવું વ્યવસ્થિત રાખું છું. નળ ખોલી પીપડાં, ડોલ, તપેલી ને પ્યાલા સુધ્ધાં ભરી રાખું છું, ત્યારે મનને થોડી શાતા વળે છે.

લૉન ટેનિસ અને વિમ્બલ્ડન ટેનિસ ચૅમ્પીઅન્ શિપનાં સો વર્ષ

લેખક: **ભરત ના. ભટ્ટ**



▷ ઈ. ૧૮૭૭માં વિમ્બલ્ડન ચૅમ્પીઅનશિપની પ્રથમ સ્પર્ધા યોજાઈ ત્યારનું એક દૃશ્ય

જેમ ક્રિકેટનું 'મક્કા' ઇંગ્લૅન્ડમાં આવેલું લૉર્ડ્ઝનું મેદાન ગણાય તેમ લૉન ટેનિસનું 'મક્કા' વિમ્બલ્ડન ગણાય છે. વિમ્બલ્ડન એ લંડનનું એક પરુ છે ને ત્યાં આવેલી ટેકરીઓના ઢોળાવ પર બંધાયેલાં ૧૬ ટેનિસ કૉર્ટ્સ પર દર વર્ષે જૂન-જુલાઈમાં 'વિમ્બલ્ડન ટેનિસ ચૅમ્પિયનશિપ' રમાય છે. જેને આ જૂનમાં ૧૦૦ વર્ષ પૂરાં થયાં અને જેનું બીજું નામ 'ઑલ ઇંગ્લૅન્ડ ટેનિસ ચૅમ્પિયનશિપ' છે તેવી આ પ્રતિયોગિતા–હરીફાઈ–ને તો અવિધિસરની 'વિશ્વ ટેનિસ ચૅમ્પિયનશિપ' ગણી શકાય–વસ્તુતઃ ગણવામાં આવે જ છે.

આ ચૅમ્પિયનશિપનો ઇતિહાસ અને લૉન ટેનિસના વિકાસનો ઇતિહાસ બંને જાણે તાણાવાણાની જેમ ગૂંથાએલા છે. ઈ. ૧૮૬૯માં પાંચ અંગ્રેજોએ વિમ્બલ્ડન ખાતે પાંચ એકર જમીન ખરીદી અને ત્યાં 'ઇંગ્લૅન્ડ ક્રોકેટ ક્લબ' સ્થાપી. આ ક્લબનો હેતુ ક્રોકેટ રમત*ને વિકસાવવાનો હતો. આ સંદર્ભે ૧૮૭૦માં ત્યાં ક્રોકેટ ચૅમ્પિયનશિપ પણ યોજાઈ.

બરાબર આ જ ગાળામાં લૉન ટેનિસનો ઉદ્‌ભવ થયો. વાસ્તવમાં 'ટેનિસ' અને 'લૉન ટેનિસ' એ બંને એક છતાં ભિન્ન રમતો છે. એક એટલા માટે છે કે તે બંનેનાં મૂળિયાં છેક ગ્રીસ પર્શિયા ને મીસરના લોકોમાં રમાતી દડાની એક પ્રાચીન રમતમાં જોવા મળે છે, અને એ બંનેનું એકંદર સ્વરૂપ પણ લગભગ સરખું છે. મનાય છે કે પ્રાચીન ગ્રીસ વગેરેમાં રમાતી પેલી હૅન્ડબૉલની રમતમાંથી જ ઈ. ૧૪૦૦ પછીના ગાળામાં ફ્રાન્સમાં ટેનિસની રમતે આકાર લીધો. આરંભમાં તો તેમાં બૅટ જેવા સાધન વડે દડાને માટીની નાની પાળ ઉપર થઈને ફટકારવાની રમત રમાતી. આમાં પછી પાળની જગ્યાએ દોરડાની જાળી આવી ને દડાને ફટકારવા માટે 'રૅકેટે' સ્થાન લીધું. ધીરેધીરે આ રમત ફ્રાન્સના તેમજ ઈંગ્લૅન્ડના રાજપરિવારમાં પ્રચલિત થતી ગઈ. આજે પણ તે પોતાના ભિન્ન સ્વરૂપે, આગવા ધારાધોરણ સાથે 'રૉયલ ટેનિસ' કે 'ટેનિસ'ને નામે ઓળખાય છે ને 'ઈન્ડૉર' રમત તરીકે ચાલુ છે.

આગળ કહ્યું તેમ, આની સાથે લોહીનો સંબંધ ધરાવતી ને તેમાંથી જ અલગ પડીને વધુ પ્રચલિત થએલી રમત તે 'લૉન ટેનિસ'. ધારાધોરણમાં અને લોકપ્રિયતામાં આજે તે ટેનિસથી ઘણી આગળ નીકળી ગઈ છે. આ રમતની ખરી શોધ અંગ્રેજે—મેજર વૉલ્ટર સી. વિંગફીલ્ડે ઈ. ૧૮૭૩માં કરી. આમ લૉન ટેનિસનું મૂળ વસ્તુતઃ ઈંગ્લૅન્ડમાં ગણાય. ગોંદરીવાળા, સિમૅન્ટ કૉંક્રેટના, ચીકણી માટીના કે ધરબીને તૈયાર કરેલી જમીનના ૩૬×૭૮ ફૂટના માપના અને બરાબર વચ્ચે ૩ ફૂટ ઊંચી અને ૪૨ ફૂટ લાંબી જાળી બાંધેલા 'કૉર્ટ' ઉપર પુરુષો અને સ્ત્રીઓ બંને આ રમત રમે છે. એક-એક યા બે-બે ખેલાડીઓ સામસામા પટમાં આવી એકબીજાના પટમાં દડો નાખે છે. આ માટે લાકડાનું કે ઍલ્યુમિનિયમનું ૨૬-૨૭ ઈંચ લાંબું, જેની એક બાજુ હાથો અને બીજી બાજુ ૧૧ ઇંચની લંબાઈ અને ૮ ઇંચની પહોળાઇનો લંબગોળાકાર ધરાવતું રૅકેટ વપરાય છે. રૅકેટમાં તાંતની (હવે નાઇલૉનની) જાળી હોય છે. દડો ૨½ ઇંચ વ્યાસનો, રબ્બરનો અને ઉપર ઊન કે નાઇલૉન લગાડેલો હોય છે.

મેજર વિંગફીલ્ડે શોધેલી આ રમત ઈંગ્લૅન્ડમાં ઝડપથી લોકપ્રિય થવા લાગી અને પેલી 'ઇંગ્લૅન્ડ ક્રોકેટ ક્લબે' (અલબત્ત ક્રોકેટની રમત થકી રંગત નહોતી જામતી તેથી જ) ૧૮૭૫માં લૉન ટેનિસ માટે પણ થોડી જમીન કાઢી. આથી ક્લબ અને લૉન ટેનિસ બંનેને વેગ મળ્યો. ૧૮૭૭માં ક્લબે પોતાનું નામ સુધારી 'ઑલ ઈંગ્લૅન્ડ ક્રોકેટ ઍન્ડ લૉન ટેનિસ ક્લબ' એવું રાખ્યું. આ જ વર્ષે પુરુષોની સિંગલ્સની સ્પર્ધા દ્વારા વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપનો આરંભ થયો. આ પ્રથમ સ્પર્ધાના ઐતિહાસિક વિજેતા બન્યા ઈંગ્લૅન્ડના એસ. ડબલ્યુ ગોરે.

અહીંથી આરંભાતો આ વિમ્બલ્ડનનો ઇતિહાસ એ એક અર્થમાં લૉન ટેનિસનો જ ઇતિહાસ છે. આ પ્રથમ ચૅમ્પિયનશિપ સાથે જ લૉન ટેનિસના ત્રણ મહત્ત્વના નિયમો પણ ઘડાયા:

(૧) આ ચૅમ્પિયનશિપથી જ બીજી કોઈ પણ રમત કરતાં વિશિષ્ટ એવી નીચે પ્રમાણેની પૉઈન્ટ ગણવાની પદ્ધતિ અપનાવાઈ:

કોઈ પણ લૉન ટેનિસની (અથવા જેને આપણે સામાન્યરીતે હવે ટેનિસ જ કહીશું તેની) મૅચના ત્રણ તબક્કા રાખવા: ગેઈમ, સેટ અને મૅચ. એક ગેઈમ દરમિયાન એક જ જણે સર્વિસ કરવાની હોય છે.

*ગેડીદડા જેવી રમત કે જેમાં લાકડાની મોગરી વડે લાકડાના દડાને રોડવીને—સામે ખોડેલી ધાતુ કે લાકડાની રિંગમાંથી પસાર કરવાનો હોય છે.

અગિયારમી સદીમાં યુરોપના ધાર્મિક મઠોમાં ટેનિસ જેવી, પણ આજથી ઘણી ભિન્ન એવી રમત શોધાઈ, ધીરેધીરે અનેક રાજપરિવારોમાં પ્રિય રમત બની ગઈ અને 'રૉયલ' કે 'રીઅલ ટેનિસ' નામ પામી. હેન્રી પાંચમાના ટેનિસના શૉખ પર કટાક્ષ રૂપે ફ્રાંસના ડૉફિને નજરાણામાં ટેનિસના દડા મોકલી એનું અપમાન કરેલું. આઠમા હેન્રીએ આ રમતને મેદાનમાંથી 'હૅમ્પ્ટનકૉર્ટ'માં અંદર આણી. ટેનિસની રમતમાં જતાં બારણે માથું અથડાવી ફ્રાંસનો ચાર્લ્સ આઠમો અને ટાઢમાં લાંબો સમય રમીને લૂઈ દસમો અવસાન પામેલા. ગઈ સદીમાં ટેનિસને નવું–આજનું રૂપ અપાયું અને આજે એના આંતરરાષ્ટ્રીય સંગઠનમાં ૧૦૩ જેટલા દેશો જોડાએલા છે. —સં૦

હા.ત. અ અને બ બે ખેલાડીઓ રમી રહ્યા છે ને અ સર્વિસ કરે છે તો પહેલું પૉઈન્ટ અને મળશે એટલે ૧૫-૦ થશે. બીજું પૉઈન્ટ પણ તેને જ મળતાં ૩૦-૦ થશે. ત્રીજા પૉઈન્ટે તેનો સ્કોર ૪૦-૦ થશે ને ચોથા પૉઈન્ટે તે ગેઈમ જીતી જશે. આમ ઓછામાં ઓછા ચાર પૉઈન્ટની એક ગેઈમ થાય. હવે એક જ ગેઈમમાં અ અને બ બંનેએ ત્રણ ત્રણ પૉઈન્ટ મેળવ્યા, એટલે કે સ્કોર ૪૦-૪૦ થયો તો તે 'ડયૂસ' કહેવાય ને તે પછી ગમે તેણે ઉપરાઉપરી બે પૉઈન્ટ લેવાં પડે ને જેને તે મળે તેને નામે 'ઍડવાન્ટેજ' બોલાય. એ જ વ્યક્તિ બીજું પૉઈન્ટ લે તો ગેઈમ પૂરી થાય ને ગુમાવે તો પાછું 'ડયૂસ' થાય.

ગેઈમ પૂરી થાય એટલે સર્વિસ બદલાય. એક ખેલાડી આવી ઓછામાં ઓછી ૬ ગેઈમ જીતે એટલે તે સેટ જીતી જાય. અલબત્ત જો સામેનો ખેલાડી આવી પાંચ ગેઈમ જીતી ગયો હોય તો વિજયી બનનારે બે ગેઈમનો તફાવત રાખવા ૭ ગેઈમ જીતવી પડે. ઘણી વાર આમ સેટ ૨૨-૨૪ સુધી કે તેથી પણ આગળ લંબાય.

મૅચ જીતવા માટે સ્ત્રીઓએ ૩માંથી બે અને પુરુષોએ પાંચમાંથી ૩ સેટ જીતવા જોઈએ. આ રીતે ટેનિસ-મૅચની નવી પૉઈન્ટ પદ્ધતિ અમલમાં આવી.

(૨) બીજું એ નક્કી થયું કે સર્વિસ કરનારની પહેલી સર્વિસ નેટમાં અથડાય કે બીજી કોઈ પણ રીતે ખોટી જાય તો કોઈ પણ નુકસાન વગર બીજી સર્વિસ કરવાનો અધિકાર તેને રહે. બીજી સર્વિસ પણ ખોટી પડે તો ડબલ ફૉલ્ટ થાય ને તો પૉઈન્ટ જાય.

(૩) ઉપર નોંધ્યું એ માપનું મેદાન પણ એ જ વર્ષે (૧૮૭૭માં) નક્કી થયું ને નેટની ઊંચાઈ પણ નક્કી થઈ. જો કે ૧૮૮૪ સુધી નેટની ઊંચાઈમાં ફેરફાર થતા રહ્યા ને તે સાલમાં થાંભલા પાસે ૩½ ફૂટ અને વચ્ચે ૩ ફૂટ ઊંચી નેટ હોવી જોઈએ એમ આખરી નક્કી થયું.

૧૩૭૭ની પ્રથમ સ્પર્ધામાં ૨૨ જણે ભાગ લીધો. ઈ. ૧૮૭૯માં પુરુષ ડબલ્સનો ઉમેરો થયો ને તેના પ્રથમ વિજેતા બન્યા એમ. આર. એર્સ્કિન અને એચ. ઑફ. લૉફોર્ડ. ઈ. ૧૮૮૪માં આ ક્લબમાંથી ક્રોકેટના નામને અને સ્થાનને તિલાંજલિ મળી અને ૧૮૮૪માં જ મહિલાઓની સિંગલ્સની નવી સ્પર્ધા પણ ઉમેરાઈ જેના વિજેતા બન્યાં 'મિસ એમ. વૉટ્સન.'

ઈ. ૧૮૮૯માં 'લૉન ટેનિસ એસોસીએશન'ની સ્થાપના થઈ જે જતે દિવસે 'બ્રિટિશ ટેનિસ એસોસીએશન' બન્યું. પેલી 'ઑલ ઇંગ્લૅંડ ટેનિસ ક્લબ' હવે આ એસોસીએશનને આ રમત અંગેના ધારા ઘડવાનું કામ સોંપી દીધું ને પોતે પોતાની ચૅમ્પિયનશિપની વ્યવસ્થાનું કામ જ રાખ્યું. છેક ૧૯૧૨માં 'ઈન્ટરનૅશનલ ટેનિસ ફેડરેશન'ની સ્થાપના થઈ ત્યાં સુધી ટેનિસનો વિકાસ-ઇતિહાસ આમ વિમ્બલ્ડન અને ઇંગ્લૅન્ડ સાથે જ વધુ સંકળાએલો હતો.

ઈ. ૧૯૦૭માં પ્રથમવાર દરિયાપારનો ખેલાડી, ઑસ્ટ્રેલિયાનો નૉર્મન બ્રુક્સ, પુરુષ સિંગલ્સનો વિજેતા બન્યો ને ઈંગ્લૅન્ડના ખેલાડીઓનો ઈજારો તૂટયો. ૧૯૧૩માં મહિલાઓ માટેની ડબલ્સ ને મિક્સ ડબલ્સની નવી બે 'ઇવેન્ટ્સ' ઉમેરાઈ ને આજ સુધી આ પાંચ ઇવેન્ટ્સ'—પુરુષ સિંગલ્સ, પુરુષ ડબલ્સ, મહિલા સિંગલ્સ, મહિલા ડબલ્સ અને મિક્સ ડબલ્સએ મુખ્ય ઈવન્ટ્સ છે જે વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપને ઘાટ આપે છે.

ઈ. ૧૯૨૨ સુધી વિમ્બલ્ડનમાં ચૅલેંજ રાઉન્ડની પદ્ધતિ હતી. એમાં ગત વર્ષનો વિજેતા હોય તે બીજા કોઈ સામે ન રમે ને કેવળ બધાને હરાવીને જે એક જણ આખરી ફાઈનલમાં આવે તેની સામે જ રમે એવો નિયમ હતો. ઈ. ૧૯૨૨થી આ પદ્ધતિ રદ કરી ગત વર્ષના વિજેતાને (એટલે કે ચૅમ્પિયનને) પણ પ્રથમ રાઉન્ડથી જ રમવાનું નક્કી થયું.

ઈ. ૧૯૨૪થી અહીં સીડિંગ આપવાનું શરૂ થયું. સીડિંગ એટલે ચૅમ્પિયનશિપનો આરંભ થાય તે પહેલાં ક્લબને જે પ્રથમ હરોળના અને વિજેતા બને તેવા ખેલાડીઓ લાગે તેને ૧ થી ૮ નંબર આપે, (હવે ૧ થી ૧૬ નંબર આપવાનું શરૂ થાય છે.) જેને અનુક્રમે પ્રથમ સીડ, બીજો સીડ વ. કહે છે. જો કે વિજેતા પ્રથમ સીડ જ બને એવું નથી, પણ એ ૮ કે ૧૬માંથી જ કોઈક વિજેતા બન્યો હોય એવું તો રહ્યું છે. ૧૯૨૫થી ક્વૉલિફાઈંગ રાઉન્ડ પણ આરંભાયું, કારણ ભાગ લેનારા વધી જતાં ૧૨ દિવસમાં (જૂનનું છેલ્લું અને જુલાઈનું પ્રથમ એમ બે સપ્તાહમાં) બધું પૂરું ન થાય એટલે વિમ્બલ્ડનના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવવા માટે ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં રમીને જીતવું પડે છે.

ઈ. ૧૯૬૮માં વિમ્બલ્ડન ખાતે એક બહુ નોંધપાત્ર સુધારો થયો. ૧૯૬૭ સુધી આ પ્રતિયોગિતામાં માત્ર શોખીન (ઍમેટર્સ) ખેલાડીઓ જ ભાગ લઈ શકતા, તેના બદલે ૧૯૬૮થી વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપ ધંધાદારી (પ્રોફેશનલ્સ) ખેલાડીઓ માટે પણ ખુલ્લી મુકાઈ. સામાન્ય રીતે ઉત્તમ ખેલાડીઓ ધંધાદારી જ બની જતા હોય છે તે સંદર્ભે આ નિર્ણયથી વિમ્બલ્ડન હવે જગતભરના ચુનંદા ખેલાડીઓની જમાવટથી ગાજવા લાગ્યું. બહુ સુયોગ્ય રીતે જ ૧૯૬૮ની વિમ્બલ્ડન ઓપન ચૅમ્પિયનશિપના પુરુષ સિંગલ્સના વિજેતા ઑસ્ટ્રેલિયાના ડાબેરી ને સર્વકાલીનોમાં મહાન એવા રૉડ લેવર બનેલા.

આ ચૅમ્પિયનશિપની મહત્ત્વની વિશેષતા એ છે કે તે વ્યક્તિપ્રધાન છે. તેમાં ભાગ લેનાર ખેલાડી સત્તાવાર રીતે પોતાના દેશનું પ્રતિનિધિત્વ નથી કરતો. હા, જે તે દેશનું ટેનિસ એસોસીએશન અમુક ખેલાડીઓને પસંદ કરીને વિમ્બલ્ડન ખાતે મોકલે છે, પણ અંગત રીતે યે કોઈ પણ ખેલાડી તેમાં ભાગ લઈ શકે છે. ત્યાંનો વિજય એ તેની વ્યક્તિગત સિદ્ધિ જ ગણાય છે, તેના દેશનું નામ લખાય એટલું જ. આ વ્યક્તિપ્રધાન ટૂર્નામેન્ટ છે તે બાબત એ પરથી સ્પષ્ટ થશે કે ડબલ્સની રમતમાં કોઈ પણ બે દેશના ખેલાડીઓ એકબીજાને પોતાના સાથીદાર કરી શકે છે. 'ડેવિસ-કપ ટૂર્નામેન્ટ', ઑલિમ્પિક રમતો કે વિશ્વ ટેબલ ટેનિસ કપ ટૂર્નામેન્ટોની પાયાની વિભાવના આથી ભિન્ન છે ને તેમાં દેશ કે રાષ્ટ્ર કેન્દ્રમાં છે.

લૉન ટેનિસની આજે તો ઘણી ટૂર્નામેન્ટો ચાલે છે જેમાં ડેવિસ કપ ટેનિસ ટૂર્નામેન્ટ, વ્હાઈટમૅન કપ ટૂર્નામેન્ટ, અમેરિકન ઓપન ચૅમ્પિયનશિપ, ઑસ્ટ્રેલિયન ચૅમ્પિયનશિપ, ફ્રેન્ચ ચૅમ્પિયનશિપ વગેરે મુખ્ય છે ને બીજી તો અનેક છે. અહીં આપણે લૉન ટેનિસ સાથે સૌથી વધુ સંકળાએલી ટૂર્નામેન્ટનો અને એ રીતે લૉન ટેનિસના વિકાસનો ઇતિહાસ જોયો. પણ વિમ્બલ્ડનના એ ૧૬ કોર્ટસ પર જગતના ટેનિસ મહારથીઓએ રમતાંરમતાં જે ઇતિહાસ સર્જ્યો છે તે તો એક રોમાંચક ગાથા છે. પણ તેમાં આપણે નહિ પડીએ.

અહીં વિમ્બલ્ડન ખાતે, દુનિયાના ઉત્તમ ખેલાડીઓ, ઉત્તમ કોર્ટ પર, ઉત્તમ પ્રેક્ષકો સમક્ષ, ઉત્તમ વ્યવસ્થા વચ્ચે, સર્વોત્તમ મહત્ત્વાકાંક્ષાથી રમે છે ને તેથી જ અહીંનો વિજય વિશ્વવિજય મનાય છે તેમ ભારતના ભૂતપૂર્વ ટેનિસ ખેલાડી શ્રી નરેશકુમાર કહે છે. ત્યાં ટૂર્નામેન્ટને પહેલે દિવસે એકસાથે ૬૪ પુરુષ સિંગલ્સનો આરંભ થાય છે ને ત્યારથી બે સપ્તાહના બાર દિવસ સુધી દુનિયાભરના ટેનિસ રસિકો અને છાપાંઓના રમત સમીક્ષકોની ભીડ ત્યાં જ હોય છે.

આ વર્ષે-૧૯૭૭માં-સ્વીડનના તેજસ્વી નવયુવાન ખેલાડી જોર્ન બોર્ગ લાગલાગટ બીજી વાર પુરુષ સિંગલ્સ જીતી ગયા. આમ તો આ વખતની ચૅમ્પિયનશિપ ૧૦૧માં હોત, પરંતુ વચ્ચે બે વિશ્વયુદ્ધોને કારણે ૧૯૧૫-'૧૬-'૧૭-'૧૮ ને ૧૯૪૦ થી '૪૫ એમ ૧૦ વર્ષ એ બંધ રહી હતી. એટલે આ વર્ષની સ્પર્ધા ૯૧મી હતી.

ટી. વી. દ્વારા વિમ્બલ્ડનની એ કોર્ટો આપણી સમક્ષ ક્યારે ખડી થશે એની જ રાહ આપણે જોવાની ! □

ડૉ. આનંદ કુમારસ્વામી

એમની જન્મ-શતાબ્દીના આ વર્ષ નિમિત્તે યોજાએલી વ્યાખ્યાનમાળાના ઉદ્ઘાટન પ્રસંગે ભારતીય કલાના મર્મજ્ઞ અને 'ભારત કલાભવન'ના પ્રણેતા વયોવૃદ્ધ શ્રદ્ધેય શ્રી રાય કૃષ્ણદાસજીએ આપેલી અંજલી

મૂળ હિંદી પરથી ઉતારનાર
વાસુદેવ સ્માર્ત



▷ ડૉ. આનંદ કુમારસ્વામી, ભારતીય પોશાકમાં

ભારતમાં આજે કદાચ બે ત્રણ વ્યક્તિ જ વિદ્યમાન હશે, જેમનો ડૉ. આનંદ કુમારસ્વામી સાથે અંગત પરિચય હતો. એમાંનો આ એક જીવ છે. ભારતીય કલાના પુનરુત્થાન યુગને ઉંબરે આવીને ઊભેલા મહાનુભાવોમાં એઓ અગ્રણી હતા. ઈ. સ. ૧૯૦૪માં રાષ્ટ્રીય આંદોલનના પ્રથમ ચરણમાં બંગભંગ તથા સ્વદેશીની ચળવળ આખા દેશમાં પ્રસરી હતી. બંગાળમાં શ્રી ઈ. બી. હૅવેલના નેતૃત્વ નીચે શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે ભારતીય કલાનું પુનરુત્થાન કર્યું. શ્રી હૅવેલ કલકત્તા સ્કૂલ ઑવ આર્ટ્સના આચાર્ય હતા તેમજ કલકત્તાના સરકારી સંગ્રહસ્થાનના સંરક્ષક પણ હતા. સંગ્રહસ્થાનમાં એમણે ભારતીય કલાને ગૌરવભર્યું સ્થાન આપ્યું અને ભારતીય કલા-વિભાગની શરૂઆત કરી. આ ભારતીય રાષ્ટ્રીય જુવાળની અસર ડૉ. આનંદ કુમારસ્વામી ઉપર પડી અને એમણે એ કાર્યને વેગ આપ્યો. એમણે પોતે ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓનો સંગ્રહ કર્યો, ભારતીય કલા પર નિબંધો તથા આલોચનાત્મક લેખો લખ્યા અને સંપુટો તથા પુસ્તકોનું પ્રચુર પ્રમાણમાં પ્રકાશન પણ કર્યું.

ભારતીય કલાના પુનરુત્થાન યુગના પ્રણેતા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે પોતાના ચિત્રકલાના અભ્યાસનો પ્રારંભ યુરોપિયન કલાકાર પાસે કર્યો હતો. ત્યારે પાશ્ચાત્ય પદ્ધતિએ શરીરશાસ્ત્રના અભ્યાસ તરફ એમણે અરુચિ દાખવી હતી. પરંતુ પછી કલાશાળાના આચાર્ય શ્રી ઈ. બી. હૅવેલની પ્રેરણાથી અવનીન્દ્રબાબુએ ભારતીય શૈલીમાં ચિત્રો કરવાં શરૂ કર્યાં. સર્વ પ્રથમ 'શાહજહાંની અંતિમ ક્ષણ'નું ચિત્ર કર્યું, જે તૈલ-રંગના માધ્યમમાં લઘુચિત્રની પદ્ધતિમાં ચીતર્યું હતું. આ ચિત્રમાં મુઘલ સ્થાપત્યનો પ્રયોગ, ઝીણવટભરી વિગતથી કરેલું અંકન, કરુણતાનું જીવન્ત આલેખન વ. પ્રથમવાર પ્રકટ થયાં. રાષ્ટ્રીય ભાવનાથી રંગાએલા એ કલાકારે ત્યાર બાદ ભારતમાતાના ચિત્રનું સર્જન કર્યું, જેમાં ભારતમાતાના ચાર હાથમાં શિક્ષા, દીક્ષા, અન્ન અને વસ્ત્ર આદિ ભારતીય ઢંગથી વ્યક્ત કર્યાં. પરંતુ આ બંને મહાનુભાવો કલાના ઉત્થાનને આન્દોલનનું રૂપ આપી ન શક્યા. એ સમયે ડૉ. આનંદ કુમારસ્વામીએ —જોકે તેઓ પોતે એક વૈજ્ઞાનિક નિષ્ણાત હોવા છતાં, આ પ્રવૃત્તિને આન્દોલનનું રૂપ આપ્યું. એમણે ત્યારના પ્રતિષ્ઠિત 'મૉડર્ન રિવ્યૂ' માસિકમાં વિવિધ લેખો લખ્યા અને ભારતીય કલાનો મર્મ સમજાવવા



◁ ડૉ. આનંદ કુમારસ્વામીએ 'ભારત કલાભવન' (વારાણસી)ને ભેટ આપેલું પહાડી શૈલીનું એક સુંદર ચિત્ર.



માતા : ઇલિઝાબેથ



પિતા : સર મુત્તુ કુમારસ્વામી



ડૉ. આનંદ કુમારસ્વામી

ડૉ. આનંદ કુમારસ્વામીનો જન્મ ઈ. ૧૮૭૭ના ઑગસ્ટની ૨૨ તારીખે થયેલો. પિતા સર મુત્તુ કુમારસ્વામી વિદ્વાન અને શ્રીમંત હતા. લંડન જઇને બૅરિસ્ટર બનનાર એ પ્રથમ સિંહલવાસી હતા. પાલિ ભાષાના એક બૌદ્ધ ગ્રંથનું સૌ પ્રથમ અંગ્રેજી ભાષાંતર એમણે કરેલું. ઇંગ્લૅન્ડમાં કેન્ટ પરગણાનાં આંગ્લ યુવતી ઇલિઝાબેથ સાથે એમણે લગ્ન કરેલું. તેઓ ખ્રિસ્તિ ધર્મ પાળતા, પણ ડૉ. આનંદે ભારતીય સંસ્કૃતિનું ખરું દર્શન પામ્યા પછી કલકત્તામાં ધર્માંતર કરીને વૈષ્ણવ ધર્મ અંગીકાર કરેલો, અને પોતાના નામ 'આનંદ કૅનેથ કુમારસ્વામી'માંથી પછી 'કૅનેથ' શબ્દ કાઢી નાખેલો. ડૉ. આનંદે બે વર્ષની વયે જ પિતાનું છત્ર ગુમાવેલું ને પછી માતાએ જ એમનો ઉછેર કર્યો. વનસ્પતિશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્રના એ બી.એસસી. થએલા. ઈ. ૧૯૦૩માં પહેલી વાર તેઓ માતૃભૂમિ સીલોનમાં આવેલા. શ્રીલંકામાં ખનિજોનું સર્વેક્ષણ કરવા માટે એમની નિમણૂક થએલી. આ અંગેની એમની ઉત્કૃષ્ટ કામગીરી જોઈ એમને 'ડૉક્ટરેટ'ની ઉપાધિ મળેલી. દરમિયાન શ્રીલંકાની પરંપરાગત કલાકારીગરીને લોપ પામતી અટકાવવા એમણે 'સીલોન સોશિયલ રીફૉર્મ સોસાએટી' સ્થાપી અને 'સીલોન નૅશનલ રિવ્યુ'નું સંપાદન કર્યું. ભૂસ્તરશાસ્ત્રીય કામમાંથી નિવૃત્ત થયા પછી એમણે પૂર્વની કલાની અસ્મિતા ને એના ગૌરવની પુનઃ સ્થાપના અંગે ઘણું મહત્ત્વનું ને વ્યાપક કાર્ય કર્યું. ઈ. ૧૯૦૯માં પહેલી વાર ભારત આવ્યા પછી વ્યાપકપણે પ્રવાસો અને અભ્યાસ કરી એમણે ભારતીય કલાસંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના અનેક લેખો, વ્યાખ્યાનો દ્વારા જગતને ખરો ખયાલ આપ્યો. પૂર્વની કલા અને આધ્યાત્મિકતા અંગેના એમના વૈજ્ઞાનિક અભિગમ તથા ઊંડી સૂઝને કારણે એમના અભિપ્રાયોનું આજે પણ એટલું જ વજન રહે છે. એમનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર' અંક ૫૧૬ (ડિસે. ૧૯૬૬)માં આવી ગયો છે.

પ્રયત્ન કર્યો. દાખલા તરીકે રાજપુત કલાના એક ઘોડાના રેખાંકન અંગે કોઈએ પ્રશ્ન કર્યો કે આ ચિત્રમાં ઘોડો વાસ્તવિકરીતે ચીતરાયો નથી, ત્યારે એમણે સીધા શબ્દોમાં કહ્યું : "then go and see a photograph (તો તો જઈને ઘોડાની છબી જુઓ). આ ચિત્રની વિશેષતામાં ઘોડાની ગતિશીલતા દર્શાવવાનો મુખ્ય ઉદ્દેશ છે." એ જમાનામાં મુઘલ, પર્શિયન અને યુરોપીયન કલા તરફ સંસ્કારી સમાજનું ધ્યાન ખેંચાતું જતું હતું. ડૉ. કુમારસ્વામીએ રાજપુત અને પહાડી કલા તરફ પણ કલારસિકોનું ધ્યાન આકર્ષિત કર્યું.

ત્યાર બાદ શ્રી રાયસાહેબે પોતાની ભાવપ્રધાન શૈલીમાં ભારતીય કલાના ગૌરવ અને રસાસ્વાદની સૂક્ષ્મ ચર્ચા કરી. ભારતીય કલાના આ મહાન ઉપાસકે આધુનિક કલા પર પોતાના વિચારો પણ વ્યક્ત કર્યા તથા દૃઢતાપૂર્વક આહ્વાન કર્યું કે રાજપુત કલાના એક ઉત્કૃષ્ટ રેખાંકન જેવું એક પણ ઉદાહરણ આધુનિક કલાકાર પૂરું પાડવા સમર્થ છે ખરો? એ પછી કુમારસ્વામી વિષે આગળ બોલતાં જણાવ્યું:

'ડૉ. કુમારસ્વામીનો પ્રથમ પરિચય મને ઈ. ૧૯૧૦માં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના નિવાસસ્થાન પર થયો હતો. સુકલકડી કાયા, સફેદ લાંબો કોટ, પાટલૂન, સફેદ દુપટ્ટો અને સફેદ સાફો એમનું વસ્ત્રપરિધાન, પારસી કટ દાઢી તથા પાતળી મૂછથી શોભતો એમનો ચહેરો આકર્ષક લાગતો હતો. એમની વાક્પટુતા પણ એટલી આકર્ષક હતી. ડૉ. કુમારસ્વામી રસભોક્તા હતા એથી તેઓ કલાનો રસાસ્વાદ પ્રજાને રસદૃષ્ટિએ કરાવતા હતા. શ્રી રવિવર્માની કલાનો પ્રચાર એ સમયે ઘર ઘર હતો. એમણે રવિવર્માની કલા યુરોપીય ઢંગની છે અને શુદ્ધ ભારતીય કલા નથી એમ સ્પષ્ટ કહ્યું. એ સમય દરમિયાન અલ્લાહાબાદમાં ચિત્રકલા પ્રદર્શન હતું. તેમાં રવિવર્માનાં ચિત્રો ભારતીય કલા તરીકે પ્રદર્શિત થયાં હતાં. ડૉ. કુમારસ્વામીએ એનો વિરોધ કર્યો હતો. અહીં ભારતીય કલા તથા તે ઢબ પર થએલાં બંગાળી ચિત્રકારોનાં ચિત્રો જોઈને એમણે એવો જોરદાર અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

ઈ. ૧૯૧૦ના ડિસેમ્બરથી ૧૯૧૧ના ફેબ્રુઆરી સુધી (ત્રણ મહિના) અલ્લાહાબાદમાં સરકાર દ્વારા જે ભવ્ય કલાપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું એ પ્રદર્શન માટે એ જમાનામાં રૂ. ત્રણ લાખની ઈમારત બાંધવામાં આવી હતી. ડૉ. આનંદ કુમારસ્વામીએ એ કલાપ્રદર્શનમાં ભારતીય કલાના નમૂનાઓનું ચયન કર્યું હતું. ત્યારે મારા અંગત કલાસંગ્રહમાંથી સચિત્ર રામાયણના ઉત્કૃષ્ટ નમૂનાઓ લઈને એમને બતાવવા હું અલ્લાહાબાદ ગયો હતો. એમાંથી એમણે થોડાં ચિત્રો પસંદ કરી એ પ્રદર્શનમાં મૂક્યાં હતાં. આ દરમિયાન મને એમનો ઘણો નિકટનો પરિચય થયો હતો. ત્યારે ડૉ. કુમારસ્વામી પ્રેક્ષકોની સાથે ફરીફરી ભારતીય કલાના સૌંદર્યનું રસપાન કરાવતા તથા રંગ, રેખા, આયોજન, વિષયવૈવિધ્ય ને ભારતીય કલાની વિશેષતા (અનુ.પૃ. ૨૫૯)


કલાકાર કનૈયાલાલ યાદવ

નટુ પરીખ



વર્ષો પૂર્વેની વાત છે. આપેલા સરનામે, ઘર શોધતો શોધતો હું અમદાવાદના સરસપુર વિસ્તારમાં 'મંગલ ચાલ'માં પહોંચ્યો. કલ્પના નહોતી કે ગુજરાતનો એક નામી કલાકાર આવા લત્તામાં રહેતો હશે. માથે પતરાંવાળું સાવ નાનકડું ઘર હતું. એની થોડી જગ્યામાં મોટો પરિવાર ને થોકબંધ પેઇન્ટિંગ ભર્યાં હતાં. ઘર નાનું, પણ એમાં વસનાર દરિયાવ દિલનો. કોઈ મિત્રને જોતાં ઉમળકો ઊભરાય. ચા પીવા–પાવાનો તો ભારે શૉખ. સ્નેહથી સત્કારે ને પછી પોતાનાં ચિત્રો બતાવે. મને પણ એવો જ સત્કાર મળ્યો. વાતવાતમાં મારાથી પુછાઈ ગયું: 'અહીં ફાવે છે ખરું?' જવાબ ટૂંકો ને ટચ હતો: 'કેમ ન ફાવે? અહીં પણ કામ થાય છે જ. વળી, એવી વસ્તીમાં રહું છું કે જ્યાં ચિત્રો માટે ઘણા વિષય પડ્યા છે.' એમની વાતો સાંભળતાં ને ચિત્રો જોતાં કહેવું પડે કે કનૈયાલાલ યાદવમાં ખરેખર કલાકારનો આત્મા હતો.

લગભગ પોતે જ પોતાના શિક્ષક બનીને આપબળે આગળ વધી એમણે સારી એવી સિદ્ધિ અને પ્રસિદ્ધિ મેળવી છે. એને માટે એમણે અતૂટ પુરુષાર્થ અને અવિરત સાધના કર્યાં છે. દુઃખ, ગરીબી અને અન્ય અનેક પ્રકારની વિટંબણાઓ વેઠી છે. છેલ્લા ઘા તરીકે કુદરતે એમનાં ભલાં ભોળાં પત્ની 'દુલારી'ને યે પંચમહાભૂતમાં ભેળવી દઈ ચિર વિયોગ કરાવ્યો છે. સુખદુઃખ સરખાં ગણી તેમણે આ બધું સહી લીધું છે. પણ ગમે તેવી પરિસ્થિતિમાં યે પીછીને પડતી મૂકી નથી કે ચિત્રકળાને લીધે જિંદગીમાં ગરીબી આવી તેવું વિચાર્યું નથી. કલાની શુદ્ધતા જાળવવા ને આકારોને બજારુ ન બનાવવા ધંધાદારી કામથી તેઓ અલિપ્ત જ રહ્યા છે. ભલભલા પણ જ્યારે દુઃખની પળોમાં ડગી જઈ જાતને વેચી નાખે છે ત્યારે કનૈયાલાલ માને છે કે નામના જોઈતી હોય તો થોડોક ત્યાગ તો કરવો જ પડે. આશ્ચર્યની વાત તો એ છે કે મિત્રો-




માં તેઓ કદી વેઠેલી વિપત્તિઓનું ગાણું ગાતા નથી, એટલું જ નહિ, એ અંગે એક હરફ સુદ્ધાં ઉચ્ચારતા નથી. બાકી તેમણે કપરા દિવસોમાં સિલ્ક ફૅક્ટરીમાં અને મિલોમાં બદલીઓ ભરી છે, ઘર ધોળવાથી માંડી પાનના ગલ્લા પણ રચ્યા છે, પણ ચિત્રકામ છોડ્યું નથી.

ઉપર: સવારની લટાર
જમણી બાજુ: વગડા વચ્ચે પોરો
નીચે: ગોપ સખા
કનૈયાલાલના ચિત્રસર્જનની એક શૈલીનો પરિચય આપતી ત્રણ કૃતિઓ



એમની કળાના પાયામાં સ્કેચિંગનું મોટું બળ છે. યાદવે પોતાની નોંધપોથીઓમાં હજારોની સંખ્યામાં ઉમદા રેખાંકનો કર્યાં છે. મોટે ભાગે પેન્સિલ વડે કરેલા એ સ્કેચો સ્વયં પણ ચિત્રની જેમ ધીરેધીરે રેખાઓથી ઊપસી પૂર્ણતા પામેલા જણાય છે. પંદરેક વર્ષ પૂર્વે મુંબાઈની માછણો અને તેમનાં રહેઠાણોનાં એમણે કરેલાં સંખ્યાબંધ ત્વરાલેખનો મેં જોએલાં. એ એકેએક જાણે પૂર્ણ ચિત્ર હોય તેવાં સચોટ હતાં. ઈ. ૧૯૬૦ના અરસામાં એમણે આખલાનાં અનેક ચિત્રો કરેલાં. એ વખતે આખલાના સ્કેચોથી એમણે પાનાં ને પાનાં ભરી દીધેલાં. દાહોદ તરફના ભીલ ને પ્રાણી-સંગ્રહાલયમાંના મોરના પણ એમણે એ જ રીતે સંખ્યાબંધ સ્કેચો કર્યા છે અને એના પરથી કરેલાં ચિત્રોએ એમને





ગામઠી ઘરની પછીતો, વગડાની વાટ કબૂતરો કે લોકસમાજનાં માનવપાત્રો, જે નજરે ચડે તેમાંથી કનૈયાલાલ કંઈ ને કંઈ કલામય ખોળી કાઢે છે. એની પ્રતીતિ આપતા થોડા સ્કેચ.

બહુમાન અપાવ્યું છે. પોતે પ્રથમ કરેલા સંખ્યાબંધ સ્કેચો પછી જ એના આધારે ચિત્રો કરવાની એમની એક ખાસિયત છે. ચિત્ર કરતી વખતે સ્કેચબુક પાસે જ રાખે અને જરૂર લાગે ત્યારે એ મૂળ આધારને જોતા રહી પોતાની કૃતિમાં સચોટતા આણે. કદાચ એથી તેમની સંવેદના અને વિષય-તાદાત્મ્ય જાગ્રત થતાં હશે. ચિત્રકામના સપ્રયોગ પાઠ આપતી વખતે પણ એમાં ન ગમતો રંગ કે આકાર આવી જાય તો એને ચલાવી ન લેતાં એને ભૂંસી કાઢ્યા પછી જ આગળ ચાલે. ચિત્રમાં સ્વાભાવિકતા ન આવે ત્યાં સુધી તેને છોડે નહિ. પરિણામે એમનો એકાદનાનકડો સ્કેચ પણ પૂર્ણ ચિત્ર જેટલો જ આપણને આકર્ષી રહે.

એમનું પૂરું નામ કનૈયાલાલ રામચંદ્ર યાદવ. વતન આગ્રા. વડવાઓ ઈમારતો બાંધતા. ધંધાકારણે તેઓ પરદેશ પણ ખેડતા. તેમના પિતાએ અંગ્રેજોના સમયમાં પી. ડબ્લ્યુ. ડી.માં ઓવરસીઅર તરીકે નોકરી પણ કરેલી. પણ પાછળથી સ્વતંત્ર ધંધો કર્યો. એ ધંધાને કારણે તેઓ રતલામ ગએલા. ત્યાં ૧૦ એપ્રિલ ૧૯૩૨માં કનૈયાલાલનો જન્મ થયો. વતન માટે એમને ભારે ચાહના છે. આગ્રાનો તાજ અને યમુના નદીની વાતો તેઓ બહુ રસપૂર્વક કરે, અને એ વખતે વચ્ચે વચ્ચે કોઈ કવિની ગઝલો પણ ગાઈ નાખે કે સ્કેચબુકના પાના પર પણ શેર લખી નાખે! યમુનાકિનારે તાજનું એક ચિત્ર પણ એમણે કર્યુ છે. એમનું કુટુંબ કારીગર વર્ગનું પણ એમાં સ્થાપત્ય, કલા ને સંગીતનો શોખ ખરો. મોટા ભાઈ આજે તો કડીઆકામ કરે છે, પણ તેમનો યે મૂળ શોખ તો ચિત્રકલાનો. તેમનું કામ જોઈ, પ્રેરણા પામી; બાળપણમાં કનૈયાલાલ એની અનુકૃતિઓ કરી તેમાં રંગ ભરતા. રતલામમાં ભણતા ત્યારે ત્રીજા ધોરણમાં એક અંગ્રેજ બાઈના હાથ નીચે ચિત્રકામ શીખવા મળ્યું. તેમનો અભ્યાસ સારો જોતાં એમના કાકા તેમને પોતાની સાથે અજમેર લઈ ગયા. પિતાની ઇચ્છા તો હતી કે દીકરો એન્જિનીઅર થાય. સમય જતાં ધંધાને કારણે કુટુંબ દાહોદ આવ્યું, ને ત્યાંથી અમદાવાદ. કનૈયાલાલની ૧૬ વર્ષની વયે ઈ. ૧૯૪૭માં પિતાનું અવસાન થયું. મુશ્કેલીઓનો હવે આરંભ થયો. પણ એમણે ભણતર જારી રાખ્યું. અમદાવાદની આર. સી. હાઇસ્કૂલના શિક્ષક વાઘજીભાઈ અને કલાકાર જગુભાઈ શાહના એક શિષ્ય શશિન્ દવે કનૈયાલાલની કલાસાધનમાં પ્રેરણા પૂરતા રહ્યા. પણ કલાના શોખીન કનૈયાલાલને બીજા વિષયો કદાચ ન ફાવ્યા. આઠમા ધોરણમાં એ નાપાસ થયા. ફરી એક વર્ષ અજમાવી જોયું. અંતે શાળા છોડી ને મુંબાઈ જઈ ત્યાં સિનેમાનાં પોસ્ટર ચીતરવા કે ફિલ્મક્ષેત્રમાં જ ચિત્રકાર તરીકે ગોઠવાઈ જવા વિચાર્યું. પણ આમાંની કોઈ આશા ફળી નહિ. એટલે મુંબાઈથી પાછા આવી કારખાનાંમાં બદલીઓ ભરવાનું ને કડીઆકામ કરવાનું ચાલુ કર્યું.

અંતે ઈ. ૧૯૫૯માં સરસપુર મિડલ સ્કૂલમાં એમને કલાશિક્ષકની જગ્યા મળી ગઈ. આગળ જતાં કલાકાર રસિકલાલ પરીખનો પરિચય થયો અને તેઓ શેઠ ચી. ન. વિદ્યાવિહારના ચિત્ર-શિક્ષક તાલીમવર્ગમાં જોડાયા; ને ત્યાં એક વર્ષની તાલીમ લઈ ચિત્રશિક્ષક બની પંદરેક વર્ષ એ કામ કર્યું. દરમિયાન ચિત્રકળા અંગે પોતે પોતાની આગવી માન્યતાઓમાં રાચતા હોઈ ક્યારેક નોકરીમાં મુશ્કેલીઓ પણ આવી પડતી. વચ્ચે થોડો સમય માનસિક અસ્થિરતા પણ આવી ગઈ હતી. હવે આજે તેઓ અમદાવાદમાં શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયમાં ચિત્ર-





કલા વિભાગમાં અધ્યાપક તરીકે કામ કરે છે. હવે આર્થિક ખેંચ હળવી થઈ છે, એટલે નિરાંતનો દમ લઈ સર્જનકાર્યમાં પ્રવૃત્ત રહે છે. એમનું આ તપ ફળ્યું પણ છે. એમની અનેક કૃતિઓ માનચાંદ પામી છે. મુંબાઈ અને ગુજરાત રાજ્યનાં કલાપ્રદર્શનોમાં, અમૃતસરની ઍકૅડેમી ઑાવ ફાઈન આર્ટ્સના પ્રદર્શનમાં, મૈસુરના દશેરા પ્રદર્શનમાં, એમ અનેક સ્થળે એમની કલાને ઈનામોથી બિરદાવાઈ છે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, દિલ્હીની લલિતકલા અકાદમી, નાગપુર મ્યૂઝિયમ વગેરે જેવા જાહેર સંગ્રહો ઉપરાંત અનેક ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ છેક અમેરિકા સુધી પહોંચી છે.

પણ આટલી સિદ્ધિ છતાં ય તેઓ ખુદ તો હજી યે અસલના ધૂની, નિરાડંબરી, નિખાલસ ને મળતાવડા રહ્યા હોઈ સૌને એમના પ્રતિ માન રહે છે. ગઝલ અને સિનેમાના એ શોખીન છે. લખે તો અક્ષરો મોતી વેર્યાં હોય એવા. ચીતરે તો આડોઅવળો ક્યાંય એક ડાઘ ન પડે એટલી ચીવટથી. રેખાંકન સ્પષ્ટ ને સચોટ. રંગાવટ મધુર અને આગવા પોતવાળી.

તેમનાં ચિત્રોમાં અવકાશ વિશિષ્ટ હોય છે. ક્યારેક સાવ સપાટ ભૂમિ, તો ક્યારેક ભૂમિ બે ભાગમાં જ વહેંચાય. મોટો સૂરજ તો એમણે અનેક વાર ચીતર્યો છે. જળરંગમાં સુંદર દશ્ય-









કનૈયાલાલ યાદવની કલમનો વૈવિધ્યનો પરિચય આપતી કૃતિઓ. ઉપર: નારી, વચ્ચે: ઊર્મિ (છબિચિત્ર) ને એક પ્રતિમાનો સ્કેચ.

ચિત્રો અને તૈલરંગમાં પોર્ટ્રેઈટ પણ કરે છે. પોર્ટ્રેઈટ ચીતરવામાં તો તેમણે વ્યક્તિ ઉપરાંતની ચિત્રાત્મકતા મૂકી સર્જનાત્મક પોર્ટ્રેઈટની આગવી લઢણ ઊભી કરી છે. પોતાના કોઈ પણ સર્જન આસપાસની તેમની વાતો પણ ખૂબ ભાવપૂર્ણ હોય છે. એમનાં સર્જનો શૈલીને લીધે આપણને વિશિષ્ટ લાગે, પરંતુ તેની પાછળથી તેમનો તે વિષય કે વસ્તુ તરફનો સ્નેહ પ્રકટ થાય છે. પોતાના વિષયને તેઓ ખૂબ ભાવથી જુએ છે, મૂલવે છે, એનાં સંખ્યાબંધ સ્કેચ કરે છે ને પછી દિલથી એને ફલક પર ઉતારે છે. □

અનુસંધાન] **ડૉ. આનંદ કુમારસ્વામી** [પૃ. ૨૫૫થી

વિગતે સમજાવતા હતા. અમે નિત્ય સાંજે કલાના ગંભીર વિષયો પર ચર્ચા કરતા તથા પ્રદર્શનમાં સાથે ફરતા. સુંદર કલાકૃતિઓ પર વિસ્તૃત ચર્ચા પણ કરતા. ભારતીય કલાના એમના અગાધ જ્ઞાનનો મને ત્યારે પરિચય થયો.

ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓનો સંગ્રહ કરવા એમણે ભારતભરમાં ભ્રમણ કર્યું. ચિત્ર, શિલ્પ, સિક્કાઓ અને વસ્ત્રોના શ્રેષ્ઠ નમૂનાઓ ખરીદી પોતે સમૃદ્ધ કલાસંગ્રહ કર્યો. એમણે એ વખતની ભારત સરકાર સામે દરખાસ્ત મૂકી હતી કે આ સંગ્રહ કરવામાં મને જે ખર્ચ થયો છે એટલી રકમ આપી સંગ્રહ ખરીદી લેવો અને એ સંગ્રહસ્થાનના સંરક્ષક તરીકે મારી નિમણૂક કરવી, એ શરતે આ સંગ્રહ આપવા હું તૈયાર છું. પરંતુ સરકારે એમની દરખાસ્ત તરફ ધ્યાન ન આપ્યું. અંતે એઓ પોતાનો સંગ્રહ લઈ બૉસ્ટન (અમેરિકા) ચાલ્યા ગયા, અને એ ત્યાં સંગ્રહ આપી દીધો તથા જીવનભર એ સંગ્રહસ્થાનના સંરક્ષક તરીકે રહ્યા. વર્ષો બાદ ૧૯૨૨-૨૩માં તેઓ ભારત આવ્યા ત્યારે અમારા ભારતીય કલાભવનની મુલાકાતે પણ આવ્યા હતા. ને ત્યારે એમણે પહાડી શૈલીનું એક ચિત્ર કલાભવનને ભેટ આપ્યું હતું અને એ ચિત્રની પાછળ પોતાના હસ્તાક્ષર પણ કર્યા હતા.

એમની આ મુલાકાત વખતે કલાભવનના કલાકાર (ભારતીય કલાપરંપરાના અંતિમ અને એકમાત્ર કલાકાર) ઉસ્તાદ રામપ્રસાદજીની 'ઉમરખય્યામ ચિત્રમાળા' જોઈ ખૂબ પ્રભાવિત થએલા. એમનું કહેવું હતું કે અંગ્રેજ ચિત્રકાર એડમંડ ડ્યુલૅક કરેલાં આ વિષયનાં ચિત્રો કરતાં આ કોઈ પણ રીતે ઊતરતાં નથી. એઓ ભારતીય સંગીતના પણ જ્ઞાતા અને ભોક્તા હતા. એ વખતે વારાણસીમાં ખ્યાતનામ બીનકાર સંતુબાબુ (બંગાલી)ને ત્યાં બીન સાંભળવા ખાસ ગયા હતા.


જીવનની ઉત્તરાવસ્થામાં ડૉ. કુમારસ્વામી ગૂઢ તત્ત્વમાં રચ્યાપચ્યા રહેતા. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા મહાવિદ્વાન પણ એમના ભક્ત બની ગયા હતા. એઓ અધિકારપૂર્વક કહેતા કે જેમણે કોઇને સંગ્રહસ્થાન આજે પણ કરવું હોય તે મારી પાસે શીખે કે એનું આયોજન કેમ કરવું જોઈએ. ડૉ. કુમારસ્વામી સંસ્કૃતને સહારે થોડી હિન્દી પણ જાણતા અને અંગ્રેજી ભાષા પર તો અપ્રતિમ કાબૂ ધરાવતા. એમના અંગ્રેજી અક્ષર મરોડદાર અને સુંદર હતા. એમનું લગ્નજીવન એટલું સુખી ન હતું. એઓ ચાર પાંચ વાર લગ્નગ્રંથિથી જોડાયા હતા.

ડૉ. આનંદ કુમારસ્વામીએ ભારતમાં રાષ્ટ્રીય ઉત્થાનને પ્રથમ ચરણે ભારતીય કલાનું ગૌરવ પ્રસ્થાપિત કરવા કલાક્ષેત્રે એક પ્રચંડ આન્દોલનનું સંચાલન કર્યું. આ દેશમાં કલાચેતના જાગ્રત કરીને એમણે જે મહાન યોગદાન કર્યું છે એ ચિરસ્મરણીય રહેશે. □

શતરંજના કોયડા....સુરેશ મોદી

Selfmate અને Helpmate કોયડા જોયા પછી હવે આપણે એક નવી શરતવાળા કોયડા જોઈશું. તે છે Reflex mate. Reflex mateમાં Self mateની જેમ સફેદ પહેલાં રમે છે અને પોતાના રાજાને મ્હાત મળે તે હેતુથી ચાલે છે જ્યારે કાળો મ્હાત ન કરવા પ્રયત્ન કરે છે. બે વચ્ચે ફરક એ છે કે Reflex mateમાં કોઈ પક્ષ તે જે ચાલે મ્હાત કરી શકે તેમ હોય તો તેમ કરવું ફરજિયાત છે. આથી Self mateમાં કાળાની છેલ્લી ચાલ વખતે તેની પાસે મ્હાત સિવાય કોઈ શક્ય ચાલ ન હોવી જોઇએ, Reflex mateમાં બીજી ચાલ શક્ય હોય તો ચાલે, પણ મ્હાત શક્ય હોવી જોઈએ.

T. R. Dawson



Reflex Mate in 2

ચાવીની ચાલ: 1 Bf5 (waiting)

વિકલ્પો: 1..., Pb5 કે b6; 2R(h3)-d3, Qb1.

1..., Qa7; 2SE4, Qg1.

1..., Qa6; 2PE4, Qf1.

1..., Qa5, 2Pd3, QE1.

1..., Q×a4; 2R(b3) d3, Qd1.

આ બધા વિકલ્પોમાં સફેદ બીજી ચાલમાં કાળા વજીરને તેની આઠમી હરોળ પર જવા રસ્તો ખુલ્લો કરી આપે છે ને સાથેસાથે પોતાના ઊંટને b1 પર પાછા આવવાનો રસ્તો બંધ કરે છે. પાંચ વિકલ્પોમાં આ હેતુ પાંચ જુદીજુદી રીતે પાર પડે છે. આ સુંદર કોયડામાં ટી. આર.ડૉસને પાંચ સુંદર 'Thematic' વિકલ્પો આપ્યા છે.

'વિનોદ'ની નજરે
[૧૭]

પુષ્કર ચંદરવાકર

લેખક
વિનોદ
ભટ્ટ



આટલો બધો ઢીલો આજ પહેલાં મને ક્યારે ય જોએલો નહિ એટલે સહેજ હિંમત આપતાં પત્ની બોલી: 'મરદ જેવા મરદ થઈને આમ સાવ ભાંગી શું પડો છો?... જરા હિંમત રાખો!'

'હું જે ઠેકાણે જઈ રહ્યો છું એ તું જાણીશ એટલે તારી હિંમત પણ તૂટી જશે.' મેં કહ્યું; ને એટલામાં શેખાદમ આબુવાલા પણ આવી ગયો. હું તેની રાહ જોઇને જ બેઠેલો. બારને બદલે સાડા બારે આવ્યો એટલે મેં તેને ચિંતાથી પૂછ્યું: 'કેમ, અરધો કલાક મોડો?'

'જર્મનીથી આવેલા પૈસા બૅંકમાં મૂકેલા તેના કાગળ્ત શોધતો'તો. મધરને તે આપ્યા. એક નાનકડો વીમો મેં ઉતરાવેલો વર્ષો અગાઉ, એની પૉલિસી પણ માને કાઢી આપી. ગઝલોના ઢગલા વચ્ચે દટાઈ ગએલી. છેલ્લે છેલ્લે મા સાથે થોડી વાતો પણ કરી લીધી... આપણે જઈએ છીએ ત્યાંથી પાછા ફરાય–ના ફરાય...કોને ખબર છે?'

'બરાબર છે;' આંખને ખૂણે આવી ગએલું એક અશ્રુબિંદુ ખાળતાં હું બોલ્યો: 'મેં ય છોકરાંને રમાડી લીધાં છે, વિલ કરી નાખ્યું છે...'

'તો ચાલીશું?' આદમે પૂછ્યું, ને ઘર સામે છેલ્લી નજર ફેંકી અમે બહાર નીકળ્યા. અમે આત્મહત્યા કરવા જતા'તા; પણ આદમ તો સામી છાતીએ શહીદ થવા નીકળ્યો હોય તેમ શર્ટનાં ઉપરનાં બે બટન પણ ખુલ્લાં રાખેલાં. જોકે અમારા બન્નેનાં હૃદય અંદરથી ફફડતાં'તાં, પણ શૂરવીરનું મહોરું પહેરીને અમે રિક્ષામાં બેઠા.

પુષ્કર ચંદરવાકરે અમને જમવા નોતર્યા હતા! અમે ત્યાં પહોંચ્યા ત્યારે ચંદરવાકર અમારી રાહ જોતા, ભૂખ્યો સિંહ પાંજરામાં મારે એવાં ચક્કર રૂમમાં મારતા'તા. અમને જોતાં જ ઉમળકાથી તેમણે કહ્યું: 'આવો દોસ્તો.'

પાંચ કલાક અમે તેમની સાથે બેઠા ને દુ:ખી દુ:ખી થઈ ગયા. અમારી અપેક્ષાઓ તેમણે ધૂળમાં મિલાવી દીધી. તેમની પાસે અમે 'બોર' થવા ગએલા, પણ 'બોર' કરવાને બદલે તેમણે તો ગમ્મત કરાવી દીધી; બેઠક જમાવી દીધી. આનંદ થવો જોઇએ એ વાત પર અમને દુ:ખ થયું. સહેજ ભોંઠપ જેવું પણ લાગ્યું. ફોન પર કોઈ રૉંગ નંબર લાગી જાય ત્યારે થાય એવો ક્ષોભનો ભાવ પણ આવી ગયો. આપણે આ માણસને મળવા ક્યાં આવેલા! મારે તો પેલા અસ્સલ પુષ્કર ચંદરવાકરને મળવું'તું. મને પુષ્કરીઝમમાં રસ હતો. મારે એ પુષ્કર ચંદરવાકરને મળવું'તું જેમનાથી ડરીને શેખાદમ જર્મની નાસી ગએલો. (આદમના જર્મની જવાનું કારણ લોકો ભલે ગમે તે આપતા હોય, મારા મને સાચું કારણ ચંદરવાકર સાહેબ છે.) કાંકરિયા ફરવાને બહાને આદમને ચંદરવાકર લઈ જતા અને કાંકરિયા તળાવનાં ચક્કર મારતી વખતે પોતાની નવલકથાઓના પ્લૉટ સંભળાવતા. પ્લૉટ પૂરો ન થાય ત્યાં સુધી આદમે ચંદરવાકર સાથે ત્રણેક ચક્કર મારવાં પડતાં. વીસ-વીસ વરસનાં વહાણાં વાયાં છતાં આદમ જર્મનીથી પાછા ફરવાની હિંમત જ નો'તો કરતો. પણ પછી બે-ચાર સાહિત્યિક મિત્રો વચ્ચે પડ્યા. આદમને એવી બાંહેધરી આપી કે તું જ્યાં હોઈશ એના ફરતા પચ્ચીસ માઈલ સુધીના વિસ્તારમાં ચંદરવાકરને અમે નહિ ફરકવા દઇએ. એ હૈયાધારણ પછી જ આદમ અહીં પાછો ફર્યો છે. એ ચંદરવાકર ને આ આ ચંદરવાકરમાં લાખ ગાલ્લાંનો ફેર હતો.

ઓરિજિનલ ચંદરવાકરને હું લગભગ ૧૯૫૫થી ઓળખું છું—એચ. એલ. કૉલેજ ઑવ કૉમર્સમાં ભણતો ત્યારથી. પહેલા વર્ષમાં અમને તે ગુજરાતી શીખવે. જયંતી દલાલનો એકાંકી સંગ્રહ 'બીજો પ્રવેશ' કોર્સમાં ચાલે. પણ આ ચંદરવાકર સાહેબ તો અમારે કોર્સમાં પુષ્કર ચંદરવાકર જ હોય તેમ, પોતાની જ વાતો કર્યા કરે. પોતાના વિષે તે વધુમાં વધુ જાણતા ને તેની રજે રજ માહિતી અમને આપતા. પોતાના વિષે આટલું બધું જાણનાર આત્મજ્ઞાની–આ પહેલો ને કદાચ છેલ્લો જ પુરુષ મેં જોયો છે. (છેલ્લો એટલા માટે કે તેમને જોયા પછી એ પ્રકારના બીજા કોઇને ય જોવાની મારામાં હામ નથી.) પોતાના વિષે કાયમ તે ત્રીજા પુરુષ એક વચનમાં જ બોલે. પુષ્કર કોઈ જુદી જ વ્યક્તિ હોય તેમ વાત કરે: 'પછી પુષ્કરે આમ કર્યું.' તેમની દસમાંની સાડા નવ વાતમાં પુષ્કર એટલે આમ, ને પુષ્કર એટલે તેમ, આવે. બાકીની અરધી વાતમાં 'પુષ્કર આવું તો ના જ કરે, હોં!' એવું આવે.

'પુષ્કર' તેમની નબળાઈ છે. કોઈ પણ વાતની શરૂઆત તે આ નામ વગર કરી શકતા નથી. મારો એક દોસ્ત હસમુખ શાહ. તે પણ વાર્તાકાર હતો. (અત્યારે વાર્તાકાર નથી એનો તેને આનંદ છે. સાહિત્યને ય થવો જોઇએ.) અમે બન્ને એક જ પાટલી પર બેસીએ. તેના પર ચંદરવાકર સાહેબ ખુશ. એક વાર સાહેબે તેને જમવા બોલાવ્યો. વિદ્યાર્થીને કોઈ પ્રોફેસર જમવા નિમંત્રે એટલે તેને તો જીવન ધન્ય લાગે. કોઈકને ઈર્ષ્યા પણ થાય. હસમુખ ચંદરવાકર સાહેબને ત્યાં જમવા ગયો. આપણામાં એક એવો રિવાજ છે કે કોઈને ત્યાં જમવા જઈએ એટલે બીજું કંઈ નહિ તો, કમ સે કમ, તે યજમાન વિષે, જમતી વખતે, બે સારાં વાક્યો બોલવાં જોઈએ. હસમુખને ય આ રિવાજની ખબર, એટલે પુષ્કરભાઈને સારું લગાડવા તેણે કહ્યું: 'સાહેબ, લોકસાહિત્યમાં મેઘાણી પછી તમારો નંબર આવે.'

'યુ આર ઈન્સલ્ટિંગ મી, મિ. શાહ!' બોલતાં સાહેબ તો ડાઇનિંગ ટેબલ પર હાથ પછાડી ઊભા થઈ ગયા. આ ગભરુ છોકરો બીચારો હેબતાઈ ગયો. તેની સામે આંખો કાઢતાં સાહેબે કહ્યું: 'તમને ભાન છે, મિ. શાહ? મેઘાણીએ જે કંઈ કર્યું છે એ બધું હૅવહૅઝાર્ડલી કર્યું છે જ્યારે આ પુષ્કરે તો બધું સાયન્ટિફિકલી કર્યું છે, શું સમજ્યા!?' હવે હસમુખ થોડો કૉન્શ્યસ થઈ ગયો. પહેલો ઘા નિષ્ફળ ગયો એનો ચચરાટ પણ થયો હશે. પણ હજુ ય મનમાં એટલું ખરું કે શું કહું તો સાહેબ રાજી થાય! પછી ધૂમકેતુની વાત નીકળી; ને સાહેબ વળી પાછા જમતાં જમતાં ઊભા થઈ ગયા ને એંઠા હાથે અંદરના રૂમમાં દોડી ગયા. ઍન્ટન ચેખોવનું એક દળદાર થોથું ઊંચકી લાવ્યા. ડાઇનિંગ ટેબલ પર તે પટકતાં બોલ્યા: 'આ શું છે એ તમે જાણો છો, મિ. શાહ?' 'ના, સાહેબ.'

'ધિસ ઈઝ કમ્પલીટ વર્ક્સ ઑવ ચેખૉફ... મારે તો ચેખૉફ થવું

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર–૭૯

મૅલેરિયા

મૅલેરિયાને આયુર્વેદમાં વિષમ જ્વર અને લોકભાષામાં ટાઢિયો તાવ કહે છે. આ એક પ્રકારનો તાવ જ છે અને આયુર્વેદના મત પ્રમાણે એ પિત્તપ્રકોપથી થાય છે. એનાં લક્ષણો તો ઘણાં જાણીતાં છે :

(૧) એકદમ ઠંડી વાઈને તાવ આવે ને બેચાર ગોદડાં ઓઢવા છતાં રાહત ન થાય, (૨) આખું શરીર તૂટે, (૩) માથું ખૂબ દુ:ખે, (૪) આંખો બળે, (૫) ઠંડી ઊતરે તો ગરમ તાવ શરૂ થાય, (૬) ખૂબ તરસ લાગે, અને (૭) રોગ વધે તો રોગી બકવાટ કરવા લાગે; (૮) શરીર અત્યંત અશક્ત બની જઈ ચક્કર આવે. (૯) રોગનો હુમલો એકાંતરે, ત્રીજે દિવસે કે ચોથે દિવસે સમયસર આવે છે અને (૧૦) તાવ ઊતર્યા પછી પણ રોગી તદ્દન ઢીલો જ રહે છે.

ઉપચાર

(૧) તાવને દિવસે માત્ર ઉકાળેલું પાણી જ લેવું (૨) તાવ ન આવે તે દિવસે તદ્દન હલકો ખોરાક લેવો અને (૩) સંપૂર્ણ આરામ કરવો. (૪) મહાજ્વરાંકુશ વટી, સપ્તપર્ણઘનવટી, મામેજવાઘનવટી, મહાસુદર્શનઘનવટી વગેરે આ રોગનાં ઔષધ છે. આ ઉપરાંત (૫) મરીનો ભૂકો અને તુલસીનાં પાન ભેગાં કરી ચાવીને ખાવાનું રાખવું. (૬) શોષ પડે તો કાળી દ્રાક્ષ લેવી. (૭) કરિયાતાનો ઉકાળો પીવો. (૮) તાવ ન હોય તે દિવસે હળવો રેચ લેવો. (૯) સૂંઠના ચૂર્ણને પાણીમાં કાલવી માથા ઉપર લેપ કરવો અને (૧૦) રોગ મટી ગયા પછી પણ તે ફરી ઊથલો ન મારે તે માટે પથ્યપાલનની પૂરતી કાળજી રાખવી.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા

છે. ધૂમકેતુ નહિ, સમજ્યા?'

'સમજી ગયો સાહેબ, સમજી ગયો.' ડઘાઈ ગએલા અવાજે હસમુખ બોલ્યો. આ પછી અનેકવાર ચંદરવાકર સાહેબે હસમુખને જમવા બોલાવ્યો છતાં તે જુદા જુદા બહાના હેઠળ છટકી ગએલો.

ચંદરવાકર સાહેબ ક્યારેક તો સવારના પહોરમાં જ આદમને ઘેર પહોંચીને તેને ઊંઘતો જ ઝડપે. આદમ ઊંઘતો ઝડપાય, પણ જાગતો ભાગ્યે જ હાથમાં આવે. બારીમાંથી જુએ કે ચંદરવાકર આવી રહ્યા છે એટલે ક્યાંક આડોઅવળો થઈ જાય. પણ ચંદરવાકર સાહેબનું એક સુખ. તેમને ગમે તે શ્રોતા ચાલે. આદમ હાથમાં ના આવે તો તેની વૃદ્ધ મા આગળેય બે ત્રણ કલાક વાત કરી શકે. (સ્પષ્ટતા : વાત કરી શકેનો અર્થ ભાષણ કરી શકે એવો કરવો.) આ વૃદ્ધા બહુ જ ઓછું ભણેલી. 'સાહિત્ય'ના સાડા ત્રણ અક્ષરો ય ટુકડા પાડીને વાંચી શકે. શબ્દોને બે વાર વાંચીને ભેગા કરે ત્યારે તેનો અર્થ અરધો-પરધો સમજી શકે. આદમની આવી માને ચંદરવાકર કહે : 'તમને ખબર છે, અમ્મા?... આ પુષ્કરે ફૉકયુલૉજી (Folkeulogy) નામનો એક નવો જ શબ્દ લોકસાહિત્યને આપ્યો છે.' (આ બેમાંથી તમે કોની દયા ખાવ, અમ્માની કે ચંદરવાકરની?)

આ ચંદરવાકરમાંથી 'પુષ્કર' નામનો પદાર્થ દૂર કરવામાં આવે તો તે એક ઉત્તમ માણસ છે. સાચુકલો માણસ છે. સાફ દિલનો ઈન્સાન છે. કાણાને કાણો મોઢામોઢ કહી દેવો એ જો ગુણ હોય તો એ ગુણ (ને અવગુણ હોય તો અવગુણ) પણ તે ધરાવે છે. તેમના આ આખાબોલાપણા માટે તેમણે સહન પણ ઘણું કર્યું છે. તેમણે નોકરીઓ કરી એ કરતાં રાજીનામાં વધારે આપ્યાં છે. પણ ખોટું કોઈનું ય સાંખ્યું નથી.

અમારા સમયમાં જ તે એચ. એલ. કૉલેજ ઑાવ કૉમર્સમાં ગુજરાતીના પ્રોફેસર હતા. તેમનાં પત્નીને દવાખાનામાં દાખલ કરવાં પડેલાં. શનિવારે સવારની કૉલેજ. આગલી સાંજે તે દવાખાનામાં જ રોકાએલા એટલે સવારે ધોતિયું ને ઝબ્બો પહેરીને ટહેલતા ટહેલતા તે કૉલેજના ઝાંપામાં પેઠા. સામેથી આવતા પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ સાહેબે દૂરથી તેમને જોયા. ચંદરવાકરનો ધોતિયા-ઝબ્બાનો પહેરવેશ જરા વિચિત્ર જણાતાં દેસાઈ સાહેબ દાઢમાં બોલ્યા : 'આવો મહારાજ...' ને ચંદરવાકરને પુષ્કળ માઠું લાગી ગયું. તેમણે તરત જ રાજીનામું આપી દીધું. દેસાઈ સાહેબને તો કલ્પના જ નહિ કે કાઠી-દરબારોની વાર્તાઓ લખનાર કાઠો માણસ આવડી અમથી રમૂજથી નારાજ થઈ જશે! તેમણે રાજીનામું સ્વીકાર્યું નહિ. પણ પછી સ્વમાની ચંદરવાકર સાહેબનું મન આ કૉલેજમાંથી ઊઠી ગયું. કૉલેજ છોડી ત્યારે જ તે જંપ્યા.

ત્યાંથી બી. ડી. આર્ટ્સ કૉલેજમાં જોડાઈ ગયા. ત્યાં ય કોઈ તેમનાથી જુનિયર પ્રોફેસરને તેમની પૅરેલલમાં સુપરવિઝન સોંપવામાં આવ્યાના વિરોધમાં તેમણે રાજીનામું ઝીકી દીધું.

પછી તો 'રાજીનામું' તેમની હૉબી બની ગયું. રાજીનામું ખિસ્સામાં રાખીને જ તેમણે નોકરી કરવા માંડી. માત્ર તારીખની જગ્યા જ ખાલી રાખતા. ખંભાત, પોરબંદર, રાજકોટ—એમ ગુજરાતના ગામેગામની કૉલેજોના વિદ્યાર્થીઓને તેમણે જ્ઞાનસમૃદ્ધ કરવા માંડ્યા.

એક ગામમાં કોઈ માથાભારે માણસે તેમને ધમકી આપી : 'હાજરી પૂરી કરી આપો, નહિ તો ગામ છોડવું પડશે.' 'સાત છોડ્યાં છે... આઠમું છોડીશ.' તેમણે લાંબો શ્વાસ છોડતાં ઠંડકથી જવાબ આપ્યો.

પુષ્કરભાઈ જે ગામ નવી નોકરી માટે જતા ત્યાં પોતાનો અરધો સામાન જ છોડતા; ને અરધો બાંધેલો રાખતા, (સામન પૂરો છોડ્યો હોય તો એ ગામ સાથે માયા બંધાયને?) જેથી ગામ છોડતાં ઝાઝી મુશ્કેલી ના પડે. કપડાં પરથી ધૂળ ખંખેરતાં થાય એથીય ઓછી વારમાં તેમણે નોકરી ખંખેરી છે. સ્વમાન પર જોર વાગ્યો નથી કે નોકરી છોડી નથી. જીવવું તો સ્વમાનભેર જ... આ તેમનો જીવનમંત્ર રહ્યો છે.

અને હમણાં જ રીસર્ચ ડિપાર્ટમેન્ટ સાથે જોડી દેવાના યુનિવર્સિટીના નિર્ણય સામે તેમણે રાજીનામું ધરી દીધું. તેમના મતે, આ લોકસાહિત્યની રીસર્ચના વિષયને ગુજરાતી ભાષા સાથે કોઈ લેવા-દેવા જ નથી. ધિસ ઈઝ પ્યૉરલી અ સોશ્યલ સાયન્સ. આ વિષયના ગૌરવ માટે તેમણે નોકરી ત્યાગી. શિક્ષણક્ષેત્રની ઘણી ઑફરો હોવા છતાં, તેનાથી ઊબઈ જઇને, એ લાઈન તેમણે છોડી દીધી છે. એક ઠેકાણે પ્રિન્સિપલશિપ પણ મળે એવી હતી; પણ હવે તેમને પ્રિન્સિપલ થવામાં ય રસ નથી. (૬૦ ટકા ગુંડો હોય એ જ સફળ પ્રિન્સિપલ થઈ શકે એવું તે માને છે.)

અત્યારે ચંદરવા ગામે તે પોતાની ખેતી સંભાળે છે. (ખેતરમાં ઊભેલા મોલની જેમ મોં પર ચાસ પાડીને તેમણે દાઢી ઉગાડી છે.) પેલા પ્રોડિગલ સનની જેમ પોતાની ધરતી પર તે પાછા ફર્યા છે. (પૃથ્વી ગોળ છે એનો આ એક વધુ પુરાવો.) એ જગ્યાએથી રાજીનામાનો અવકાશ છે કે નહિ તેની ખબર નથી; પણ જો હોય તો ત્યાંથી ય રાજીનામું આપવામાં પુષ્કરભાઈ ખચકાટ અનુભવે એવું હું નથી માનતો.

વહેવારની ભાષામાં ચંદરવાકરને તકરારી માણસ ગણી શકાય. (અને લડવાડિયો માણસ જ 'પાળિયો' બની શકેને?). તે જન્મથી જ તકરારી છે. તેમની મા કહે છે કે માહ વદ બીજને દિવસે તેમનો જન્મ થયો છે. જ્યારે તેમના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં જન્મતારીખ ૬–૬–૨૦ છે. (જૂનમાં માહ મહિનો એ વરસોમાં આવ્યો હોય તો ખબર નથી.)

નાનપણમાં ખૂબ જ તોફાની હોવાને કારણે માએ ખોટી ઉંમર લખાવી-ને તેમને વહેલા ભણવા બિસાડેલા.

બાળપણનો તોફાની સ્વભાવ અત્યારે ય તેમનો પડછાયો બનીને પાછળ પાછળ ભમી રહ્યો છે. એમનું તોફાન એમની કલમ કરતાં ય જીભ-માંથી વધારે છતું થાય છે. બોલવામાં એ કોઈની ય સાડાબારી નથી રાખતા. ઊંઝામાં એક વાર કવિસંમેલન યોજાએલું. લાયન્સ ક્લબવાળા-ઓએ જ ગોઠવેલું. કવિ-સંમેલનમાં અતિથિવિશેષ તરીકે ચંદરવાકર હતા. મોટા મોટા વેપારી વર્ગ આ કાર્યક્રમમાં હાજર રહેલો. પુષ્કર-ભાઇને વાતાવરણ કંઈ બહુ જચ્યું નહિ. તે તરત જ સ્ટેઈજ પરથી બોલી ઊઠયા: 'જીરુ ને વરિયાળી વેચનારા તમે કવિતામાં શું સમજો ?'

કેટલાક મલયાલી સાહિત્યકારો અમદાવાદમાં આવેલા. પ્રોફેસરો-શિક્ષકો-લેખકોને મળીને પાછા ફર્યા બાદ એ લોકોએ કેટલીક ગેરસમજથી પ્રેરાઇને ગુજરાતી સાહિત્યકારો માટે અમુક વિધાનો કર્યાં. આ જાણીને ચંદરવાકર ઘણા જ ઊકળી ઊઠેલા. આ માટે પરભાષી લેખકોને બદલે તેમને આપણા જ કેટલાક લેખકોનો દોષ દેખાએલો. એ લોકોને સા-હિત્યના ચાંચિયા તરીકે ઓળખાવીને ચંદરવાકરે તેમના પર ઘણો આક્રોશ ઠાલવેલો. ઢોલો, ગોલો ને પોલો-એ શિર્ષક સાથે તેમણે એ વિષે જાહેરમાં એક લેખ પણ લખેલો. ચંદરવાકરની ભાષા બહુ જ જલદ. કલમને તેજાબમાં બોળી હોય એવી દઝાડનારી ભાષા તે વાપરે; પણ એમાં અપ્રામાણિકતાનો છાંટો ય ના હોય. પોતે જે માનતા હોય તે એ જ ભાષામાં આડંબર વગર કહી દે, લખી દે. પણ પછી એનું પીંજણ નહિ કે ડંખ નહિ. કહેવાનું બધું કડવા થઇને કહી દીધા પછી ગંગામાં નાહ્યા હોય એવા ચોખ્ખા થઈ જાય. મેલને હૃદયમાં સંઘરવાની વાત નહિ.

મારે ને તેમને કૉલેજમાં ખાસ બને નહિ. મારાં તોફાનો તેમનાથી સહન ના થાય અને તેમનાં ભાષણો મારાથી ના સહેવાય. બન્ને એક-બીજાને પામી ગએલા. છતાં મારા તરફના તેમના સ્નેહમાં કોઈ ફરક નહિ. હું કોઈ વાર તેમના વર્ગમાં ના ગયો હોઉં તો મારા કોઈ મિત્રને ચિંતાથી પૂછે: 'વિનોદ આજે કેમ નથી દેખાતો ?' મારી હાજરી કરતાં ગેરહાજરી તેમને વધારે ખૂંચે. ચાલુ વર્ગે તેમને હું (અલબત્ત મૂંઝવવા જ) પ્રશ્નો પૂછ્યા કરું. ચર્ચાઓ થયા કરે, પણ ક્યારે ય તે અકળાય નહિ. ક્લાસના બીજા વિદ્યાર્થીઓ અકળાઈને વચ્ચે બોલવા પ્રયત્ન કરે તો તેમને અટકાવે. કહી દે: 'આ જ મારો સાચો વિદ્યાર્થી છે.' ને પરિણામે કોર્સ પૂરો થાય નહિ. એટલે એક્સ્ટ્રા ક્લાસ બોલાવવા પડે. (એક્સ્ટ્રા ક્લાસમાં ય પાછો હું તો હાજર હોઉં જ.) એક વખત ચાર કલાક સુધી ક્લાસ લેવા છતાં કોર્સ બહારની (એટલે કે શુદ્ધ સાહિત્યની) વાતો કર્યા કરી. પછી જાહેર કર્યું: 'આવતી કાલે સવારે આઠ વાગ્યે આપણે એક્સ્ટ્રા ક્લાસ માટે મળીએ છીએ.'

'ટિફિન સાથે લેતા આવીએ ?' એક વિદ્યાર્થીએ મજાકમાં પૂછ્યું.

'હા... ને બને તો બિડિંગ પણ લઇને આવજો!' તેમણે ઇંટનો જવાબ પથ્થરથી વાળ્યો.

પુષ્કરભાઈ લોકસાહિત્યના સ્કૉલર છે એટલે લોકસાહિત્યના બીજા સંશોધકોની ઓછી સજ્જતાથી તે કાયમ વ્યથિત રહે છે. તેમના મતે, લોકવાર્તા શું છે એની કોઇને ખબર નથી. પચાસ-સો વરસ પહેલાં કોઈ ગામમાં ધીંગાણું થયું હોય ને એ ધીંગાણામાં ખપી જનાર ગમે તેને કથાનો નાયક બનાવી તેના પાળિયા પર સિંદૂર ચડાવી દે એટલે લોક કથા થઈ ગઈ એવું અત્યારના લોકસાહિત્યના સંશોધકો માને છે—આ પાયાની ગેરસમજ છે.

તેમની ભૂલ કોઈ બતાવે ને તે સાચી જણાય તો પુષ્કરભાઈ ખેલ-દિલીપૂર્વક સ્વીકારી પણ લે છે. એટલું જ નહિ, એમને વિષે કોઇએ કંઈ લખી નાખ્યું હોય તો એ માઠું પણ નથી લગાડતા. આ જ લેખમાળામાં

૬૨૭

'વનફૂલ'ના બંગાળી ઉપરથી
સુકન્યા ઝવેરી

એટલું કામ હતું કે શ્વાસ લેવાની ફુરસદ નહોતી. સંચાના એક-ધારા કિચુડાટથી કંટાળો આવવા માંડયો હતો; પણ ઉપાય નહોતો. કાલ સવાર સુધીમાં અઢીસો વાવટા તૈયાર કરીને દેવાના હતા. આ કિચુ-ડાટની પાછળ ચાંદીનો રણકાર છુપાયો હતો—એટલી જ હતી સાંત્વના.

નિર્મળ દાખલ થયો. ઓળખીતો છોકરો. અહીંની કૉલેજમાં ભણતો. મારી પાસે ખમીસ-પહેરણ સિવડાવતો. નિર્મળ બોલ્યો: 'શિશિરદા, અમારા કૉલેજ યૂનિયન માટે પચાસ ત્રિરંગા ઝંડા જોઈએ.'

'ભાઈ, મને તો જરાય ફુરસદ નથી. બીજે ક્યાંક જાઓ.'

'કોઇને ય ફુરસદ નથી. બધા પાસે જઈ આવ્યો. બધા જ ફ્લૅગ તૈયાર કરે છે!' વાત ખોટી નહોતી. શહેરના બધા જ દરજી વ્યસ્ત હતા.

'પણ ભાઈ, મને સમય નથી. ચાર જણને કામે લગાડયા છે તો ય પત્તો ખાતો નથી હજી.'

'પણ મને તો જોઇએ જ. કહો તો વધુ પૈસા આપીશ.'

'ડબલ દેવા પડશે.' 'ભલે'.

નિર્મળ તરત જ રાજી થઈ ગયો.

આખી રાત કામ કરવું પડશે છૂટકો જ નહોતો.

મહાત્મા ગાંધી કાલે આ સ્ટેશન પરથી પસાર થવાના હતા. આખું શહેર ખભે તિરંગો ધ્વજ રાખી તેમને વધાવવા જશે.

બે વર્ષ વીતી ગયાં છે. આજ ફરી મને શ્વાસ લેવાની ફુરસદ નથી. આજ પણ અવિરામ ચાલતા સીવવાના સંચાના અવાજથી કંટાળો આવે છે, અને આજ પણ નિરૂપાયે સહી રહ્યો છું. આજ પણ એ જ કામ છે. કાલ સવાર સુધીમાં અઢીસો વાવટા તૈયાર કરી દેવાના છે. આજ પણ નિર્મળ આવ્યો. એ એક જ વાત.

'શિશિરદા, અમારા કૉલેજ યૂનિયન માટે પચાસ ફ્લૅગ જોઇએ છે.'

મેં પણ એ એક જ જવાબ આપ્યો: 'ભાઈ, મને જરાય ફુરસદ નથી. બીજે ક્યાંક જાઓ.'

ઉત્તરમાં નિર્મળે બે વર્ષ પહેલાં જે કહ્યું હતું એ જ આ વખતે પણ કહ્યું: 'કોઇને ય ફુરસદ નથી, બધા પાસે જઈ આવ્યો. તમારે જ સીવી દેવા પડશે, કહેશો તો વધુ પૈસા દઈશ.' પૂર્વવત્ સુયોગ ઓળખી મેં ડબલ મજૂરી માગી. નિર્મળ પહેલાંની જેમ જ રાજી થયો.

ઘટના પણ પૂર્વવત્. મહાત્મા ગાંધી કાલે આ સ્ટેશન પરથી પસાર થવાના હતા. આખા શહેરના લોકો વાવટા લઈ સ્ટેશને હાજર થશે. બધું તે દિવસ જેમ જ સરખું હતું. માત્ર એક ફર્ક હતો. તે દિવસે ત્રિરંગો ઝંડો હતો. આ વખતે કાળા વાવટા.

શેખ આદમનો પરિચય આપતાં મેં લખેલું: 'આદમને બોલતાં આવડે છે એમ ચૂપ રહેતાં પણ આવડે. સામેનો માણસ 'મહાબોર' છે એ જાણવા છતાં ય તેને ગુપચુપ સાંભળી લે છે—સહી લે છે. (બાઈ ધ વે, પુષ્કર ચંદરવાકર તેના સારા મિત્ર છે.)' આ લેખ વાંચ્યા પછી તે મળેલા. તેમની આંખમાં આંખ પરોવવાની મારી હિંમત નો'તી; પણ સામેથી આવીને મારા ખભા પર સ્નેહથી હાથ મૂકીને તે બોલ્યા: 'તમારી આ લેખમાળા વાંચવાની મઝા આવે છે. આદમની સાથે તમે મને ય યાદ કરી લીધો એ ગમ્યું.' પછી તે હસી પડયા. તેમના હાસ્ય સામે મેં જોયું. જાણે કહેતું'તું: 'આવી ખેલદિલી પુષ્કર સિવાય કોઈનામાં જોવા મળે છે!'

—ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૫—

અનવદ્ય બૅટિંગકલાનું પ્રદર્શન

—ભરત ના. ભટ્ટ—

ઇંગ્લૅન્ડ વિ. ઑસ્ટ્રેલિયા: પ્રથમ ટેસ્ટ: સીડની, ડિસે. ૧૧ થી ૧૭-૧૯૦૩-'૦૪. જો કે સમીક્ષકો નથી આ ટેસ્ટમૅચને મહાન ગણતા છતાં મેં તેને યાદગાર ટેસ્ટોમાં લીધી તેનું કારણ તેમાં રમાએલા બે અજોડ દાવ છે. આ બે દાવ તે, પચ્ચીસીમાં એકાદ મળે તેવા બૅટ્સમૅન ફોસ્ટરના ૨૮૭ અને સદીમાં એકાદ મળે તેવા બૅટ્સમૅન ટ્રમ્પરના ૧૮૫ રનના છે.

ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતી દાવ આરંભ્યો ને ડફ, ટ્રમ્પર ને હિલની ધરખમ વિકેટો ૧૨ રનમાં ગઈ. આ પછી સુકાની નોબલ આર્મસ્ટ્રૉંગ ને હોપકિન્સની મદદથી બાજી કાંઈક સુધારી ને બીજી સવારે ઑસ્ટ્રેલિયા ૨૮૫માં આઉટ થયું. નૉબલે ૧૩૩ રન કર્યા. ઇંગ્લૅન્ડે દાવ આરંભ્યો અને તેના મહાન સુકાની વૉરનર ૦માં ગયા. હેવર્ડ અને ટાઈલ્ડસ્લે પણ ગયા ને ત્રણ વિકેટે ૭૩ના જુમલે આર. ઈ. ફોસ્ટર પોતાની પહેલી જ ટેસ્ટમાં મેદાનમાં આવ્યા. ૧૧૭ રને ચોથી વિકેટ ગઈ પછી ફોસ્ટર સાથે બ્રાઉન્ડ જોડાયા ને બીજા દિવસની સાંજે ચાર વિકેટે ૨૪૩ રન થયેલા જેમાં ફોસ્ટરે ૩ કલાક સુધી રમી ૭૩ રન કરેલા. ત્રીજી સવારે ફોસ્ટરનું બૅટિંગ વધુ સજ્જડ અને ઝડપી બન્યું ને તેઓ સદીએ પહોંચ્યા ત્યાં ૩૦૭ રને બ્રાઉન્ડ (૧૦૨)ગયા ને વધુ ત્રણ વિકેટો ઉપરાઉપરી પડી. ૩૩૨ ને ૮ વિકેટે રેલ્ફ ફોસ્ટર સાથે જોડાયા, ને ફોસ્ટરના દાવનો ત્રીજો તબક્કો આરંભાયો. આ ગલે દિવસે અસ્થિર ને ધીમા લાગતા ફોસ્ટર હવે પ્રેક્ષકો માટે સર્વોચ્ચ બૅટિંગકલાના દ્યોતક બની ગયા. લંચ અને ટી વચ્ચે તેમણે ૯૩ રન કર્યા ને રેલ્ફ સાથે ૯મી વિકેટના ૧૧૫ રન ચડાવ્યા. રેલ્ફ જતાં રૂહોડ્ઝ (૪૦ નોટ આઉટ) સાથે ફોસ્ટરે ૧૦મી વિકેટના ૧૩૦ રન ચડાવ્યા જે ૧૯૭૨ સુધી વિશ્વવિક્રમ હતો. ફોસ્ટર છેલ્લા આઉટ થયા ત્યારે તેમણે ૨૮૭ રન કરેલા. તેજસ્વિતા અને કલાત્મકતાથી સભર તેમના આ પહેલા ટેસ્ટ દાવે ઇતિહાસ પણ સર્જ્યો. ઇંગ્લૅન્ડનો ૫૭૭ રનનો જુમલો એ ત્યાર સુધીનો ઇંગ્લૅન્ડનો સૌથી મોટો જુમલો હતો. ૩૭ ચોગ્ગાથી સભર તેમનો આ દાવ માત્ર ૪૧૯ મિનિટ જ ચાલેલો ને ટેસ્ટ પ્રવેશક માટે તે આજ સુધી સૌથી મોટો જુમલો છે. તેમનો આ દાવ છેક ૧૯૩૦માં બ્રેડમૅને ૩૩૪ રન કર્યા ત્યાં સુધી ટેસ્ટનો સૌથી મોટો વ્યક્તિગત જુમલો હતો.

ઑસ્ટ્રેલિયા ૨૯૨ રનના દેવા સાથે મેદાને પડયું, અને આવી સ્થિતિમાં પણ તેણે શું અદ્‌ભુત આક્રમકતા બતાવી છે! ૧૯૧ રને ત્રીજી વિકેટ પડી ને હિલ સાથે ટ્રમ્પર જોડાયા. ઑસ્ટ્રેલિયન પ્રેક્ષકોએ પોતાના આ 'હીરો'ને અજોડ આવકાર આપ્યો. ટ્રમ્પરે તો આવતાં વેંત જ ફટકાબાજી ચાલુ કરી દીધી. ત્યાં ૨૫૪ રને હિલ (૫૧) રનઆઉટ થયા ને અમ્પાયર ક્રોકેટ સામે પ્રેક્ષકોએ દેખાવ આરંભ્યો. સુકાની નોબલની વિનંતીથી માંડ થોડી શાંતિ થઈ ને રમત આરંભાઈ એટલે એવા વિઘ્ન વચ્ચે પણ ટ્રમ્પર તો એના એ જ. તેમણે ૯૪ મિનિટમાં સદી નોંધાવી અને ઑસ્ટ્રેલિયાનો બીજો દાવ ૪૮૫ સુધી પહોંચાડયો. પોતે ૧૮૫ રને અણનમ રહ્યા. ૨૬ ચોગ્ગા સાથે માત્ર ૩ થી ૩ા કલાક ચાલેલો આ દાવ ટ્રમ્પરનો શ્રેષ્ઠ દાવ મનાય છે. બૅટિંગકલામાં અને ચપળતામાં ફોસ્ટરના દાવને પણ ઝાંખો પાડી દેતા આ દાવ અતિ શ્રેષ્ઠ ગણાયો છે.

ઇંગ્લૅન્ડને જીતવા માટે ૧૯૪ રન કરવાના હતા ને ૮૨ રનમાં ચાર વિકેટો ગઈ! નવા બૅટ્સમૅન હર્સ્ટ ૦ રને જીવતદાન પામ્યા, પણ પછી તેમણે હેવર્ડની મદદથી પાંચમી વિકેટના ૯૯ રન ચડાવ્યા ને ઇંગ્લૅન્ડ પાંચ વિકેટે જીત્યું. જો કે આજે પણ તે ટેસ્ટ સંભારતાં સૌને પરિણામ કરતાં ફૉસ્ટર-ટ્રમ્પરનું શ્રેષ્ઠ બૅટિંગ જ પહેલું યાદ આવે છે.

ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-કુમરેઠ)) ની સલાહ

૧. બસની મુસાફરીમાં ચક્કર ચડી ઊલટી થવા જેવું થાય તો શું કરવું?

ઉ. સફર દરમિયાન શ્વાસમાં તાજી હવા લેવા પ્રયત્ન કરવો. ચાલુ બસે બહાર કોઈ એક જ વસ્તુ ઉપર ટીકીટીકીને જોવું નહિ. સફર કરતાં પહેલાં એકાદ કલાક દરમિયાન કંઈ ખાવું નહિ, પણ 'એવોમાઈન' નામની ગોળી લઈ લેવી. સફર લાંબી હોય તો છએક કલાક પછી બીજી ગોળી લેવી.

૨. ચાર અને દસ વર્ષનાં બાળકોનું વજન કેટલું હોવું જોઈએ?

ઉ. ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચે ભારતીય બાળકોની ઉમર પ્રમાણે ઈષ્ટ વજનના કોઠા તૈયાર કર્યા છે પણ તે પ્રાપ્ય ન હોય ત્યારે નીચેની ફોર્મ્યુલા યાદ રાખવા જેવી છે

વય	રતલમાં વજન
એક વર્ષ સુધી	ઉમરના મહિના + ૫
બે થી ચાર વર્ષ	ઉમર × ૪ + ૧૪
પાંચથી દસ વર્ષ	ઉમર × ૪ + ૧૨
દસથી બાર વર્ષ	ઉમર × ૪ + ૧૪

૩. મારી પત્નીને ઊંઘમાં દાંત કચકચાવવાની ટેવ છે. આનો કોઈ ઉપાય ખરો?

ઉ. નાક બોલવાથી ઊંઘ બગડે તેમ દાંત કચકચાવવાની ટેવ પણ બીજાને ઊંઘમાં ખલેલ કરે છે. દાંત કચકચાવવાથી દાંત ઢીલા પડે છે. વળી વારંવાર માથું દુખવાનું કારણ પણ થઈ પડે છે. ડેન્ટિસ્ટ પાસે દાંત ઘસાવવાથી કે ટ્રાન્કિવલાઈઝર ઔષધો લેવાથી કોઈ ફાયદો થતો નથી.

ચિંતા ને માનસિક તાણ હેઠળ દાંત કચકચાવવાનું બનતું હોવાથી તે મટાડવા માટે કૃત્રિમ અણગમાનો ભાવ પેદા કરવો જોઈએ. જેથી રોગીને કોઈ અગમતો અનુભવ થવાથી આ ટેવ મટે છે. આના માટે અમેરિકામાં એક રીત શોધાઈ છે. તેમાં રોગી દાંત કચકચાવે તે ટેવ ત્યારે ઇલક્ટ્રોમૅગ્નેટિક કરામત દ્વારા રોગીને કાને લગાડેલા નાના લાઉડ-સ્પીકર દ્વારા ત્રણ સેકન્ડ એક સ્ફોટક અવાજ સંભળાય છે. આથી રોગીને અણગમો થવાથી સ્ફોટક અવાજ પેદા ન થાય તે માટે એ હળવેથી દાંત કચકચાવવા પ્રેરાય છે. આવી કરામતથી દાંત કચકચાવવાનું માત્ર હળવું થાય છે, તે મટતું તો નથી જ.

૪. મારી ૬૫ વર્ષની વયે સવારના દસ-અગિયાર થતાં મને ખૂબ જ ઊંઘ ચઢે છે. જે રોકી રોકાતી નથી; આનું શું કારણ હશે?

ઉ. તમને લોહીનું દબાણ વધારે છે ખરું? તેના માટે કોઈ ઔષધ લો છો ખરા? કદાચ તેની અસર હોઈ શકે. શરીર બહુ સ્થૂળ હોય તો ઓછા શ્વાસોચ્છ્વાસના કારણે શરીરમાં પ્રાણવાયુના પ્રમાણમાં વધારે અંગારવાયુ એકઠો થવાના કારણે ઊંઘ આવવી સ્વાભાવિક છે. હૃદયરોગના કારણે મગજમાં લોહી ઓછું જવાથી કે મગજની લોહીની નળીઓમાં લોહીનું ભ્રમણ ઘટવાથી દિવસના ઊંઘ આવવી સામાન્ય છે.

૫. ડુંગળીથી લોહીનું ઊંચું દબાણ અને કોરોનરી ઈનસફિસિયન્સી જેવા હૃદયરોગોનું નિવારણ થાય છે એ ખરું છે?

ઉ. ડુંગળીમાં વાયવી તેલો, એલાઈન પ્રોપાઈલ, કેરાકોલ્સ થાયોસાઇનેટ્સ, કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ છે. ડુંગળીથી લોહી પ્રવાહી રહે છે ને ચરબીયુક્ત પૌષ્ટિક ખોરાક ખાધા બાદ લોહીને ઘટ્ટ બનતું અટકાવે છે. આ કામ કરનાર દ્રવ્ય હજુ જો કે જુદું પાડી શકાયું નથી. લોહીના ઊંચા દબાણ ઉપર ડુંગળીનો કોઈ ગુણ નથી, પણ હૃદયરોગના સંભવિત રોગીને ખોરાક સાથે કાચી ડુંગળી ખાવાની ભલામણ કરવામાં આવે છે.

૬. ગરીબ બાળકો માટે શિયાળામાં પુષ્ટિદાતા નાસ્તો કયો હોઈ શકે?

ઉ. મગફળી, ચણાનો લોટ ને ગોળની કે મગફળી, તલ ને ગોળની ચીકી, મઠિયાં, ચણાનો લોટ અને ગોળની રાબ. કસરત કે શ્રમ પછી ગોળ અને ઘઉંના લોટની પાણીમાં બનાવેલી રાબ પણ શરીરનું વજન વધારનાર છે.

પચ્ચીસ વર્ષ પહેલાં


ઑગસ્ટ ૧૯૫૨ · સળંગ અંક ૩૪૪




શરીરની કેટલી યે અગમ્ય લાગતી ફરિયાદો, રોગો અને ખેડો વાંકા વળીને, ઢગલો થઇને કે કઢંગી રીતે બેસવાની અને ચાલવાની કુટેવમાંથી ઉત્પન્ન થએલી હોય છે. આ કુટેવ કઈ રીતે શરીરને બગાડે છે તેની વિસ્તૃત સમજ પચ્ચીસ વર્ષ પહેલાં ડૉ. શિવપ્રસાદે આપેલી. એમાંના કેટલાક ઉપયોગી મુદ્દા જોઈએ :


વિદ્યાર્થીઓ નિશાળમાં રોજના પાંચ કલાક લેખે ઘણાં વરસો ગાળે છે. તેમને બેસવાનું સાધન જો સગવડભર્યું અને બરાબર ના હોય તો તે એ પોઆપ વાંકા, ખૂંધા કે નમીને બેસે છે. એમને બેસવાનું સાધન એવું હોવું જોઈએ કે એમના પગ ભોંયથી ઊંચા લટકતા રહે. બેઠકપીઠ અને મેજની રચના એવી હોવી જોઇએ કે બાળક ટટ્ટાર બેસી ડોક સીધી રાખી વાંચી શકે, અને ખૂંધા થયા વગર કે એક ટેકા ઉપર બેસી એક ખભો ઊંચો કર્યા વગર લખી શકે. નમીને કે ખૂંધા વળીને વાંચવાલખવાથી આંખ ઉપર બોજો પડે છે. આથી થાક લાગે છે ને બાળક સ્વાભાવિક રીતે બેઠકમાં ઢળીને બેસે છે. આ રીતે આંખનો બોજો અને બેસવાની કુટેવનું દુષ્ચક્ર ચાલ્યા કરે છે. આ હકીકત મોટેરાંઓને પણ આટલી જ લાગુ પડે છે. આ ઉપરાંત ઢીલા ખાટલામાં સૂવું, ઓશીકાંઓનો અવિવેકભર્યો વપરાશ, ઢીલા કે ચુસ્ત જોડા અને કપડાં પહેરવાં અને તારુણ્યમાં પ્રવેશતી કન્યાનું સ્તનપ્રદેશ નાનો દેખાડવા માટે ખભા અંદરથી વળીને ચાલવું વગેરે કારણો અંગસ્થિતિને બગાડવામાં અગત્યનો ભાગ ભજવે છે.

આ બધાં કારણોથી મેરુદંડનું વિચલન થઇને અંગસ્થિતિ બગડે છે. યોગ્ય અંગસ્થિતિમાં છાતી, થાપાં ને સ્થિર પગ ઉપર માથું સીધું રહે છે. દાઢી અંદરથી ખેંચાએલી, છાતી ટટ્ટાર અને અધ્ધર ઊંચકાએલી, પેટ સપાટ કે અંદરપડતું અને કરોડના યોગ્ય વળાંકો કાયમ રહે છે. અયોગ્ય અંગસ્થિતિમાં શરીરમાં દેહની આવશ્યક ક્રિયાઓમાં અંતરાયો ઊભા થાય છે અને અદૃશ્ય એવા ફેરફારો થવા માંડે છે, જેના પરિણામે આરોગ્ય જોખમાય છે. ગોળ ખભા અને બેઠેલી સપાટ છાતીમાં છાતીની બખોલ નાની બને છે. આમ થતાં ફેફસાં સંકોચાય છે. શ્વાસ લેતી વખતે તેમને ફૂલવા માટે જોઇએ એટલી જગા રહેતી નથી. આથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર થતી નથી. સંકોચાએલાં, લોચો વળેલાં ફેફસાંનું દબાણ હૃદય ઉપર પડે છે, આથી તેના કામમાં પણ અંતરાય ઊભો થાય છે. વળી આવું જ નીચાપડતું દબાણ ઉદરપટલ ઉપર થતાં પેટ ને પેડુના અવયવોની કામગીરીમાં ડખલ ઊભી થાય છે. પરિણામે ફેફસાંમાં પૂરતા પ્રમાણમાં હવા નહિ આવવાથી પ્રાણવાયુ પણ ઓછો આવે છે, જે પેશીઓની કામગીરી માટે ખાસ જરૂરી છે. આવી જ રીતે દેહમાંનાં વ્યયદ્રવ્ય કાર્બન ડાયોક્સાઈડ ને બીજા વાયુઓ બરાબર નિકાલ ન થતાં શરીરમાં જ એકઠા થવાથી ઘેન, આળસ, થાક વગેરે ચિહ્નો દેખા દે છે. ફેફસાં પૂરેપૂરાં ભરાય ને ઠલવાય એવી શ્વાસોચ્છ્વાસની ક્રિયા ન થવાના પરિણામે ક્ષયરોગના જીવાણુ ફેફસાંમાં કાયમનું ઘર કરતાં ક્ષય લાગુ પડે છે. ખોટી અંગસ્થિતિ ઊભા રહેવા કરતાં બેસવામાં વધારે છતી થાય છે, એટલે આ સ્થિતિ હૃદય ઉપર વધારે બોજો નાખનારી છે. હૃદય ઉપર પડતા વધારાના બોજાને લીધે તે કદમાં વધે છે, જે હાઈ બ્લડપ્રેશરનું એક મુખ્ય કારણ છે. ટટ્ટાર બેસવાથી મગજને શુદ્ધ થએલું લોહી પૂરતા પ્રમાણમાં મળે છે. ખોટી રીતે બેસવાથી છાતીના ઉપલા ભાગની અને ગરદનમાંથી જતી લોહીની નળીઓ દબાણને લીધે સંકોચાવાથી મગજને પૂરતું લોહી મળતું નથી. પરિણામે મગજ થાકવાથી બગાસાં અને ઊંઘ આવે છે.





કમર મરડીને લખવા-બેસવાની આરામભરી લાગતી આદતથી કરોડરજ્જુ વાંકી વળી જઇને પાંસળીઓ કેવી કઢંગી બની જાય છે તે અહીં દર્શાવ્યું છે. આવી હાલતથી તેમાં રહેલાં ફેફસાં, હૃદય, હોજરી વગેરે પણ સંકોચાઈ-મરડાઇને કેવું કામ આપી શકે એ સહેજે સમજી શકાશે.



આપણી ઊભા રહેવાની સ્થિતિ જો સાચી હોય તો ઓળંભાની કલ્પિત રેખા આપણા માથામાંથી પસાર થઈ કાન, ખભા, કમર, ઢગરા, ઢીંચણ અને ઘૂંટીના મધ્યમાંથી જતી હોવી જોઈએ. એમાં જેટલી ખામી તેટલી આપણી ઊભા રહેવાની સ્થિતિ ખોટી. ઉપર ઊભા રહેવાની સાચી અને ખોટી રીત દર્શાવી છે.

વાંકા કે ખૂંધા બેસવાથી પેટના અવયવો ઉપર દબાણ થાય છે. આથી બંધકોષ થઈ એમાં જમા થએલા મળમાંથી પેદા થએલું વિષ લોહીમાં ભળે છે. સ્ત્રીઓની કમરના દુખાવાની બીજી ફરિયાદો ખોટી રીતે બેસવાની કે ઊભા રહેવાની ટેવને લીધે ઉત્પન્ન થએલી હોય છે.

અંગસ્થિતિનો આધાર મેરુદંડ ઉપર છે. તેને સીધો રાખવો જોઇએ. આ ટેવ નાનપણથી જ પાડવી જોઇએ. મોટપણે મહાવરાથી ને વ્યાયામથી એ પ્રાપ્ત થાય છે. એક વ્યાયામ માથા ઉપર ભાર ઊંચકવાનો છે. આથી બરડા અને કરોડની નાનામાં નાની ને નાજુક માંસપેશીને વ્યાયામ મળે છે. માથા ઉપર ભાર વહેવા ટેવાએલી ગામડિયણ કે રબારણની ચાલ કેવી છટાભરી, ગૌરવભરી ને ચપળ હોય છે! વ્યાયામથી બરડાની બાજુની ને પેટની માંસપેશીઓનો વિકાસ થતાં કરોડ ને આખું શરીર ટટ્ટાર રહે છે. □

સાહિત્યસંપર્ક

શબ્દકથા : બાફ · બફારો

સંસ્કૃતમાં व्राष्प (કે वाष्प)ના બે અર્થ છે: (૧) 'આંસું', (૨) 'વરાળ', પ્રાકૃતમાં તેનાં બે રૂપ થયાં છે. व्राफ દ્વારા वाह થયું, જે 'આંસું'ના અર્થમાં અપભ્રંશકાળ સુધી વપરાતું રહ્યું છે. હવે એ કેવળ કાશ્મીરીમાં 'વરાળ'ના અર્થમાં મળે છે. वाष्प ઉપરથી वाफ દ્વારા થએલ बाफ હિંદી, કુમાઉની, ગુજરાતી અને મરાઠીમાં, भाप નેપાળી, અસમિયા, બંગાળી અને ઓડિસીમાં, તથા भाफ હિંદીમાં 'વરાળ'ના અર્થમાં મળે છે. અહીં સિંહલી वप 'આંસુ'નો પણ નિર્દેશ કરી શકાય. મગઠીમાં वाफ પણ છે. તેના ઉપરથી ક્રિયાપદ वाफवुं 'ગરમ પાણી કે વરાળમાં રાંધવું, શેકવું કે ઉકાળવું' અને તેના ઉપરથી નામ बफारो 'વરાળ, ઉકળાટ, ધામ' થયાં છે.

बाफवुनो લાક્ષણિક અર્થ 'ન કરવાનું કરી બેસવું કે ન બોલવાનું બોલી બેસવું. (કામ) બગાડી કે ચૂંથી નાખવું' એ 'બીજાની સાથે અણધાર્યું કશુંક રાંધીને બગાડવું' એવા મૂળ અર્થમાંથી વિકસ્યો લાગે છે. बफाट અને बाफणुं આ લાક્ષણિક અર્થ પણ ધરાવે છે, પણ बफारो કેવળ મૂળ અર્થ ધરાવે છે.

હેમચંદ્રાચાર્યે ટાંકેલા માલવના રાજકવિ મુંજના નીચેના રમણીય મુક્તકમાં वाह શબ્દ 'આંસુ'ના અર્થમાં વપરાયો છે (વિરહના પ્રથમ અનુભવે વ્યથિત મુગ્ધા પ્રત્યેનું આ સખીવચન છે):

'ચૂડુલ્લઉ ચુણ્ણી હોઇ સઇ મુદ્ધિ કવોલિ નિહિત્તઉ।
સાસાનલ–જાલ–ઝલક્કિયઉ બાહ-સલિલ-સંસિત્તઉ॥'

'હે મુગ્ધા, જેના પર તેં ગાલ ઢાળ્યો છે તે તારો ચૂડલો, તારા નિસાસાની અગનઝાળે ધગધગી જઈને પછી તારા અશ્રુજળે તરબોળ થતાં, ચૂરો થઈ જશે.'

હરિવલ્લભ ભાયાણી

નવા કાવ્યસંગ્રહો

ધીરુ પરીખ

વમળનાં વન: મુંબાઈમાં વસતા કવિ શ્રી જગદીશ જોષીના આ બીજા કાવ્યસંગ્રહમાં સૉનેટ, ગીત, ગઝલ આદિ વિવિધ સ્વરૂપો છે, તો પ્રકૃતિ, પ્રણય, પ્રભુ, નગર સંસ્કૃતિ આદિ વિવિધ વિષયો પણ છે. આ ઉપરાંત, તાજપવાળી કેટલીક ગદ્યરચનાઓ પણ છે. અભિવ્યક્તિની નાવીન્યજન્ય તાજપ આસ્વાદ્ય બની રહે છે. (વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૨૫.)

હસ્તાક્ષર: જાણીતા કવિ-સંપાદક સુરેશ દલાલની વિવિધ સ્વરૂપની ૩૪ કૃતિઓનો નાનકડો સંગ્રહ, જેમાંની કેટલીક રચનાઓ અગાઉ 'અરવિંદ મુનશી' અને 'રચિન શાહ'ને નામે પ્રકાશિત થઈ ગએલી. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૫.)

રૂપના લય: પ્રસિદ્ધ કવિ 'ઉશનસ્'ના 'અશ્વત્થ' પછીના આ નવા કાવ્યસંગ્રહમાં પણ ગીત, સૉનેટ વગેરે સ્વરૂપો છે, જેમાં સૉનેટ વધુ સારી રીતે ખેડાયાં જણાશે. રચનાઓ વાંચવી ગમે છતાંય 'ઉશનસ્'નો કોઈ નવો ઉન્મેષ ખાસ જોવા મળતો નથી. (પ્રકા. શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; પાકું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૯–૫૦.)

સભર ખાલીપો: શ્રી કનુ મહેતા 'વ્યોમ'નો આ પ્રથમ કાવ્યસંગ્રહ એમની પાસેથી વધુ સારી કૃતિઓ મળવાની આશા જન્માવી જાય છે. અહીં રજૂ થએલાં ગીતો-ગઝલોમાં કવિનો પ્રકૃતિ સાથેનો સીધો તંતુ સુપેરે પ્રકટ થયો છે. છંદ અને લય પરની એમની હથોટી પણ આનંદપ્રદ છે. એમની અભિવ્યક્તિનો સુશ્રુ અંશ ખૂબ જ આકર્ષક છે, પણ એનો જ અતિરેક મોં ભાંગતી મીઠાશ ન પીરસી જાય તે બાબત સાવધ રહેવા જેવું ખરું. વિષાદ આનંદ ઉભય ઊર્મિને એમણે સચોટતાથી અભિવ્યક્ત કરી છે. એકંદરે વાંચવો ગમે તેવો આ સંગ્રહ કવિની પ્રચ્છન્ન શક્તિઓને સારી રીતે પ્રકટ કરી જાય છે. (પ્રકા. ગંગાજળા પ્રકાશન, અલીઆબાડા; કાચું પૂઠું, પૃ. ૧૦૧, રૂ ૫-૫૦.)

પરિદેવના: અંગત વ્યક્તિના ચિર વિરહથી જન્મતી વિષ દઘેરી લાગણીમાંથી જે રચનાઓ નિર્માય છે તે એલિજિ કક્ષાની કૃતિઓ આ સંગ્રહમાં, લોકપ્રિય કવિ પ્રિયકાન્ત મણિયારના અચાનક અવસાનથી મિત્રકવિ યશવન્ત ત્રિવેદીના ચિત્તમાં વ્યાપી વળેલા ઊંડા શોકમાંથી જન્મેલી કૃતિઓ મૂકવામાં આવી છે. લાગણીની સચ્ચાઇનો ઊભરો હૃદયસ્પર્શી બન્યો છે અને અનેક સ્થળે તે કલાત્મક અભિવ્યક્તિ પણ પામ્યો છે. (પ્રકા. કવિ પોતે જ; મુ. વિક્રેતા: આર. આર. શેઠની કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૬.)

મૌનના ભણકાર: આ કાવ્યસંગ્રહના કર્તા શ્રી શોભન વ્યવસાયે વૈદ્ય છે, પણ અહીં બે પૂઠાં વચ્ચે સંગૃહીત થએલી કાવ્યકૃતિઓ ભલે ઊંચી કક્ષાની કલાકૃતિઓ ન હોય તોય એમના સાચા કવિતા રસની અને સર્જક ચિત્તની ઝાંખી કરાવી રહે છે. અહીં નાનીમોટી એવી ૬૩ રચનાઓ સમાવિષ્ટ છે, જેમાં વિષય વૈવિધ્ય પણ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. (પ્રકા. અભિરુચિ પ્રકાશન, ૬, હરસિદ્ધ ચેમ્બર્સ, બીજે માળ, આશ્રમરોડ, અમદાવાદ ૧૪; કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૫.)

સારંગા: શ્રી કનુ રાવળ 'આવેશ'ના આ કાવ્યસંગ્રહમાં ગીતો, ગઝલો ને ભજનો મૂકવામાં આવ્યાં છે, જેમાં એમનો સ્પંદનવ્યાપાર એઓ અભિવ્યક્ત કરવા મથી રહ્યા છે. ક્યાંક ક્યાંક એનાં આસ્વાદ્ય પરિણામો–મોટે ભાગે પંક્તિઓમાં જ–આવ્યાં છે. પણ કવિની લગની એમ સૂચવી જાય છે કે એમનું સર્જનસાતત્ય એમની પાસે વધુ કાવ્યકલા ઘૂંટાવશે. (પ્રકા. અનુરાધા પ્રકાશન, નારાયણ નિવાસ, ચાર રસ્તા, મણિનગર, અમદાવાદ-૮; કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૭.)

અરવ: કવિપુત્રી નિર્ઝરી મહેતાના આ નાનકડા પ્રથમ કાવ્યસંગ્રહમાં એમના કવિજીવની ઓળખ મળ્યા વગર રહેતી નથી. એમણે આપેલાં કેટલાંક શબ્દચિત્રો અને કેટલીક સંવેદનપટુ પંક્તિઓ ભવિષ્યમાં વધુ સારી અખંડ કાવ્યકૃતિઓ પ્રાપ્ત કરવા જેટલી આશા તો જરૂર જન્માવી જાય છે. (વિક્રેતા: ગુજરાત પુસ્તકાલય સહકારી સંઘ લિ., સંસ્થા વસાહત, વડોદરા; કાચું પૂઠું, પૃ. ૩૮, રૂ. ૪.)

ગીત ગોવિંદનાં: મુખ્યત્વે રાધાકૃષ્ણનાં અને થોડાં મહાકાળીનાં ભક્તિપદોની આ રચનાઓના રચયિતા છે શ્રી જયમંગલ. (પ્રકા૦ જગદીશ શાહ, ફેફળિયા ભવન સામે, માંડવી (કચ્છ); કાચું પૂઠું. પૃ. ૩૦, કિંમત નથી.)

ફોરાં ને ફૂલ: જાણીતા કવિ શ્રી પિનાકિન્ ઠાકોરની બાલકિશોર કાવ્યરચનાઓનો સુભગ સંગ્રહ શાળાઓને વસાવવો અને કિશોરોને

તો હોંશે હોંશે વાંચવો ગમે તેવો છે. (વિક્રેતા આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૩.)

ઉપદ્રવ : શ્રી નાથાલાલ દવેનાં હાસ્ય અને કટાક્ષનાં કાવ્યોના સંગ્રહની બીજી આવૃત્તિ તેની લોકચાહના પુરવાર કરશે. (વિક્રેતા: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪.)

આપણો કવિતા-વૈભવ-૧ : જાણીતા વિદ્વાન વિવેચક અને પ્રસિદ્ધ કવિશ્રી મનસુખલાલ ઝવેરીએ આ પ્રથમ ખંડમાં ઈ. ૧૮૫૫થી ૧૯૨૦ સુધીમાં જન્મેલા કવિઓનાં કાવ્યોનું સવિવરણ સંપાદન કર્યું છે. સંપાદકની કાવ્યસૂઝ અને અર્થપકડનો અહીંના ટૂંકા આસ્વાદોમાં સુપેરે પરિચય મળી રહે છે. જ્યાં જ્યાં એમને વિશેષ જરૂર જણાઈ છે ત્યાં ત્યાં આસ્વાદને છેડે ઉપયોગી થાય તેવું લઘુ ટિપ્પણ પણ મૂક્યું છે. (પ્રકા. અશોક પ્રકાશન, ૧૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પાકું પૂઠું, પૃ. ૩૭૪, રૂ. ૧૨.)

આપણો કવિતા-વૈભવ-૨ : જાણીતા વિદ્વાન વિવેચક અને પ્રસિદ્ધ કવિશ્રી મનસુખલાલ ઝવેરીએ આ ખંડમાં ઈ. ૧૯૨૦ પછી જન્મેલા કવિઓનાં કાવ્યોનું સવિવરણ સંપાદન કર્યું છે. એમાં, સૉનેટ, ગીત, ગઝલ, પરંપરિત રચના વગેરેનો એમણે મુખ્યત્વે અર્થદ્યોતક આસ્વાદ કરાવ્યો છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૨૪૫, રૂ. ૧૨.)

આપણાં ઊર્મિકાવ્યો : કવિશ્રી મનસુખલાલ ઝવેરી સંપાદિત આ પુસ્તકમાં આપણા મધ્યકાલીન કવિઓનાં ઊર્મિકાવ્યોનો, તેની ભૂમિકા સાથે મિતાક્ષરી આસ્વાદ કરાવવામાં આવ્યો છે. જો કે એમાં અર્વાચીન યુગના ઉગમકાળના બે કવિઓ-દલપત અને નર્મદ-ની પણ કુલ પાંચેક રચનાઓ સામેલ કરાઈ છે. આપણાં એ જાણીતાં ઊર્મિકાવ્યોના રસ-ઉઘાડમાં સંપાદકની ઝીણી સમજ દૃષ્ટિગોચર થયા વગર રહેતી નથી. પરિણામે આ નાનકડો સંગ્રહ પણ સંતર્પક સંપાદન બની રહે છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું, પૃ. ૧૩૬, રૂ. ૭.)

ગુંજારો : કવિ-વિવેચક યશવંત ત્રિવેદીના આ સંપાદનમાં અર્વાચીન ગુજરાતી કવિઓના કાવ્યાસ્વાદો આપવામાં આવ્યા છે. કવિએ પસંદ કરેલી કૃતિઓ તે તે કવિની ઉત્તમ રચના જ છે એવો એમનો કે વાંચ્યા પછી ભાવકનો દાવો નથી. પરંતુ કવિના વ્યક્તિત્વની વિશિષ્ટ મુદ્રા ઉપસાવતી કાવ્યકૃતિઓ અહીં સંગૃહીત જરૂર થઈ છે. આ સંગ્રહમાં ગીત, ગઝલ અને ગદ્યરચનાઓનો સમાવેશ થયો છે અને તેના આસ્વાદોમાં સંપાદકની કાવ્યસમજ તેમજ વાચન વિશાળતાનો સારી રીતે પરિચય મળી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી પ્રભુદાસ પટવારી

જન્મ : ધંધુકામાં, તા. ૨૪ જુલાઈ, ૧૯૦૯. બી.એ., એલએલ.બી.; સુપ્રીમ કૉર્ટના સીનિયર વકીલ; હાલ તામિલનાડુના રાજ્યપાલ. અભ્યાસકાળથી જ રાષ્ટ્રીય બનાવોમાં રસ લેવા માંડી '૩૨ના સત્યાગ્રહમાં છ માસ ને '૪૨ની 'હિંદ છોડો'ની ચળવળમાં નાસિકમાં એક વર્ષ જેલ ભોગવી. છેલ્લે 'કટોકટી'ના કાળમાં 'મિસા'માં ને 'વડોદરા સુરંગ પ્રકરણ'માં એપ્રિલ '૭૬ થી ફેબ્રુ. '૭૭ સુધી જેલમાં રહેવું પડયું. ઔદ્યોગિક કાયદા, સ્ત્રીઓના સામાજિક પ્રશ્નો, પોલીસ ને પ્રજાના સંબંધ વગેરે વિષે એમના લખાણનાં સાતેક પ્રકાશનો થયાં છે. ગાંધીજીનાં રચનાત્મક કાર્યો, હરિજન, ખાદી, ગ્રામઉદ્યોગ, નશાબંધી, પરિવાર-નિયોજન વગેરે અનેક ક્ષેત્રોમાં સક્રિય સેવા આપવા સાથે શૈક્ષણિક, સામાજિક ને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન, અનેક સંસ્થાઓ ને સમિતિઓ તથા ટ્રસ્ટ સાથે જોડાએલા. ૧૯૫૨ થી '૬૦ મુંબાઇ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ને ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં ૮ વર્ષ સભ્યપદ.

૧. પોતાની ફરજો અંગે રાજ્યપાલે કેવી દૃષ્ટિ અપનાવવી જોઇએ?

ઉ. રાજ્ય અને રાષ્ટ્રના હિતનો સમન્વય સાધવા સાથે બધા પ્રશ્નોનો ઉકેલ શોધવાની દૃષ્ટિ રાખવી જોઇએ. વહીવટીતંત્રમાં દીન-દુખિયાંના પ્રશ્નો પ્રતિ વિશેષ લક્ષ આપવા સાથે કાર્યક્ષમતા, પ્રામાણિકતા અને વિભાગીય ઐક્ય સાથે વહીવટ ચાલે એ પ્રતિ લક્ષ રાખી રાજ્યપાલે પ્રજા અને સરકારની વચ્ચેની એક કડી રૂપ બની રહેવા પ્રયત્ન કરવા જોઇએ.

૨. અનેક રચનાત્મક કાર્યોના આપના અનુભવનું તારણ કહેશો?

ઉ. અનુભવે મને ખાતરી થઈ છે કે સન્નિષ્ઠાપૂર્વક કરેલાં કાર્યો આરંભમાં થોડી મુશ્કેલીઓ પછી જરૂર પાર પડે છે. પૈસા ને સાધનો એમાં જરૂર મળી રહે છે અને એના ચોખ્ખા હિસાબ અને સદ્વ્યય પ્રતિ લક્ષ રાખવામાં આવે તો સારાં કાર્યો કદી અટકતાં નથી.

૩. અનેક મહાનુભાવોના પરિચય પછી આપને સવિશેષ કોનું આકર્ષણ રહ્યું છે અને એ શાથી?

ઉ. પૂ. રવિશંકર મહારાજ પ્રત્યે મને સવિશેષ ભાવ છે. ગાંધીજીએ ચીંધેલા માર્ગે ચાલનાર એમના સૌ પ્રત્યેના સમાન પ્રેમ, સાચાં મૂલ્યોની રખેવાળી, અત્યંત સાદાઈ, સ્થિતપ્રજ્ઞતા તથા અક્રોધ અને કરુણાથી મારે મન એ પરમ સંતપુરુષ છે.

૪. અનેક સંસ્થાના ટ્રસ્ટી હોવાના અનુભવે, આપ ટ્રસ્ટી પાસેથી શું અપેક્ષિત ગણો છો?

ઉ. પોતાના પદનો સીધો કે આડકતરો કોઈ જ લાભ ઉઠાવ્યા વિના બિલકુલ નિઃસ્વાર્થ પણે, અત્યંત પ્રામાણિકતાથી ને કરકસરપૂર્વક ટ્રસ્ટના હેતુઓ સાધવા સજાગ રહેવું જોઈએ.

૫. દેશને આર્થિક દૃષ્ટિએ સધ્ધર બનાવવા શાં પગલાં જરૂરી છે?

ઉ. ભૌતિક દૃષ્ટિએ ભારત ઘણું સમૃદ્ધ છે. એનો પૂરો લાભ લેવો જોઈએ. પ્રાંતવાદની સંકુચિતતા દૂર કરી, એની મોટી નદીઓ પર આધારિત વિશાળ યોજનાઓ ઘડી સમગ્ર રાષ્ટ્રને હિતકારી કાર્યો સિદ્ધ કરવાં જોઈએ. ભ્રષ્ટાચારને કડક હાથે દાબી દેવો જોઈએ. ગ્રામવિસ્તાર પ્રતિ વધુ લક્ષ આપી એનો સર્વાંગી વિકાસ સાધીને ઉત્પાદન, ભાવનિયમન, બેરોજગારી વગેરેના પ્રશ્નોના ઉકેલ પ્રતિ લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ.

૬. આપને મન જિંદગી એટલે?

ઉ. સત્કાર્યો કરતા રહી આનંદ અને આશાવાદમાં રહેવું તે.

૭. આપને પ્રિય લેખક, કવિ, પુસ્તક અને પાત્ર?

ઉ. ગુજરાતને લક્ષમાં રાખીને કહું તો પ્રિય લેખક ઝવેરચંદ મેઘાણી, પ્રિય કવિ નાનાલાલ, પ્રિય પુસ્તક શ્રીમદ્ ભાગવત અને પ્રિય પાત્ર શ્રી કૃષ્ણચંદ્ર.

૮. ઇશ્વર, ધર્મ અને કર્મ સંબંધી આપની માન્યતા?

ઉ. પ્રભુસ્મરણ એ જીવનનો મોટામાં મોટો આનંદ છે. સારું સાદું જીવન જીવવાનો સતત પ્રયત્ન એ ખરો ધર્મ; ને અન્યને નુકસાન ન થાય તેવાં કાર્યો પ્રત્યેની તથા થએલી ભૂલોનું પુનરાવર્તન ન થાય એ પ્રતિની સજાગતા માણસમાં હોવી જોઇએ.

પ્રભુદાસ બાળુભાઈ પટવારી

રહે છે, ને પરિણામે એ આસ્વાદો પણ આસ્વાદ્ય બની શક્યા છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૧૨.)

હયાતી: શ્રી હરીન્દ્ર દવેના 'આસવ', 'મૌન', 'અર્પણ', 'સમય', 'સૂર્યોપનિષદ' સંગ્રહોમાંથી અને ત્યાર પછીની રચનાઓમાંથી સંપાદન કરીને શ્રી સુરેશ દલાલે આ સંપાદનમાં કુલ ૧૦૨ કૃતિઓ સંગૃહીત કરી છે તે હરીન્દ્ર દવેના કવિ-વ્યક્તિત્વનો સર્વગ્રાહી પરિચય કરવા માટે પર્યાપ્ત બની રહેશે. સંપાદનના આરંભે ૬૪ પાનાંની શ્રી દલાલની પ્રસ્તાવના હરીન્દ્ર દવેની કવિતાનો તેમનો અભ્યાસ તો છતો કરે જ છે, પણ સાથે સાથે વાચકને પણ શ્રી દવેના કવિ વ્યક્તિત્વનો સમ્યક્ પરિચય કરાવી રહે છે. સંગ્રહની સુંદર સુઘડ છપાઈ અને સજાવટ પણ ધ્યાન ખેંચ્યા વગર રહેશે નહિ. (મુખ્ય વિક્રેતા: નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨ સામળદાસ ગાંધી માર્ગ, મુંબાઈ-૪૦૦ ૦૦૨; પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૫.)

ક્રૉસ અને કવિતા: કવિ યૉસેફ મૅકવાનનું આ પ્રથમ સંપાદન છે. આ સંગ્રહમાં આપણા કાવ્યસાહિત્યમાં ઈસુ ખ્રિસ્તને કેન્દ્રમાં રાખીને રચાએલી 'કાંત'થી ઈન્દ્રવદન સેની સુધીની કાવ્યકૃતિઓ સંગૃહીત કરવામાં આવી છે. દરેક કૃતિનો કવિતાલક્ષી આસ્વાદ આપવાનો પણ સંપાદકે પ્રયાસ કર્યો છે, ત્યારે બીજી આવૃત્તિમાં એ આસ્વાદો વધુ સૂક્ષ્મ રીતે લખાય એમ આશા પ્રકટ કર્યા વગર રહી શકાતું નથી. આ પ્રકારનાં, એક વિષયને કેન્દ્રમાં રાખી થતાં સંપાદનો આપણે ત્યાં કેટલાં? આથી આવાં વિવિધ સંપાદનો કરવાની ચાનક આપણા નવા નવા સંપાદકોને ચડે તો એ પણ આની એક સારી ફલશ્રુતિ ગણાશે. (પ્રકા. ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૬; કાચું પૂઠું, પૃ. ૬૬, રૂ. ૨–૫૦.)

અટૂલી અનાર: સ્વ. કવિ પતીલની ૧૯૪૬માં રચાએલી એક પ્રસંગકથાનું શ્રી નટવર મ. અકલેસરીએ કરેલું સંપાદન. (વિક્રેતા: સુમન પ્રકાશન, ૮૬ ડામરગલી, મુંબઈ-૯; કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૪)

વ્યામોહ જવનિકા: સ્વ. કવિ પતીલના 'વ્યામોહ જવનિકા' તેમજ 'રહો નિકેતન' ખંડકાવ્યનું ઉપર્યુક્ત સંપાદકે કરેલું સંપાદન. (વિક્રેતા: ઉપર મુજબ; કાચું. પૃ. ૪૦, રૂ. ૩.)

મારી ઉર્વશી: સ્વ. કવિ પતીલના પ્રણયકાવ્ય 'મારી ઉર્વશી' (રચના વર્ષ ૧૯૪૬)નું ઉપર્યુક્ત સંપાદકે કરેલું સંપાદન. (વિક્રેતા: ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૩.)

એક નશો હજાર મુસીબતો: મદ્યનિષેધ તો 'મનુસ્મૃતિ'માં પણ કહેવાયો છે, છતાં ય આજે પૂર્વ-પશ્ચિમ સર્વત્ર જાણે મદ્યનું જ સામ્રાજ્ય જામ્યું છે! માનવને તન, મન ને ધનથી બરબાદ કરી મૂકનાર મદ્યના નશાની ઐતિહાસિક અને વૈજ્ઞાનિક છણાવટ કરતા શ્રી વિરાજ લિખિત હિન્દી પુસ્તકના કે. એલ. વાઘેલાએ કરેલા આ ગુજરાતી અનુવાદમાં આપણી પ્રજાને માટે વિજ્ઞાનપૂત અને હકીકતપૂત ચેતવણીનો સૂર કાઢવામાં આવ્યો છે, અને ખૂબ જ સ્પષ્ટ વિષય-છણાવટથી એ બૂરી ટેવનાં ભયસ્થાનો સુપેરે પ્રકટ કરવામાં આવ્યાં છે, જે આપણા સામાજિક અને વૈયક્તિક સ્વાસ્થ્યની જાળવણી માટે અત્યંત ઉપકારક થઈ પડે તેમ છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૭-૫૦.)

કેટલુંક બાલસાહિત્ય: આર આર. શેઠની કંપની તરફથી શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યના કેટલાક સેટ તેમજ અન્ય પુસ્તિકાઓ પણ પ્રકટ કરવામાં આવ્યાં છે. મોટા ટાઈપ અને સુંદર છપાઈ તેમજ રંગબેરંગી પૂઠાંવાળી આ પુસ્તિકાઓ બાળકોને સુરુચિપૂર્ણ વાચન તો પૂરું પાડે જ છે, પણ સાથે સાથે એમના જ્ઞાનમાં ય વધારો કરે છે. આ પ્રકારના સાહિત્યમાં નીચે પ્રમાણે સેટ પ્રકટ થયા છે:

(૧) ચાલો પ્રવાસે: બાળકોને પ્રવાસનો શોખ તો હોય જ. અહીં વિવિધ સ્થળોના પ્રવાસની રસિક માહિતી જાણીતાં બાળલેખકો ગિજુભાઈ અને તારાબેને આપી છે, જે વાંચ્યા બાદ બાળકોમાં પ્રવાસ માટેની ઝંખના જગાડી રહે તેવી છે. આઠ પુસ્તિકાના આ સેટમાં **બાળપ્રવાસો, ગુજરાત-મહારાષ્ટ્ર, દાદા દર્શને, ગિરિશિખરો, આફ્રિકા સાંભર્યું, ફરવા જઈએ, રોજનીશી** અને **ખળાવાડ** અનેનો સમાવેશ થયો છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૦.)

(૨) જીવનપરિચય ગ્રંથમાળા: પ્રસ્તુત ગ્રંથમાળાનાં સંપાદકો ગિજુભાઈ અને તારાબેને બાળકોને આપણા જીવાતા જીવન-સંસારનો સમ્યક્ પરિચય મળી રહે તે સદાશયથી જીવન પર અસર કરનારાં વિવિધ પરિબળો–શેરી, ઘર, કુદરત વગેરે—નો ચારુ પરિચય કરાવ્યો છે. આ સેટમાં **શેરીમાં, બાળશાળામાં, કુદરતમાં, કબાટ, આંગણામાં, લો લો લો, ટપાલની પેટી** અને **ઘરમાં** એમ આઠ પુસ્તિકાઓનો સમાવેશ થયો છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૦.)

(૩) જ્ઞાનવર્ધક ગ્રંથમાળા: બાળકોને દૃષ્ટાંતકથાઓ દ્વારા જીવનોપયોગી સદાચાર અને સદ્‌વ્યવહારનું જ્ઞાન મળી રહે તેમ જ વિજ્ઞાન અને ઇતિહાસની કેટલીક જાણકારી પ્રાપ્ત થાય એ આશયથી સંપાદકો ગિજુભાઈ અને તારાબહેને આ ગ્રંથમાળામાં **પૂછું?, સવારથી માંડીને, બાળકોના લેખો, કહેવતોનાં મૂળ આપણે પોતે, એમ-કેમ?, સાજા રહીએ** અને **નાની વાતો** એમ આઠ પુસ્તિકાઓ તૈયાર કરી છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૦.)

(૪) કહેવત કથામાળા: આપણી કેટલીક જાણીતી કહેવતોનો મર્મ બાળકોને સમજ પડે એ રીતે દૃષ્ટાંતકથા દ્વારા આ શ્રેણીમાં નિરૂપવામાં આવ્યો છે. એના લેખક છે સુરેશ ઠાકોર અને એ દસ પુસ્તિકાઓ છે: **સંપ ત્યાં જંપ, હવેલી લેતાં ગુજરાત ખોઇ, અક્કલ બડી કે ભેંસ, બોલે તે બે ખાય, મન ચંગા તો કથરોટ મેં ગંગા, શેઠની શિખામણ ઝાંપા સુધી, સંઘરેલો સાપ પણ કામનો, કરતા હો સો કીજીએ, દાઢીના દોઢસો ચોટીના ચારસો** અને **નવે નાકે દિવાળી.** (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૦–૫૦.)

(૫) સાત સમંદર બાલવાર્તાવલિ: બાલસાહિત્યના જાણીતા સર્જક શ્રી રમણલાલ સોનીએ તૈયાર કરેલી આ શ્રેણીમાં આ પ્રમાણે દસ પુસ્તિકાઓ પ્રકટ કરવામાં આવી છે, જે બાળકોનો વાર્તારસ સારી રીતે સંતોષે છે: **ઘોડા ઠાકોર, મિજાજનો બાદશાહ, હુસેનચાચા, જાદુઈ કિટલી, અજબ બાણાવલી, ભૂતિયા હથોડી, ટચૂક રાજા અને ટચૂક રાણી, સાતમારખાં, ઘઉંલો ગોવાળ,** અને **પગ-પુ.** (પ્રત્યેકનું કાચું પૂઠું પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૨–૫૦.)

—અને છેલ્લે

અંગ્રેજ કવિ ટૉમસ મૂર ગરીબીમાંથી ઊંચે આવેલો. તેની કીર્તિની ટોચે તે પહોંચ્યો ત્યારે તેને લંડનની એક ફૅશનેબલ ક્લબનો સભ્ય બનાવવામાં આવ્યો. ત્યાં જે એકમાત્ર ઉમરાવે તેને દાખલ કરવા સામે વાંધો ઉઠાવેલો તેણે એની પાસે આવીને પૂછ્યું: 'મિ. મૂર, મેં સાંભળ્યું છે કે તમારા પિતા એક સામાન્ય વેપારી હતા, ખરી વાત?' મૂરે કહ્યું: 'હા નામદાર, ખરી વાત; ને એ ઘણા પ્રામાણિક હતા.' પેલા ઉમરાવે પૂછ્યું: 'તો પછી તમે કેમ એવા ન થયા?' મૂરે કહ્યું: 'મારી એટલી મર્યાદા;' અને પછી સામું પૂછ્યું: 'મેં સાંભળ્યું છે, નામદાર, કે આપના પિતા એક સદ્‌ગૃહસ્થ હતા, તો પછી આપ એવા કેમ ન થયા?'

ઋષિમંડળ-૮
વૈશંપાયન

વૈશંપાયન ઋષિનું નામ તો ઘણું જાણીતું છે, પણ એમના વૈયક્તિક જીવન વિષે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. વ્યાસના ચાર પ્રમુખ વેદપ્રવર્તક શિષ્યો પૈકીના તેઓ મુખ્ય શિષ્ય હતા અને યજુર્વેદના સંપૂર્ણ જ્ઞાતા હતા. ઋગ્વેદના કેટલાક મંત્રોના એમણે નવા જ અર્થ તારવ્યા હતા. યજુર્વેદની બે પ્રમુખ શાખામાંની એક 'કૃષ્ણ યજુર્વેદ'ના એ પ્રવર્તક હતા.

એવું મનાય છે કે વ્યાસ પાસેથી શીખેલા કૃષ્ણ યજુર્વેદની ૮૬ સંહિતા કરી એમણે એ પોતાના ૮૬ શિષ્યોને શીખવી હતી (કેટલાકના મતે આ સંખ્યા ૨૭ની પણ છે.) ઉત્તર, મધ્ય ને પૂર્વ ભારતમાં એમની શિષ્ય પરંપરા ચાલી હતી. વૈશંપાયન પ્રણીત ૮૫ શાખામાંથી તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ અને કપિષ્ઠલ શાખા સિવાયની બીજી લુપ્ત થઈ ગઈ છે.

એક કથા છે કે વૈશંપાયના ભાણેજ યાજ્ઞવલ્કયએ એમની પાસેથી કૃષ્ણ યજુર્વેદ શીખી ને અભિમાન કરતાં વૈશંપાયને એ વિદ્યા પાછી માગી. યાજ્ઞવલ્કયે એ વમન કરી પાછી કાઢી આપી, જે વૈશંપાયનના અન્ય શિષ્યોએ તેતરનું રૂપ ધારણ કરીને ચણીચાટી લીધી. આ પરથી કૃષ્ણ યજુર્વેદ 'તૈત્તિરીય' નામ પામ્યો.

વ્યાસે કૌરવ પાંડવોના સંઘર્ષની કથા કહેતો ૮૮૦૦ શ્લોકનો 'જય' નામે એક ગ્રંથ રચેલો. વૈશંપાયનને તે કંઠસ્થ હતો. વૈશંપાયનને એને ૨૪૦૦૦ શ્લોક સુધી વિસ્તારીને એને 'ભારત' નામ આપેલું. જનમેજય રાજાના એ રાજપુરોહિત હોઈ અને રાજાની ઇચ્છાથી એમણે એ 'ભારત' એને સંભળાવેલું એ પછી પણ ભારતનું વિસ્તરણ થઈ એ 'મહાભારત' બન્યું.

આગળ જતાં યાજ્ઞવલ્કયના પ્રભાવથી જનમેજયનું રાજપુરોહિતપદ છોડીને વૈશંપાયનને એના રાજ્યનો ત્યાગ કરવો પડેલો. જનમેજયે પછી વૈશંપાયનના કૃષ્ણ યજુર્વેદને છોડી યાજ્ઞવલ્કયના 'શુક્લ યજુર્વેદ'નો સ્વીકાર કરેલો ને પોતાના અશ્વમેધ યજ્ઞમાં શ્રેષ્ઠ ઋત્વિજનું પદ પણ યાજ્ઞવલ્કયને આપેલું.

વૈશંપાયને ઋગ્વેદના ઘણા મંત્રોમાં ફેરફાર કરીને અને નવા ગદ્ય સાથે યજુર્વેદની તૈત્તિરીય શાખાનો પ્રચાર કરેલો. એમાં યજ્ઞના વિધિ અને યજ્ઞમાં વરાએલા ઋત્વિજોના ધર્મો ઈત્યાદિ વિષે વિસ્તૃત લખાણ છે.

વૈશંપાયનની સ્વતંત્ર રચનાઓ કેટલી એ સ્પષ્ટ નથી. પણ વ્યાસના પ્રમુખ શિષ્ય, યજુર્વેદના સંપૂર્ણ અભ્યાસી, અને એની તૈત્તિરીય શાખાના રચયિતા હોવા સાથે મહાભારતની કથાને અમરત્વ આપનાર તરીકે એ સુખ્યાત છે.



માધુકરી

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી,
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;
પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.
વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરુ ધૂળ વસુન્ધરાની.—ઉમાશંકર જોશી

એચ. એમ. પટેલ

શ્રી હીરુભાઈ મૂળજીભાઈ પટેલ કહીએ તો જલદી ખયાલ ન આવે, પણ એચ. એમ. પટેલ બોલતાં જ અનેકવિધ ક્ષેત્રે અજબ વહીવટી દક્ષતા બતાવનાર એક બહુવિધ મેધાવી પ્રતિભા નજર સમક્ષ પ્રકટી ઊઠે. ભારતના હાલના આ નાણાપ્રધાનની વિધવિધ શક્તિઓનો પરિચય તો અવારનવાર દાયકાઓથી મળતો જ રહ્યો છે, પણ એ બધી જાહેર સફળતાઓની પાછળ એમની નિષ્ઠાભરી કાર્યદક્ષતાની એક સુદીર્ઘ પ્રેરક કથા વણાએલી છે.

મુંબાઈમાં આ ઑગસ્ટ માસની ૨૭મી તારીખે ઈ. ૧૯૦૪માં એમનો જન્મ થયો. પંદર વર્ષની વયે સોજિત્રાનાં સવિતાબેન સાથે એમનું લગ્ન થએલું. વિદ્યાર્થી તરીકેની એમની તેજસ્વિતાને ઓપ આપવા પિતાએ એમને ઇંગ્લૅન્ડ મોકલ્યા ને ત્યાં ઘેર અભ્યાસ કરીને એમણે ૧૯૨૨માં લૅટિન અને ફ્રેંચ ભાષા સાથે લંડન યુનિ.ની મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. પછી ઑક્સફર્ડની સેન્ટ કૅથેરીન કૉલેજમાંથી બી. એ. અને લંડન યુનિ.માંથી બી. કૉમ. થઇ ૧૯૨૬માં ઇંડિયન સિવિલ સર્વિસ—આઈ. સી. એસ.ની પરીક્ષા આપી. એક વર્ષ પ્રત્યક્ષ તાલીમ માટે ત્યાં રોકાઈને ૧૯૨૭માં તેઓ સિંધમાં લારખાના જિલ્લામાં સુપર ન્યુમરરી ઍસિસ્ટન્ટ કલેક્ટરની નિમણૂક લઇને હિંદ પાછા ફર્યા. સ્વ. ભાઈકાકા ત્યારે ત્યાં સક્કર બરાજની નહેરના કામ પર એક્ઝિક્યુટિવ ઍન્જિનીઅર હતા. આ બંને સમશીલ અમલદારોનો ત્યાં થએલો પરિચય ઉત્તરોત્તર પાંગરતો જઈ અંતે વલ્લભવિદ્યાનગરના વિકાસમાં અત્યંત સુંદર રીતે પ્રકટ થયો.

પોતાની કારકિર્દીના એ આરંભકાળથી જ હીરુભાઈ (નજીકના વર્તુળમાં તેઓ આ નામે ઓળખાય છે)એ સિંધમાં અનેક કપરી પરિસ્થિતિઓનો સામનો કરી પોતાની કાબેલિયત પુરવાર કરી બતાવી. આસિસ્ટંટ કલેક્ટર અને સબ ડિવિઝનલ મૅજિસ્ટ્રેટ તરીકે એમણે સિંધમાં ફાટી નીકળેલાં કોમી તોફાનો અને સિંધુ નદી પરના બંધમાં પડેલી તિરાડના કારણે આવેલી જળરેલના પ્રતાપે સર્જાએલી વિષમ પરિસ્થિતિને અતિ કુશળતાપૂર્વક થાળે પાડી સરકારી



તંત્ર તથા લોકોમાં સારી પ્રતિષ્ઠા મેળવી. દૂરંદેશીભરી વહીવટી કુશળતા અને કપરી સ્થિતિમાં માર્ગ શોધી કાઢવાની એમની શક્તિના કારણે ઉત્તરોત્તર એમને વધુ જવાબદારીભર્યાં કાર્યો સોંપાતાં ગયાં, જેમાં ઈ. ૧૯૩૪–'૩૫માં સિંધ અને કચ્છની સરહદ પર થતી ચાંદીની દાણચોરી ડામવાની તથા '૩૫માં મુંબાઈ ઈલાકાથી સિંધ પ્રાંતને અલગ પાડવા અંગે સોંપાએલી કામગીરી મુખ્ય હતી. ઈ. ૧૯૩૬માં નાણાકીય નિયમન અને એને લગતા પ્રશ્નો અંગેની ખાસ તાલીમ આપવા માટે મુંબાઈ સરકારે એમને પસંદ કરેલા અને એ પછી કલકત્તામાં કન્ટ્રોલર ઑવ કરન્સીઝ અને મુંબાઇમાં ઍકાઉન્ટન્ટ જનરલ સાથે એમણે કામ

કર્યું. આ પછી મુંબાઈ ઈલાકાના નાણાકીય વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે એમની નિમણૂક થએલી. ઈ. ૧૯૩૭માં મૅરિસન સ્ટૉક ઍક્સ્ચેન્જ માટે નિમાએલી તપાસ સમિતિનું મંત્રીપદ એમને અપાએલું. ત્યાર બાદ તેઓ ઇંગ્લૅન્ડ ગયા ને ત્યાંથી હિંદ સરકારના ટ્રેઈડ કમિશનર તરીકેનો હોદ્દો સંભાળવા તેઓ હૅમ્બર્ગ (જર્મની) ગયા. ત્યાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં એમને ટ્રેઇડ કમિશનર તરીકે લંડનમાં મૂકવામાં આવ્યા ને ત્યાંથી ૧૯૪૦માં તેઓ નવી દિલ્હી આવ્યા ત્યારે યુદ્ધના કારણે નવા ઊભા થએલા પુરવઠા વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે એમને નીમવામાં આવ્યા હતા.

ઈ. ૧૯૪૧–'૪૨માં ગ્રેટ બ્રિટન, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, દ. આફ્રિકા અને હિંદુસ્તાનની એક ઇસ્ટર્ન સપ્લાઈ કાઉન્સિલ રચાએલી. એનું મંત્રીપદ એમને સોંપાયું અને ૧૯૪૩માં હિંદ સરકારના ડે. ડિરેક્ટર જનરલ ઑવ સપ્લાઈઝની કઠિન જવાબદારી એમના પર નંખાએલી. ૧૯૪૪માં ઈન્ડસ્ટ્રી ઍન્ડ સિવિલ સપ્લાઈઝ નામના એક નવા સરકારી ખાતાના જૉઈન્ટ સેક્રેટરી પણ એમને જ બનાવવામાં આવેલા.

ઈ. ૧૯૪૨ થી '૪૫ દરમિયાન રોજિંદા વપરાશની ચીજોના વધતા જતા ભાવોથી સર્જાએલી કપરી પરિસ્થિતિમાં વસ્તુઓના નિયંત્રણ અને વિતરણ માટેનાં નવાં ધારાધોરણ અને એ અંગેના વહીવટમાં હીરુભાઈએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૧૯૪૫ના અંતમાં ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ સિવિલ સપ્લાઈઝ વિભાગના સેક્રેટરી તરીકેની જવાબદારી એમણે સંભાળેલી. એમની આ બધી ઉજ્જવળ કામગીરીની કદરમાં સરકારે એમને 'સી. આઈ. ઈ'. બનાવી એમનું માન વધાર્યું. ૧૯૪૬માં તેઓ જોઈન્ટ કૅબિનેટ સેક્રેટરી તથા વિભાજન-મંત્રી બન્યા.

દેશ સ્વતંત્ર થયો ત્યારે અત્યંત મહત્ત્વના એવા સંરક્ષણ ખાતાના તેઓ મંત્રી બનાવાએલા. એ કટોકટીભર્યા કાળમાં એમણે કાશ્મીરની ખીણના સંરક્ષણની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. દેશના વિભાજન અને સંરક્ષણનાં એ કાર્યો અત્યંત નાજુક અને ગંભીર જવાબદારી ભરેલાં હોવા છતાં અનેક દોડાદોડી વચ્ચે એમણે ઊંઘ પણ હરામ કરીને તે અજબ કાબેલિયતથી પાર પાડયાં હતાં. દેશના સંરક્ષણ વિભાગની પુનર્રચના અને એના વિકાસમાં પણ એમણે સુવ્યવસ્થા આણીને એના વિકાસને પ્રગતિના માર્ગ પર મૂકી આપ્યો હતો. ઈ. ૧૯૫૩માં ભારતના અન્ન અને ખેતીવાડી ખાતાના મુખ્ય સચિવ તરીકે એમની નિમણૂક થઈ. એ સમયે અખિલ ભારતીય ધોરણે રૂરલ ક્રેડિટ સર્વેના અહેવાલો તૈયાર કરવાનું ગણનાપાત્ર કામ કર્યું હતું. ૧૯૫૪–'૫૮માં ભારત સરકારના પ્રથમ નાણાકીય મંત્રાલયમાં અર્થશાસ્ત્ર વિષયક વિભાગના મંત્રી તરીકે અને પછી સમગ્ર નાણાકીય વિભાગના મુખ્ય સચિવ તરીકે એમણે કામ કર્યું. જીવન વીમા કંપનીઓનું રાષ્ટ્રીયકરણ, કંપની લૉ ઍડમિનિસ્ટ્રેશનની સુધારણા, ચલણનું દશાંશીકરણ, ઈમ્પીરીઅલ બૅંકનું રાષ્ટ્રીયકરણ વગેરે નવા ફેરફારોમાં એમનો ફાળો નોંધનીય છે. નૅશનલ કડેટ કોર, નોકરિયાતોના વીમાની યોજના, સ્વાસ્થ્ય પેન્શન ફંડ, વેર હાઉસિંગ કૉર્પોરેશન, લશ્કરી શિક્ષણસંસ્થા ને સરકાર સંચાલિત યંત્ર-ઓજારનાં કારખાનાંઓની શરૂઆત પણ એમનું જ પ્રદાન છે. આ રીતે એમની પેઢીના બીજા કોઈ પણ સનદી અમલદાર કરતાં એચ. એમ. પટેલનું ભારત વિશેષ ઋણી છે.

જીવનની તમામ શક્તિઓને નિષ્ઠાપૂર્વક રાષ્ટ્રની સેવામાં ખર્ચીને તેઓ જ્યારે નિવૃત્ત થયા ત્યારે ભાઈકાકાએ એમને વલ્લભવિદ્યાનગરની ગ્રામવિદ્યાપીઠના નવનિર્માણમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું અને પટેલસાહેબ પણ સહર્ષ એ સ્વીકારી લીધું, પરિણામે વલ્લભવિદ્યાનગરનો જે બહુમુખી વિકાસ સિદ્ધ થયો એ તો સૌને પ્રત્યક્ષ છે. ઈ. ૧૯૬૦માં ગુજરાત સરકારે એમને ગુજરાત વિદ્યુત બોર્ડનું ચેરમૅનપદ લેવા વિનતિ કરી, અને એમણે પણ પૂરો રસ લઇને માનાર્હ સેવા આપી ધુવારણની વિદ્યુતયોજનાને ગતિ, કાર્યક્ષમતા, ઉત્પાદન ને લાભ એમ બધી દૃષ્ટિએ વિક્રમ રૂપ તબક્કા પર મૂકી આપી. આ ઉપરાંત પણ તેઓ ગુજરાતની અનેક નાનીમોટી સંસ્થાઓમાં પ્રમુખ, અધ્યક્ષ, ટ્રસ્ટી, ડિરેક્ટર કે સભ્ય તરીકે સતત પોતાની કાર્યદક્ષ શક્તિનો લાભ આપતા રહ્યા છે.

ઈ. ૧૯૬૬માં તેઓ રાજકીય ક્ષેત્રમાં સ્વતંત્ર પક્ષમાં જોડાઈ '૬૭માં ગુજરાતની વિધાનસભામાં ચૂંટાયા ને '૭૧માં સ્વતંત્ર પક્ષમાંથી લોકસભામાં ચૂંટાયા. કટોકટીની જાહેરાત પછી લોકસભામાં બિનસામ્યવાદી વિરોધ પક્ષે રચેલા જનતા મોરચાના તેઓ નેતા હતા. જનતા પક્ષની રચનામાં પણ એમનો મોટો હિસ્સો હતો અને એની કારોબારી સમિતિમાં એ સભ્ય પણ બન્યા. આ પક્ષના ચૂંટણી ઢંઢેરા ને એની નીતિના ઘડતરમાં પણ એમનો સક્રિય હિસ્સો હતો. આજે હવે તેઓ ભારતના નાણાપ્રધાન તરીકે પોતાની દક્ષતા બતાવી રહ્યા છે.

તદ્દન પશ્ચિમી ઢબે રહેવાને ટેવાએલા છતાં એમનામાંની ભારતીય રાષ્ટ્રભાવના પૂરેપૂરી સજગ છે. ઉચ્ચ કોટિની રાજકીય મુત્સદ્દીગીરી અને જવાબદારીઓભર્યા વહીવટી વ્યવસાયમાં એમનું જીવન વ્યતીત થયું હોવા છતાં સાહિત્ય, કળા ને સંસ્કારના ક્ષેત્રે પણ એમણે સારી સૂઝ કેળવેલી છે. અંગ્રેજી પરનું એમનું પ્રભુત્વ અજબ છે, પણ આ ઉપરાંત હિન્દી, સસ્કૃત, ફારસી, ફ્રેન્ચ, જર્મન, લૅટિન, મરાઠી, સિન્ધી ને ઉર્દૂ ભાષા પણ તેઓ જાણે છે! સ્વ. નરહરિ પરીખ કૃત 'સરદાર વલ્લભભાઈ પટેલ'ના ચરિત્રનો અને સ્વ. મુનશી કૃત 'તપસ્વિની' તથા 'પૃથિવીવલ્લભ'ના એમણે અંગ્રેજી અનુવાદ કરેલા છે. આ ઉપરાંત અવારનવાર વિવિધ વિષયો પરના એમના લેખો અને વાયુ-વાર્તાલાપો પણ એમની બહુમુખી પ્રતિભાનો પરિચય આપે છે. ભાવના ને વ્યવહારનું એમનામાં સુંદર વિરલ સંમિલન થએલું છે. સદા ય ઉચ્ચ પદે જ રહેવા છતાં તેઓ નિરાડંબરી હૂંફાળું દિલ ધરાવે છે. વહેલી પરોઢથી આરંભાઈ જતી એમની દિનચર્યામાં આવી પડતી બધી જ ફરજો અને જવાબદારીઓને સ્વસ્થતા ને દક્ષતાપૂર્વક અદા કરવા સાથે તેઓ જે અનેકવિધ દિશામાં સક્રિય રસ દાખવી શકે છે એ સૌ કોઇને માટે પ્રેરણા લેવા યોગ્ય છે.

કારેલાં

કારેલાંની કડવાશ ઘણાને ગમતી નથી, પણ ષડરસમાંનો એ પણ એક રસ છે અને પૂર્ણ આરોગ્ય માટે એ કડવો રસ જરૂરી છે. કારેલાંની કડવાશ જઠરાગ્નિ ઉત્તેજી ભૂખ ઉઘાડે છે. ખોરાક પચાવવામાં એ મદદ કરે છે, એટલું જ નહિ, કારેલાંની કડવાશ શ્રેષ્ઠ કૃમિ (કરમિયા)નાશક છે. લોહીને શુદ્ધ કરીને એ શારીરિક નબળાઈ દૂર કરે છે. કારેલાંનો રસ મધ સાથે મેળવીને લેવાથી 'ટૉનિક'ની ગરજ સારે છે. આમ, કારેલાં જતુઘ્ન, ભૂખ લગાડનાર ને આરોગ્ય આપનાર શાક છે. કારેલાં પચવામાં સહેલાં છે. પેટની બીજી તકલીફો પણ એનાથી દૂર થાય છે.

કારેલાં અને તેનાં પાનનો રસ રક્તપિત્ત, અર્શ અને કમળામાં અપાય છે. કારેલીનાં પાનના રસમાં લીંડીપીપર ઘસીને આંખે આંજવાથી રતાંધળાપણામાં ફાયદો થાય છે. કારેલાંની વેલનું મૂળ પાણી સાથે ઘસીને મસા ઉપર લગાવવાથી મસા ખરી પડે છે. એ વેલનાં પાનનો રસ રક્તપ્રદરમાં પણ અપાય છે.

કારેલાંમાં લોહતત્ત્વ. વિટામીન 'એ', 'બી' અને 'સી' તથા ફોસ્ફરસ અને ચૂનો રહેલાં છે. જે લોકોનું લોહી ફિક્કું પડી પાંડુરોગ (ઍનીમિયા) થયો હોય તેઓને કારેલાંનો રસ પીવાથી ફાયદો થાય છે. મધુમેહના રોગીને કારેલાંનો રસ આપવાથી ઘણું સારું પરિણામ મળે છે. પિત્તની ઊલટી થતી હોય કે વારંવાર ઉબકા આવતા હોય તેમાં પણ કારેલીનાં પાનનો રસ એક ચમચી આપવાથી અદ્ભુત પરિણામ આપે છે. આપણા આહારમાં મેથી અને આ કારેલાં જ કડવો રસ પૂરો પાડે છે. ષડરસ ભોજનમાં એની ઉપેક્ષા કરી આપણે ઘણું ગુમાવીએ છીએ.

જેને મરડો હોય કે વારંવાર ઝાડા થતા હોય, લીવર નબળું હોય, મોંમાં વારંવાર ચાંદાં પડતાં હોય તેમના માટે કારેલાંનું શાક તથા રસ લેવાં હિતકર નથી.

—અશોકકુમાર આર. સોની

પુત્રદા એકાદશી

શ્રાવણ મહિનાની સુદ અગિયારશ પુત્રદા એકાદશી તરીકે જાણીતી છે. આ એકાદશી અંગે એવી પુરાણકથા છે કે દ્વાપર યુગના આરંભકાળે માહિષ્મતી નગરીમાં મહીજિત રાજાનું રાજ્ય હતું; પરંતુ તે અપુત્ર હોવાથી સુખી નહોતો. આખરે વૃદ્ધત્વને આરે પહોંચેલા એ રાજાએ પોતાની પ્રજાને એક વાર કહ્યું: 'મેં આ જીવનમાં પાપ આચર્યું નથી કે અન્યાયથી ધન મેળવીને કદી ખજાનો ભર્યો નથી. વળી, મેં કોઈ બ્રાહ્મણ કે દેવનું ધન પણ કદી લીધું નથી કે પારકી થાપણ પડાવી કે પચાવી લીધી નથી. સમસ્ત પ્રજાને મેં પુત્રની જેમ પાળી છે ને પૃથ્વીને ધર્મથી જીતી છે. દુષ્ટોને મેં ઇષ્ટ સજા કરી છે અને શિષ્ટ જનો તથા મહાજનોને મેં સુપેરે પૂજ્યા છે. આમ છતાં મારે ત્યાં પુત્ર કેમ નથી તેનો તમે વિચાર કરો.'

પ્રજા અને પુરોહિતોએ એકત્ર થઈ મહીજિત રાજાના આ પ્રશ્નનો વિચાર કર્યો. અંતે તેના ઉકેલ માટે તેઓ ગાઢ વનમાં કોઈ ઋષિનો આશ્રમ શોધવા ગયા. ત્યાં એમણે મુનિશ્રેષ્ઠ લોમશને જોયા અને એમને રાજાની પુત્રઝંખનાની વાત કરી. પૂરી વાત સાંભળ્યા બાદ મુનિ બે ઘડી સુધી ધ્યાનમાં લીન થઈ ગયા, અને તે રાજાનો પૂર્વજન્મ જાણી લઈ એમણે લોકોને કહ્યું કે રાજા મહીજિત પૂર્વજન્મમાં વણિક હતો અને નિર્ધન હતો. વેપારમાં રોકાએલો એ એક ગામથી બીજે ગામ ભટક્યા કરતો હતો. એવામાં એક વાર જેઠ મહિનાની બારશના દિવસે બળબળતા બપોરે તરસથી વ્યાકુળ એ વણિકે કોઈ એક ગામની સીમમાં જળાશય જોયું ને પાણી પીવા ગયો. એ જ વખતે તરતની જ વિયાએલી એક ગાય પોતાના વાછરડા સાથે ત્યાં પાણી પીતી હતી. પણ પેલા વણિકે તે ગાયને પાણી પીતી હતી ત્યારે તેને અટકાવી અને પોતે પાણી પીવા લાગ્યો. એના આ દોષને લીધે એ આ જન્મમાં અપુત્ર રહ્યો છે.

જ્યારે પ્રજાજનોએ રાજાને ત્યાં પુત્રપ્રાપ્તિ થાય તેવો ઉપાય મુનિશ્રેષ્ઠ લોમશને પૂછ્યો ત્યારે તે મુનિએ શ્રાવણ માસની સુદ એકાદશીનું વ્રત સહુ પ્રજાજનોને કરવાની ભલામણ કરી. સહુ પ્રજાજનો પોતાના પુરમાં પાછા વળ્યા અને પ્રસ્તુત અગિયારશનું વ્રત જાગરણ સાથે કર્યું. સહુએ પોતપોતાનું પુણ્ય રાજાને અર્પણ કર્યું. આમ, પુણ્યરાશિનો ઉદય થતાં રાજાને ત્યાં પુત્રપ્રાપ્તિ થઈ. આથી આ વ્રતનું માહાત્મ્ય એમ સમજાવાયું છે કે જે કોઈ આ વ્રત કરે છે તેનાં પાપોનો ક્ષય થાય છે ને અપુત્ર હોય તે પુત્રને પ્રાપ્ત કરે છે.

આ રીતે આ વ્રતનો મર્મ સમજતાં એમ લાગ્યા વગર નહિ રહે કે મનુષ્યની આદિમ પુત્રૈષણા ભૌતિક જીવનના સુખની ચરમ સીમા છે; અને વળી એ માટે એણે, જેમ મહીજિત રાજાએ ગાયને પાણી પીતી અટકાવી પોતે પાણી પીધું હતું તેમ, સ્વના સુખ કાજે પરને સુખભોગમાંથી અટકાવવા એ પાપકર્મ બની રહે છે. આથી પુત્ર પ્રાપ્તિ જેવું ચરમ સુખ મેળવવા મનુષ્યે સ્વાર્થનો ત્યાગ કરવો જોઈએ અને અન્યના હિતનું પ્રથમ રક્ષણ કરવું જોઈએ. આ રીતે, આ વ્રતની પાછળ સ્વ-સુખની પ્રાપ્તિ માટે પરસુખનું રક્ષણ અગ્રસ્થાને રહેલું છે તે ભાવના સહેજે સમજી શકાશે. વળી. પુત્રપ્રાપ્તિ જેવા સાધ્ય સુખને બહાને પુણ્યસંચયની સાધનાનું આ મંગળ વ્રત બની રહે છે.

===જન્માષ્ટમીના અવસર પર===

શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણ પોતાની પાછળ ચિરંજીવ સ્મરણો મૂકતા ગયા છે: જેની ઉપર સહુકોઈ વારી જતું એવો દૈવી બાળક, આત્મસમર્પણ કરીને પોતાની પાસે આવેલાને કદી નહિ તરછોડનાર મિત્ર, સદૈવ ઉત્કટ પ્રેમથી જે ચહાય અને જેને ચાહી શકાય એવો મનમોહન પ્રણયી, પોતાના લોકોને બંધનમાંથી મુક્તિ અપાવનાર ઉદ્દામ નેતા, સંઘર્ષ અને ચડસાચડસીથી ભરેલા જગતમાં પરમ ઉન્નત દશાને પામેલો એવો યોગેશ્વર કે જેમાં લોકોએ માત્ર પોતાના નેતા કે ઈશ્વરી અવતારનો જ નહિ, અને નૈતિક નિયમ પ્રવર્તાવનાર વિશ્વગુરુનો જ નહિ પણ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો. શ્રીકૃષ્ણ આ અનેકવિધ વ્યક્તિત્વનાં ચિરંજીવ સ્મરણો આપણા મનમાં ખડાં કરે છે.

શ્રીકૃષ્ણ મહાન હતા એટલું જ નહિ, પરંતુ તેમનું જીવન પણ મહાન હતું. એમનું વ્યક્તિત્વ સુસંવાદી, સંપૂર્ણ અને સૌન્દર્યમંડિત હતું. હજારો કરતાં વધારે વર્ષ વીતી ગયાં છે છતાં આજે પણ તેમણે આપણાં હૃદયમાં જેવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેવું બીજા કોઈએ કર્યું નથી. પોતાના અદ્ભુત બાળકનો વિચાર કરતી વખતે કોઈ પણ માતાને 'બાલગોપાલ' સિવાય બીજો કયો શબ્દ સ્ફુરે? શ્રીકૃષ્ણના નામ વિનાનું અને શ્રીકૃષ્ણના રાસના સ્મરણ સિવાયનું ગીત કે નૃત્ય ક્યાંથી હોય? શ્રીકૃષ્ણે શીખવેલાં સત્યો અગાઉ બીજા ગુરુએ શીખવ્યાં ન હતાં. શ્રીકૃષ્ણે જેનો ઉપદેશ આપ્યો તે રહસ્ય કરતાં ઉચ્ચતર રહસ્ય માનવજાતને કદી કહેવામાં આવ્યું ન હતું. તેમણે ભગવદ્‌ગીતામાં જે સંદેશ આપ્યો છે તે શાશ્વત જીવનનો સંદેશ છે. —કનૈયાલાલ મુનશી

ચલણી નાણાંની ઇતિહાસરેખા

હિંદુસ્તાનના ચલણી નાણાંના મુખ્ય એકમ રૂપિયાનો આવિષ્કાર સત્તરમી સદીમાં દિલ્હીના સુલતાન શેરશાહને હાથે થયો, અને તે પછી ભારતના જુદાજુદા ભાગોમાં પોતપોતનાં અલગ ચલણી નાણાંની ભરમાર એટલી બધી થઈ કે ઈ. ૧૮૩૫માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સમગ્ર ભારત માટે એક જ અધિકૃત રૂપાનો રૂપિયો કાઢ્યો ત્યારે દેશમાં જુદીજુદી ધાતુનાં બધાં મળીને કુલ ૯૯૪ જાતનાં ચલણીનાણાં પ્રચારમાં હતાં! આમાં નોંધપાત્ર એ છે કે ઉત્તર ભારતના મુસ્લિમ શાસકો રૂપાના સિક્કા પાડતા હતા જ્યારે દક્ષિણ ભારતના હિંદુ રાજાઓ સોનાના.

ચલણી નાણાંમાં કાગળની નોટો ઈ. ૧૮૭૦થી દાખલ થઈ અને તેનો કાગળ છેક ૧૯૩૮ સુધી પરદેશથી જ આયાત કરવો પડતો હતો.

વર્ષાઋતુનો રોગ દાદર

દાદર (રિંગવર્મ)ને આયુર્વેદજ્ઞોએ 'દદ્રુ' અને 'ચક્ર' એવાં બે નામ આપેલાં છે. તમે કાપેલા મૂળાનો કે કાપેલી ગળોનો આકાર જોયો છે? બસ, બરાબર એ આકાર જેવી જ દાદર ગોળ હોવાથી તેને 'ચક્ર' કહેવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'રિંગવર્મ' પણ આ ચક્ર ઉપરથી જ ઊતરી આવ્યો લાગે છે. રિંગવર્મનો અર્થ પણ જંતુઓને લીધે થતું ચક્ર એવો જ થાય છે.

આયુર્વેદે એનો સમાવેશ ક્ષુદ્ર રોગોમાં કર્યો છે. તે મોટા ભાગે કમર, ગરદન, બગલ, કપાળ, ગુપ્ત ભાગ, સાથળનાં મૂળ અને પેડુ ઉપર જ્યાં ખૂબ પરસેવો થતો હોય ત્યાં થાય [illegible]દરના દર્દીઓ બારે મહિના જોવા મળે, પરંતુ વર્ષામાં તેનો વ્યા[illegible] છે. એ છે તો એક ખૂબ સામાન્ય રોગ, પણ તે જેને થાય તેને હેરાનપરેશાન કરી નાખે છે. તેની ખંજવાળ, વેદના અને બળતરા ઘણી વખત અસહ્ય બની જાય છે.

દાદરને મટાડવાનું સૌથી ઉત્તમ ઔષધ 'કુંવાડિયો'. દાદર વર્ષાઋતુમાં થાય છે અને કુંવાડિયો પણ તેના નાશ માટે વર્ષામાં પડતર જમીનમાં પુષ્કળ ઊગી નીકળે છે. લગભગ સૌરાષ્ટ્રનો અમુક ભાગ છોડતાં સમગ્ર ગુજરાતમાં તે થાય છે. તેનો છોડ બે ત્રણ ફૂટ ઊંચો, તેને ગોળ નાનાં પાન અને પાતળી લાંબી શિંગો આવે છે. તેની શિંગમાં બરાબર મેથીના દાણા જેવાં જ બીજ હોય છે. આ બીજ કોઈ પણ કાચાં ઔષધો વેચતા ગાંધી—કરિયાણાવાળાને ત્યાંથી મળી રહે છે. આ બીજના લેપથી દાદર એક અઠવાડિયામાં નામશેષ થઈ જાય છે.

દાદરમાં નાની નાની રતાશપડતી ફોડકીઓનું ચક્ર હોય છે અને દિન પ્રતિદિન તેનો વિસ્તાર વધતો જાય છે. આપણે જોઈ ગયા કે તે ગોળ હોવાથી આયુર્વેદમાં તેને 'ચક્ર' કહેવામાં આવે છે. કુંવાડિયાનું આયુ-

વૈદીય નામ 'ચક્રમર્દ' છે. 'ચક્ર' એટલે દાદર ને 'મર્દ' એટલે નાશ કરનાર.

ઘરગથ્થુ ઉપચારો : ૧) કુંવાડિયાનાં બીજને ગૌમૂત્ર, ફટકડીના પાણી કે ત્રિફળાના ઉકાળામાં ખૂબ લસોટી તેનો લેપ કરવો. દાદરને પ્રથમ ગરમ પાણીથી ધોઈ સ્વચ્છ કરીને સવારે અને સાંજે એમ દિવસમાં બે વખત લેપ કરવો; અથવા મોરથુથુ અને લીંબાળીના તેલનો મલમ લગાડવો. અથવા ૨) મહામરિચ્યાદિ તેલ દાદરવાળી ત્વચા પર સવારે અને સાંજે લગાડવું. ઉપરાંત ૩) મહામંજિષ્ઠાદિ ક્વાથ અરધો કપ દિવસમાં ત્રણ વખત પીવો. ૪) ગંધક રસાયન એક એક ટીકડી દિવસમાં ત્રણ વખત લેવી. ૫) દિવસમાં બે વખત સ્નાન કરવું. ૬) પરિશ્રમથી બચવું.

સૂર્યની ગરમી

વાતાવરણમાં શોષાઇને પછી પૃથ્વી પર આવતી સૂર્યની ગરમીનું જે પ્રમાણ રહે છે તેમાં જો માત્ર તેરેક ટકાનો જ કાયમી ઘટાડો થઈ જાય તો સમગ્ર પૃથ્વી ઉપર એક કિલોમીટરથી યે વધુ જાડો બરફનો થર છવાઈ જાય. અને જો જે ગરમી પડે છે એનાથી ત્રીજા ભાગ જેટલી જ એ વધી જાય તો પૃથ્વી પરનું સમગ્ર જીવન તેમાં નાશ પામે.

ગણિતગમ્મત

જેના પાસેપાસેના અંકોનો સરવાળો ૯ કે ૯થી ઓછો હોય (જેમ કે ૪૩૫૪માં ૪+૩=૭, ૩+૫=૮, ૫+૪=૯) તેવી ગમે તેટલા અંકોની રકમને ૧૧ વડે ગુણી જે જવાબ આવે તેને ઉલટાવતાં જે રકમ થાય તેને ૧૧ વડે ભાગવાથી જે જવાબ આવશે તે મૂળ રકમની જ ઊંધી રકમ હશે.

દા. ત. ૭૨૩૦૧૮૧×૧૧=૭૯૫૩૧૯૯૧. આ જવાબને ઉલટાવતાં ૧૯૯૧૩૫૯૭÷૧૧=૧૮૧૦૩૨૭. આ રીતે મૂળ રકમ ૭૨૩૦૧૮૧ની અવળી રકમ આવી ગઈ.

—કિશોર ગોરધનદાસ

પરદેશનાં પત્રમિત્રો

આ વિભાગમાં માત્ર પરદેશનાં અને વિદેશ વસતા ભારતીઓનાં નામ-સરનામાં જ અપાય છે. દરેક સરનામા પછી કૌંસમાં જાતિ (M = પુરુષ અને F = સ્ત્રી) તથા વય આપ્યાં છે.

(1) Shailesh Solanki, 74 Harrowdene Road, Wembly, Middx. London, (England). Stamp collecting, post card collecting, reading, swimming. (2) Kalpesh Solanki, address as above. Stamp collecting, reading, badminton, table-tennis. (3) Chaug-seung Lee, 85, 12-tong 5-ban, Dongsundong 1-ka, Sungbuk-ku, Seoul 132, Koria-(M-18) collecting necklaces. (4) Syed Zahid Ali, Zahido Manzll, 4-A-5/2 Landhi No 4, Karachi-30, Pakistan-(M-19) stamps, view-cards, FDCs, gift, magazines, informative things. (5) Ulf Akeson, Bjarkvagen 8A, 5-77100, Ludvika, Sweden—(M-32) travelling, canguages. (6) Alois Kreuzsaler, 8 Munchen 70 Euckenstr-21, W. Germany-(M.23) Traveling, Swimming. (7) A. Ahmed, P. O. Box 36002, Al-Raas, Kuwait-(M. 27) Sports, reading. (8) Miss Lee Ann Chojnacki, 2924, N. 38 street, Milwankee, Wisconsin 53210, U. S. A. (F-20) Art, animals. (9) Miss Choon-wol Lee, C/o. Daeyoung Habpan Sangsa, 273-9, Eulji-ro 5ga, Jung-gu, Seoul 100, Korea (F-20) Reading, stamps, music. (10) Raju Maharjan, 38 Chikanmugal, Kathmandu-7, 711000, Nepal (M-15) Stamps, viewcards.

સત્તાવીસમી શિષ્ટ વાચન પરીક્ષા

ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, વડોદરા તરફથી સત્તાવીસમી શિષ્ટ વાચન પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૭ની તા. ૧૬ ને રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. આ પરીક્ષા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાએ પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલું 'શ્રી કૃષ્ણ-કથા' પુસ્તક રાખવામાં આવ્યું છે. કિંમત પોસ્ટેજ સાથે રૂ. ૧–૫૦ છે. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષા દીઠ પરીક્ષા ફી ૦-૫૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર ખોલવા તથા વિશેષ હકીકત જાણવા તા. ૧૫–૯–૭૭ સુધીમાં મંત્રીશ્રી ગુજરાત શિષ્ટ વાચન પરીક્ષા ટ્રસ્ટ C/o ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ, સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા એ સરનામે પત્રવ્યવહાર કરવો.

આયુર્વેદનું જીવનદર્શન

'જન્મભૂમિ-પ્રવાસી'ના 'શરીર અને સ્વાસ્થ્ય' વિભાગના સંપાદક વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ 'આયુર્વેદનું જીવનદર્શન' નામનું પુસ્તક પ્રકટ કરવાનું વિચારી રહ્યા છે. આ પ્રકાશન બને તેટલું સસ્તું થાય તે માટે દરેકને મદદરૂપ થવા વિનંતી કરે છે. આ પુસ્તકમાં જાહેરખબરનો એક પેજનો ભાવ રૂ. ૨૫૦ છે. અગાઉથી ઓછામાં ઓછી ૫-૧૦-૧૫-૨૦-૨૫ નકલ નોંધાવનારને આ પુસ્તક રૂ. ૧૫ની એક નકલ (પોસ્ટેજ સાથે) આપવાનું નક્કી કર્યું છે. પુસ્તક પ્રકટ થયા પછી એની કિંમત રૂ. ૨૫/– રાખવામાં આવશે. આ પુસ્તક ક્રાઉન ૧૬ પેજી સાઇઝમાં લગભગ ૬૦૦ પાનાંનું થશે. જાહેરખબરની અને આગોતરા ગ્રાહકની રકમ નીચેનાં બે સરનામે મોકલવા વિનંતિ. 'સ્વસ્થવૃત્ત પ્રકાશન', ૧૯૪૭, કૃષ્ણનગર, ભાવનગર અને મુંબઈમાં–વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ, ૪૪, વીર વિઠ્ઠલદાસ ચંદન સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ–૪૦૦ ૦૦૩.

માસમાસના આકાશમાં: ઑગસ્ટ–સપ્ટેમ્બર



વર્ષાથી સ્વચ્છ થએલા ખુશનુમા વાતાવરણમાં હીરેમઢયા મખમલ જેવા આકાશનું દર્શન અત્યંત મનોહર લાગે છે. હાલના આકાશમાં દેખાતાં ઘણાંખરાં તારામંડળોની ઓળખ ગયા માસમાં આપણે કરી છે. આ નકશાના આધારે એને ફરી તાજી કરી શકાશે. આમાંનાં બે મુખ્ય–'હંસ' અને 'ગરુડ' તારામંડળના તારાઓનો પરિચય પણ આપણને છે. આ બે ઉપરાંત, દક્ષિણમાં દેખાતું 'વૃશ્ચિક' તારામંડળ એની અંદરના અનેક તેજસ્વી તારાઓને કારણે ઘણું પ્રભાવશાળી લાગે છે. બધાં તારામંડળોમાં આ જ એક એવું મંડળ છે કે જેનો આકાર એના નામ પ્રમાણે જ છે. આ વૃશ્ચિકની પીઠ પર સૌથી વધુ તેજસ્વી દેખાતો તારો 'પારિજાત' એના મંગળ ગ્રહ જેવા રતૂમડા ચળકાટને કારણે ક્યારેક મંગળનો ભ્રમ ઊપજાવે છે. મંગળની એ સ્પર્ધા કરે તેવો હોઈ એને 'મંગલારિ' પણ કહે છે. 'મૃગ' મંડળના 'આર્દ્રા' જેવો એ એક અતિવિરાટ તારો છે. સૂર્ય કરતાં ૨૯૦ ગણો મોટો એનો વ્યાસ છે અને તેજસ્વિતામાં એ સૂર્ય કરતાં ૫૦૦૦ ગણો છે. પણ આટલું વિરાટ કદ હોવા છતાં એનું ઘટત્વ, સૂર્યની ઘનતાના દસ લાખમા ભાગ જેટલું; એટલે કે આપણે પ્રયોગશાળામાં ઉત્પન્ન કરેલા શૂન્યાવકાશમાંના વાયુ જેટલું જ છે. આપણાંથી એ ૫૨૦ પ્રકાશવર્ષ જેટલો દૂર છે. પારિજાત યુગ્મ તારો છે અને એનો જોડીદાર તારો બહુ ઝાંખો લીલા રંગનો તારો છે. સ્વચ્છ આકાશમાં દૂરબીન વડે એ દેખાય છે. ભારતીય નક્ષત્ર-ગણના પ્રમાણે વૃશ્ચિકના મુખ પાસે 'અનુરાધા', પીઠ પર 'જ્યેષ્ઠા' અને ડંખ પાસે 'મૂલ' નક્ષત્ર છે. વૃશ્ચિકના ડંખનો જેમને અનુભવ હશે તેઓ જાણે છે કે એથી શરીરમાં કેવી લાહ્ય ઊપડે છે. આ વૃશ્ચિક તારામંડળમાં પણ ડંખ પાસેનો તારો અત્યંત ગરમ છે. સપાટી પર એનું ઉષ્ણતામાન ૨૦થી ૩૦ હજાર સેન્ટી. અંશ જેટલું જણાયું છે. પૃથ્વીથી એ ૨૧૦ પ્રકાશવર્ષ દૂર છે. આ સમયમાં 'વૃષપર્વા' અને 'મકર' એ બંને પણ ઓળખવા જેવાં તારામંડળો છે. કાલિયના વળાંક પાસેનો વૃષપર્વાનો તારો ૫૦૦૦ વર્ષ પહેલાં ધ્રુવતારો ગણાતો હતો, અને એનો 'ધ' તારો એક અજબ રૂપવિકારી તારો છે. મકર મોટે ભાગે નિસ્તેજ તારાઓવાળું મંડળ છે, પણ ઓળખાયા પછી ભુલાય તેવું નથી. દોઢેક હજાર વર્ષ પહેલાં સૂર્ય વધુમાં વધુ દક્ષિણે આ રાશિમંડળમાંથી પસાર થતો.

—બિ. ટાં.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૪/૧૮૪૪ દાદાભાઈ નવરોજી અને ફિરોઝશાહ મહેતા ઉપરાંત હિંદના સ્વાતંત્ર્ય જંગના ત્રીજા પારસી મહારથી, ઉગ્ર દેશસેવક, પ્રખર નાણાંશાસ્ત્રી સર દીનશા એદલજી વાચ્છાનો મુંબઈમાં જન્મ. ઈ. ૧૮૬૪માં બૅંકમાં નોકરીએ ચડયા પછી હિંદી ઉદ્યોગના પિતા જમશેદજી તાતાની સ્વદેશી મિલમાં જોડાયા. આ જ અરસામાં એમણે હિંદી નાણાં-પ્રકરણનો ઊંડો અભ્યાસ કર્યો અને અર્થશાસ્ત્ર તથા રાજકારણ ઉપર વેધક પ્રકાશ પાડતા લેખો લખવા માંડયા.



કૉંગ્રેસની સ્થાપનામાં અગ્રણી બની એની નીતિ ઘડવામાં તથા ઘેરવામાં એમનો ફાળો મહત્ત્વનો હતો. કૉંગ્રેસમાંનાં એમનાં ઉગ્ર વિચારસરણી ને નિર્ભયતાથી ભરેલાં વ્યાખ્યાનો એમાં એમણે પૂરેલી માહિતી અને આંકડાઓને કારણે સામા પક્ષને પણ સ્વીકારવાં પડે એટલું વજન ધરાવતાં. એ ઊંડી વિદ્વત્તા અને દેશદાઝને કારણે ઈ. ૧૯૦૧માં એ કૉંગ્રેસના પ્રમુખ બનેલા. ૧૯૧૫માં એના સ્વાગતપ્રમુખ બનેલા. પણ પછી મૉન્ટફર્ડ સુધારાના પ્રશ્ન પર મતભેદ થતાં ૧૯૧૯માં તે કૉંગ્રેસથી છૂટા પડી લિબરલ પક્ષમાં જોડાએલા. ને એ વર્ષે તથા ફરી ૧૯૨૨માં એના પ્રમુખ બનેલા.

મુંબાઈની હિંદી વેપારી ચેમ્બર્સની સ્થાપનામાં પણ એમનો મોટો ફાળો હતો. પ્રેસિડેન્સી એસોસીએશનને પણ એમણે સધ્ધર બનાવ્યું હતું. મુંબાઈ નગરપાલિકામાં તેઓ ૩૦ વર્ષ સુધી સભ્ય હતા અને ૧૯૦૧માં એના પ્રમુખ થએલા. મુંબાઈ ધારાસભા, હિંદી ધારાસભા અને કાઉન્સિલ ઑવ સ્ટેટના તરીકે પોતાની વેધક અને આકરી ટીકાઓ વડે એમને તે સમયની નોકરશાહીને ખળભળાવી મૂકી હતી. આર્થિક તથા વ્યાપાર વિષયક પ્રશ્નોની બાબતોમાં એમનું અનન્ય સ્થાન હતું. ઇમ્પિરીઅલ બૅન્ક ઑવ ઈંડિયાના ગવર્નર પણ બનેલા.

વળી મુંબાઈ અને હિંદી ધારાસભા ઉપરાંત, અનેક કમિટીઓ, વેપારી સંસ્થાઓ, બૅન્કો ને પેઢીઓ વગેરે સાથે તેઓ ગાઢ રીતે સંકળાએલા હતા. ઈ. ૧૯૩૬માં એમનું અવસાન થયું.

તા. ૫/૧૯૨૪ મુસ્લિમ દેશ હોવા છતાં તુર્કસ્તાને પોતાને ત્યાંનો બહુપત્નીનો રિવાજ દૂર કર્યો.

તા. ૯/૧૮૮૨ કૅનેડા અને અમેરિકાનાં સંયુક્ત રાજ્યો વચ્ચેની સીમા નિશ્ચિત થઈ.

તા. ૧૨/૧૮૭૭ એડિસને 'ફોનોગ્રાફ'ની શોધ કરી. તાજા જ શોધાએલા ટેલિફોનમાં બોલવાથી તેના પર્દા--ડાયાફ્રામમાં પેદા થતી ધ્રુજારી પરથી પ્રેરણા લઇને એડિસને એક યંત્ર બનાવ્યું.



તેમાં દાંડા વડે હાથથી ફેરવી શકાય તેવા એક ગરગડા પર પાતળું પતરું લગાડી તેની પાસે રાખેલી મુખનળીમાં એણે 'મૅરી હૅડ અ લિટલ લૅમ્બ' એ કવિતાની એક લીટી ઉચ્ચારી. મુખનળીમાં એ ઉચ્ચારથી ધ્રુજતા ડાયાફ્રામ સાથે જડેલી એક તીણી પિન વડે પેલા પતરા પર એક સળંગ ધ્રૂજતી રેખા અંકાતી ગઈ. ફરી એણે એ પિનને આલેખના આરંભ પાસે ગોઠવી અને ગરગડો ફેરવ્યો. અને એથી પેલી કોરાએલી રેખામાં ભરાએલી પિન એ આલેખના વાંકાચૂંકા ખાંચા પ્રમાણે ધ્રૂજવા લાગી ને તેની સાથે પેલો ડાયાફ્રામ પણ. એ રીતે પેદા થતાં સ્પંદનોથી અવાજનાં–એડિસનના પોતાના જ અવાજનાં જેવાં મોજાં ઉત્પન્ન થઈ દુનિયાની સૌ પ્રથમ રેકૉર્ડ થએલી પેલી કવિતાની લીટી ફરી સંભળાઈ. એડિસને પોતાની આ શોધને 'ફોનોગ્રાફ' નામ આપ્યું હતું. (એડિસનની આ શોધને વધુ વિકસાવીને ગ્રેહામ બેલે એને 'ગ્રામોફોન' નામ આપ્યું.) એ જ વર્ષમાં એડિસને પોતાની શોધનું પેટંટ પણ મેળવી લીધું, અને એ જ વર્ષમાં એમિલ બર્લિનરે અવાજ રેકૉર્ડ કરેલી 'ડિસ્ક' મોટી સંખ્યામાં તૈયાર કરવાની રીત શોધી. આગળ જતાં એમાંથી 'તાવડી વાજાં'નો વિકાસ થયો અને ૧૮૯૩માં તો એ વાજાં બજારમાં વેચાવાં લાગ્યાં ને ઘેરઘેર ને હોટેલોમાં પ્રસરી ગયાં. ગ્રામોફોનની એ પાયાની શોધોનું આ શતાબ્દી વર્ષ છે. આ નિમિત્તે ભારતે ગઈ ૨૦મી જુલાઇએ બહાર પાડેલી ખાસ ટિકિટ આ સાથે આપી છે જેના પર બર્લિનરના ગ્રામોફોનનું ચિત્ર છે.



દોડીદોડી હાંફી ગએલા એક નવયુવાને આખરે ટ્રેનનો છેલ્લો ડબ્બો પકડી પાડયો. ડબ્બામાં બેઠેલા એક પ્રૌઢ સજ્જને કંઈક તુચ્છ નજરે એ યુવાન તરફ જોઇને કહ્યું: 'હું જ્યારે તમારી ઉંમરનો હતો ત્યારે એક માઈલ સુધી દોડીને ય ટ્રેન પકડી લેતો ને છતાંય જરાપણ ન હાંફતો.'

'અરે મુરબ્બી, તમને ખબર નહિ હોય; પણ હું આગલે સ્ટેશનેથી ટ્રેન પકડવા માટે દોડયો છું. તમે કદાચ આટલું નહિ દોડયા હો.'

પતિ: 'આટલેથી મોટર ગામમાં ખેંચી જવાના આ મજૂરો પચીસ રૂપિયા લેશે એ તો જુલમ કહેવાય.' પત્ની: 'કાંઈ વાંધો નહિ. હું એમનો બરોબર કસ કાઢીશ. મેં બ્રેક ઉપર જ પગ દાબી રાખ્યો છે.'

એક ગ્રાહકે ફર્નિચરવાળાને કહ્યું કે મેં ગઈ કાલે તમારે ત્યાંથી ખરીદેલી ખુરશી તદ્દન તકલાદી નીકળી! તુરત જ ભાંગી ગઈ.

ફર્નિચરવાળાએ વિચાર કરતાં કરતાં કહ્યું: એમ ને એમ ભાંગે નહિ કોઈ તેના પર બેઠું હશે.

'આ તમારી માએ આ પત્રમાં મારું ઘોર અપમાન કર્યું છે.' પત્નીએ પતિ પાસે ફરિયાદ કરી. પતિએ આશ્ચર્યથી પૂછ્યું: 'એવું તે તારું શું અપમાન થયું?'

'જુઓ ને! આ તમારા પર પત્ર છે. એ પત્ર મેં ફોડયો ને વાંચ્યો. એમાં અંતમાં લખ્યું છે: 'વહુ બેટા, આ પત્ર મારા દીકરાને આપવાનું ભૂલીશ નહિ હોં!'



('જનસત્તા'માં 'શિવ')

પૃથ્વી

મહાન પુરુષાર્થથી અવનિ-આભ એક કરી,
સદૈવ રટજે અવાજ ઊઠતો ઊંડા આત્મનો.

—કૃષ્ણલાલ શ્રીધરાણી—

સંત અબુ અલી શકીકે બાદશાહ હારૂન-અલ-રશીદને પૂછયું કે 'કોઈ રણની વચ્ચે તમારા પ્રાણ તરસે તરફડતા હોય ત્યાં કોઈ ઠંડા પાણીના એક પ્યાલાના બદલામાં તમારું અરધું રાજ્ય માગે તો તમે આપો?' બાદશાહે કહ્યું 'હા.'

'ને એ પીધાથી તમને એવો ભયંકર રોગ થાય કે તમારો જાન જવાની જ વાર હોય, એ વેળા કોઈ હકીમ આવીને તમને સાજા કરવાના બદલામાં બાકીનું અરધું રાજ્ય માગે તો?' બાદશાહે કહ્યું: 'તો હું તે પણ આપી દઉં.'

'તો પછી પ્યાલા પાણીના બદલામાં જે આપી દેવું પડે એવા રાજ્યનું તે અભિમાન શું?' સંતે કહ્યું. અને સંતની આ સચોટ શીખથી હારૂન-અલ-રશીદની આંખમાં આંસુ આવી ગયાં.

∞

કહેવતો: 'દલાલે દીવાળું નહિ ને મસીદે ખાતર નહિ.'—દલાલીના ધંધામાં પારકે પૈસે જ વેપાર કરવાનો હોવાથી તેમાં કદી નુકસાન જવાનો ભય હોતો નથી, અને મસ્જિદમાં કશી મિલકત કે માલસામાનને અભાવે ચોરી થવાની બીક હોતી નથી; તેમ જ્યાંજ્યાં કશું ગુમાવવાનું ન હોય એવી સલામત કે બેફિકર પરિસ્થિતિ કે વ્યક્તિ વિષે વપરાતી કહેવત. એને મળતી બીજી કહેવતો: 'નાગો નહાય શું ને નિચોવે શું?', 'બાવો ઊઠયો બગલમાં લંગોટી'; 'કેરડાનું અથાણું, એમાં કાપે શું ને કરડે શું?' વગેરે



ટિકિટકથા: કૅનેડાની હમણાં બહાર પડેલી ચાર ખાસ ટિકિટોમાંની એક. એના પર ત્યાંનાં મોટાં સરોવરો અને નદીઓમાં ફરતી સ્ટીમરોનાં ચિત્ર છે. આ ટિકિટ પર ઈ. ૧૮૪૬માં બનેલી 'પાસપોર્ટ' નામની 'સાં લૉરાં' (સેન્ટ-લૉરેન્સ) નદીમાં ફરતી એક સ્ટીમર છે. લગભગ ૭૦ વર્ષ લગી તે ફરી. દરમિયાન એ નદીના અતિ વેગીલા જળમાં પોતાનાં યંત્રો બંધ કરીને વહેણ સાથે આડાઅવળા તણાવાની રોમાંચક સહેલ વડે એ પોતાના પ્રવાસીઓને અજબ અનુભવની લહાણ આપતી રહેતી.

> जननी जन्मभूमिश्च
> जाह्नवी च जनार्दनः।
> जनक पंचमश्चैव
> जकारा पंच दुर्लभाः॥
>
> જનની, જન્મભૂમિ, જાહ્નવી (ગંગા), જનાર્દન (વિષ્ણુ-શ્રીકૃષ્ણ) અને જનક એટલે પિતા—આ પાંચ જકાર મહામુશ્કેલીથી મળે છે.



ઊંડા સાગરજળની જીવસૃષ્ટિ શાંત નથી. માછલી અને અન્ય સાગરજીવો વિચિત્ર અવાજ કરતાં હોય છે. 'હાઇડ્રોફોન' નામના યંત્રની મદદથી એ સાંભળી શકાય છે.

∞

અનેકાર્થી શબ્દ: **વાસ** = વસવાટ, મુકામ; ઘર કે સ્થાન; પોળ કે મહોલ્લો; ગંધ; દુર્ગંધ; વસ્ત્ર કે લૂગડું; અરડૂસાનું ઝાડ; નિશાની કે ચિહ્ન; શેરડીનો રસ ઉકાળતી વેળા નખાતું બળતણ; શ્રાદ્ધદિને કાગડાને નખાતું ભોજન.

∞

ગણિતગમ્મત: કોઈ પણ રકમ ધારો; તેને પાંચે ગુણો; પછી ત્રણ ઉમેરો; સરવાળાને બેએ ગુણો; ત્રણ ઉમેરો; જે આવે તેનો છેલ્લો નવડો કાઢી નાખશો તો બાકી ધારેલી સંખ્યા રહેશે.

∞

છગન: રતનનો પગ કેમ કરતાં ભાંગ્યો?
મગન: પેલા દાદરનાં પગથિયાં તેં જોયાં?
છગન: હા.
મગન: એ એણે નહોતાં જોયાં તેથી.

∞


દીવાસળી સળગાવવા માટે પેટીનાં બે પડખાં પર જે રાસાયનિક પટ્ટીઓ લગાડેલી હોય છે તે, ચામડાં પરના ડાઘ ઘસી કાઢવા માટે બહુ જ ઉચિત રીતે ખપમાં આવે છે.



પ્રાદેશિક સૈન્ય માટેના બે ચન્દ્રકો: જમણી તરફનો વચ્ચે પંચકોણ તારક ને કમળવેલવાળો ચંદ્રક રૂપાનો હોઈ તારક ઉપર સોનાનું રાષ્ટ્રચિહ્ન છે અને તેની પાછળ, વચ્ચોવચ કમળફૂલ તથા કળી-પાંદડીના સુશોભન ઉપર કમાનાકારે 'અચ્છી સેવાકે લિયે' એવા શબ્દો છે. મથાળાની રેશમની ફીતમાંની પાંચ પટ્ટી પૈકી વચલી મોટી કેસરી ને ચાર નાની બ્લુ રંગની છે. બીજા રૂપાના ચાંદમાં વચ્ચે રાષ્ટ્રચિહ્ન અને પાછળ 'અચ્છી સેવાકે લિયે' લખાણ છે.

∞

અંકસંદર્ભ—**પાંચ**: શીખ લોકોના સૂચક પાંચ 'ક'કાર—કેશ, કચ્છ, કડું, કૃપાણ (કિરપાણ) અને કંગન (કાંસકી); આધુનિક મહારાષ્ટ્રનાં પંચપ્રાણ (વિભૂતિઓ)—રાનડે, ચિપળૂણકર, આગરકર, ગોખલે, તિલક; મહારાષ્ટ્રની પંચગંગા—નદીઓ: કૃષ્ણા, વેણા, કોયના, ભીમા, ઉરમોડી.



કલાકણિકા: સીરિયામાં બનેલી અને બેઆમમાંથી મળેલી ઈસ્વી સનના આરંભની સદીઓના અરસામાં બનેલી કાચની આ શીશી હશે તો માત્ર રોજિંદા વપરાશની, પણ શૉખીનો માટે કાચ-કારીગરોએ એના પર કાચની જાળી મૂકીને શણગારી છે. મનાય છે કે રોમન વેપારીઓની સાથે એ બેઆમ સુધી પહોંચી હશે.

૨૭૫ ('કુમાર' અંક ૬૪૪)